વર્ષ : ૪૧ ◆ અંક : ૫
મે - ૨૦૧૭

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર


## 'અપૂર્વ અવસર' પદનું સર્જન



(પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી પોતાની બીમાર માતાની સેવા દરમિયાન 'અપૂર્વ અવસર' પદની રચના કરે છે.)

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થામાં પૂ. ઉપાધ્યાય ૧૦૮શ્રી અનુભવસાગરજી મહારાજના આગમન વેળાએ


## સંસ્થામાં પૂજ્યશ્રી રાકેશભાઈના આગમન વેળાએ (તા. ૧૩-૪-૨૦૧૭)






## આયંબિલની ઓળીની આરાધના કરનારા તપસ્વીઓના પારણા




# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ............ શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) જીવનનું ધ્યેય : 'સત્'ની પ્રાપ્તિનો પુરુષાર્થ ......
...................... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૬

(૩) સુખ પામવું હોય, તો સ્વરૂપને જુઓ ..........
...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ................
...................... પ્રા. ચંદાબહેન પંચાલી ... ૧૨

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન .... પૂજ્ય બહેનશ્રી .... ૧૫

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી . શ્રી અશોકભાઈ પી. શાહ ... ૧૭

(૭) શ્રાવકાચાર ................ બા.બ્ર. શ્રી સુરેશજી ... ૨૧

(૮) શ્રી ભક્તામર સ્તોત્ર ..... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૪

(૯) આત્માની પરિણામશક્તિ ... શ્રી વલભજી હીરજી ... ૨૮

(૧૦) કર વિચાર તો પામ ........................
.................. શ્રી નવનીતભાઈ પી. શાહ ... ૨૯

(૧૧) અધ્યાત્મ યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીને ભાવાંજલિ.
.......................... કુ. રીનાબેન શાહ ... ૩૧

(૧૨) શ્રાવક ધર્મ - આચરણ .......................... ૩૩

(૧૩) બાળવિભાગ ............. શ્રી મિતેશભાઈ શાહ ... ૩૪

(૧૪) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૬



**વર્ષ : ૪૧     મે, ૨૦૧૭     અંક - ૫**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839


-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે કે, "અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછુ ઓર રહા ઉન સાધનસેં ? બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ?"

જીવનમાં આવો અપૂર્વ વિચાર તો અમને આપ મળ્યા પછી જ આવ્યો ! ત્યાં સુધી તો બધું પૂર્વાનુપૂર્વ જ ચાલતું હતું. દાદા-પરદાદા, અને માતા-પિતાના પગલે પગલે અમે પણ ચાલતા હતા. શુભક્રિયાને ધર્મ સમજતા હતા, અને અમુક સદાચરણ પણ સેવતા હતા. પરંતુ આપ મળ્યા પછી જ અમારામાં વિચારણાનો ઉદ્‌ભવ થયો ! આપે અમને 'કર વિચાર તો પામ'એ અતિ મહત્ત્વનું સૂત્ર આપ્યું. અને તે પ્રત્યક્ષ સદ્‌ગુરુ વિના સમજાવું અને સફળ થવું અશક્ય છે એમ કહ્યું. અમારા જેવા જીવો પ્રત્યે આપને કરુણા ઉત્પન્ન થઈ. તન, મન અને ધનથી ગુરુદેવની આજ્ઞાનું આરાધન થાય ત્યારે જ કાર્યસિદ્ધિ થાય એવી માર્મિક વાત આપે સમજાવી.

આપ અમારા પરમ ઉપકારી છો. કયા શબ્દોથી અમે આપનો ઉપકાર માનીએ ? માત્ર આટલું કહીએ –

આપ અમારા માટે અંધકારમાં પ્રકાશ કરનાર દીપક જેવા છો. મધદરિયે દિશા બતાવનાર ધ્રુવના તારા જેવા છો. તરસી ધરતીને તૃપ્ત કરનાર મૂશળધાર વર્ષા જેવા છો. પ્યાસ બુઝવનાર મીઠામધુર ઝરણા જેવા છો. અંધકારમાં વીજળીના ચમકાર જેવા છો. વિશ્રાંતિ આપનાર વડલા જેવા છો. અમારું અજ્ઞાન હરનાર જ્ઞાનદિવાકર છો. હે પ્રભુ ! આપના માટે કહેવાનું મન થાય છે –

"એક ચંદનનો ટુકડો ઘસાઈ ગયો, અનેરી ઠંડક આપી ગયો,
એક પૂર્ણચંદ્ર વિકસી ગયો, સૌના દિલમાં વસી ગયો;
એક કપૂરનો ટુકડો જલી ગયો, મંગલદીવો બની ગયો,
પ્રભુ ! પરમકૃપાળુ થઈ ગયા, પરમકૃપાળુ થઈ ગયા."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ


## શ્રીમદ્ રાજચંદ્રજી

**પત્રાંક - ૬૭૪**

**મુંબઈ ફા. વદ ૩, સોમ, ૧૯૫૨**

**ૐ સદ્‌ગુરુપ્રસાદ**

### દેહધારી છતાં નિરાવરણજ્ઞાન-સહિત વર્તે છે એવા મહાપુરુષોને ત્રિકાળ નમસ્કાર



આત્માર્થી શ્રી સોભાગ પ્રત્યે, શ્રી સાયલા.

સર્વ કષાયનો અભાવ, દેહધારી છતાં પરમજ્ઞાનીપુરુષને વિષે બને, એ પ્રકારે અમે લખ્યું તે પ્રસંગમાં 'અભાવ' શબ્દનો અર્થ 'ક્ષય' ગણીને લખ્યો છે.

જગતવાસી જીવને રાગદ્વેષ ગયાની ખબર પડે નહીં, બાકી જે મોટા પુરુષ છે તે જાણે છે કે આ મહાત્માપુરુષને વિષે રાગદ્વેષનો અભાવ કે ઉપશમ વર્તે છે, એમ લખી આપે શંકા કરી કે જેમ મહાત્માપુરુષને જ્ઞાનીપુરુષો અથવા દઢ મુમુક્ષુ જીવો જાણે છે, તેમ જગતના જીવો શા માટે ન જાણે ? મનુષ્યાદિ પ્રાણીને જેમ જોઈને જગતવાસી જીવો જાણે છે કે આ મનુષ્યાદિ છે, અને મહાત્માપુરુષો પણ જાણે છે કે આ મનુષ્યાદિ છે, એ પદાર્થો જોવાથી બેયનું જાણવું સરખું વર્તે છે, અને આમાં ભેદ વર્તે છે, તેવો ભેદ થવાનાં કયાં કારણો મુખ્યપણે વિચારવા યોગ્ય છે ? એ પ્રકારે લખ્યું તેનું સમાધાન :

મનુષ્યાદિને જગતવાસી જીવો જાણે છે, તે દૈહિક સ્વરૂપથી તથા દૈહિક ચેષ્ટાથી જાણે છે. એકબીજાની મુદ્રામાં તથા આકારમાં, ઇંદ્રિયોમાં જે ભેદ છે, તે ચક્ષુ આદિ ઇંદ્રિયોથી જગતવાસી જીવ જાણી શકે છે, અને કેટલાક તે જીવોના અભિપ્રાય પણ અનુમાન પરથી જગતવાસી જીવ જાણી શકે છે; કેમકે તે તેના અનુભવનો વિષય છે; પણ જ્ઞાનદશા અથવા વીતરાગદશા છે તે મુખ્યપણે દૈહિક સ્વરૂપ તથા દૈહિક ચેષ્ટાનો વિષય નથી, અંતરાત્મગુણ છે, અને અંતરાત્મપણું બાહ્ય જીવોના અનુભવનો વિષય ન હોવાથી, તેમજ તથારૂપ અનુમાન પણ પ્રવર્તે એવા જગતવાસી જીવોને ઘણું કરીને સંસ્કાર નહીં હોવાથી જ્ઞાની કે વીતરાગને તે ઓળખી શકતા નથી. કોઈક જીવ સત્સમાગમના યોગથી, સહજ શુભકર્મના ઉદયથી, તથારૂપ કંઈ સંસ્કાર પામીને જ્ઞાની કે વીતરાગને યથાશક્તિ ઓળખી શકે; તથાપિ ખરેખરું ઓળખાણ તો દઢ મુમુક્ષુતા પ્રગટ્યે, તથારૂપ સત્સમાગમથી પ્રાપ્ત થયેલ ઉપદેશને અવધારણ કર્યે, અંતરાત્મવૃત્તિ પરિણમ્યે, જીવ જ્ઞાની કે વીતરાગને ઓળખી શકે. જગતવાસી એટલે જગતદૃષ્ટિ જીવો છે, તેની દૃષ્ટિએ ખરેખરું જ્ઞાની કે વીતરાગનું ઓળખાણ ક્યાંથી થાય ? અંધકારને વિષે પડેલા પદાર્થને મનુષ્યચક્ષુ દેખી શકે નહીં, તેમ દેહને વિષે રહ્યા એવા જ્ઞાની કે વીતરાગને જગતદૃષ્ટિ જીવ ઓળખી શકે નહીં. જેમ અંધકારને વિષે પડેલો પદાર્થ મનુષ્યચક્ષુથી જોવાને બીજા કોઈ પ્રકાશની અપેક્ષા રહે છે; તેમ જગતદૃષ્ટિ જીવોને જ્ઞાની કે વીતરાગના ઓળખાણ માટે વિશેષ શુભસંસ્કાર અને સત્સમાગમની અપેક્ષા યોગ્ય છે. જો તે યોગ પ્રાપ્ત ન હોય તો જેમ અંધકારમાં પડેલો પદાર્થ અને અંધકાર એ બેય એકાકાર ભાસે છે, ભેદ ભાસતો નથી, તેમ તથારૂપ યોગ વિના જ્ઞાની કે વીતરાગ અને અન્ય સંસારી જીવોનું એક આકારપણું ભાસે છે; દેહાદિ ચેષ્ટાથી ઘણું કરીને ભેદ ભાસતો નથી.

જે દેહધારી સર્વ અજ્ઞાન અને સર્વ કષાય રહિત થયા છે, તે દેહધારી મહાત્માને ત્રિકાળ પરમભક્તિથી નમસ્કાર હો ! નમસ્કાર હો ! ! તે મહાત્મા વર્તે છે તે દેહને, ભૂમિને, ઘરને, માર્ગને, આસનાદિ સર્વને નમસ્કાર હો ! નમસ્કાર હો !

શ્રી ડુંગર આદિ સર્વ મુમુક્ષુજનને યથાયોગ્ય.

# જીવનનું ધ્યેય : 'સત્'ની પ્રાપ્તિનો પુરુષાર્થ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



જીવ માત્રનું ધ્યેય શાશ્વત અનંત આનંદની પ્રાપ્તિ કરવી તે છે. વિશ્વના સમસ્ત જીવોને શાશ્વત આનંદ પ્રાપ્ત કરવો છે. કોઈ પણ જીવને દુઃખ ગમતું નથી. કીડી પણ ઘાસતેલ કે રખિયા નાખતાં ભાગી જાય છે. તે પણ સુખને ઇચ્છે છે. જીવનો મૂળ સ્વભાવ શાશ્વત આનંદ હોવાથી દરેક જીવ બુદ્ધિપૂર્વક કે અબુદ્ધિપૂર્વક શાશ્વત આનંદ ઇચ્છે છે. બીજાની સેવા કરવાથી આપણને સુખ ઊપજતું હોવાથી આપણે તેમ કરીએ છીએ. અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનના જીવનનો પ્રસંગ છે. તેઓ એક વાર ઘોડાગાડીમાં બેસી પાર્લામેન્ટમાં હાજરી આપવા જતા હતા. રસ્તામાં કાદવમાં તેમણે ડુક્કર ખૂંચેલું જોયું. તેઓએ નીચે ઊતરી તેને બહાર કાઢ્યું. એટલે કાદવવાળાં કપડાં થઈ ગયાં. સમય થઈ ગયો હતો એટલે તેવાં જ કપડે પાર્લામેન્ટમાં ગયા. બધાએ આ અંગે પૂછ્યું, ત્યારે તેઓએ જવાબ આપ્યો કે મારાથી ડુક્કરનું દુઃખ જોઈ શકાતું નહોતું. એટલે મારા સંતોષ માટે, મારી શાંતિ માટે મેં તેને કાદવમાંથી બહાર કાઢ્યું. એટલે કપડાં ગંદાં થઈ ગયાં. ટૂંકમાં બીજાને સુખી કરીને આપણને સંતોષ થાય છે. માટે આપણે તેમ કરીએ છીએ.

શાશ્વત આનંદ આ વિશ્વમાં છે. અનંત જ્ઞાની પુરુષોએ તેને પૂર્વે પ્રાપ્ત કર્યો છે, વર્તમાનમાં પણ યથાશક્તિ પ્રાપ્ત કરે છે અને ભાવિમાં પણ પ્રાપ્ત કરવાના છે. મહાપુરુષોએ એવી કોઈ શોધ કરેલી છે કે જેથી એવો આનંદ મળે કે કોઈ દિવસ કોઈ પણ પ્રકારનું દુઃખ ન આવે. શરીરનું છૂટવું તે મરણ કહેવાય છે. શરીર તો ભાડાનું ઘર છે. આયુષ્ય પૂરું થાય એટલે મહાવીર હોય, રામ હોય કે કોઈ પણ હોય તેમને દેહ છોડવો પડે. પરંતુ તે મહાપુરુષો તો સિદ્ધલોકમાં ચાલ્યા ગયા છે અને અનંતકાળ સુધી અનંત, શાશ્વત આનંદનો અનુભવ કરશે. જીવનનું ધ્યેય શાશ્વત આનંદની પ્રાપ્તિ કરવી તે છે અને તે આનંદ કોઈ પણ જગ્યાએ, કોઈ પણ વસ્તુમાં છે નહિ, મારો આનંદ મારા જ અંતરની અંદર છે. એને ભગવાન આત્મતત્ત્વ કહે છે. તેને પ્રાપ્ત કરવા માટે ઉદ્યમ કરવો તે વિવેકી પુરુષનું કર્તવ્ય છે.

હવે, વ્યવહાર દૃષ્ટિ પર આવીએ. આવો વિવેક, આવું પરાક્રમ કરોડોમાં એકાદ જ કરી શકે છે. જેમ તમારી દુનિયામાં સાચા હીરાની દુકાન કેટલી ? બહુ જ ઓછી અને શાકભાજીની ? કાપડની ? ઘણીબધી. જેમ જગતના બધા જીવો હીરાનો વેપાર કરે એવું કદી બનવાનું નથી, એમ જગતના બધાય જીવો શાશ્વત આનંદને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કોઈ દિવસ કરવાના નથી, કારણ કે એટલી તેમની યોગ્યતા નથી. શક્તિ અપેક્ષાએ લાયકાત છે, પણ અત્યારે તેમની યોગ્યતા નથી.

"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા, જિનદશા, નિમિત્ત કારણમાંય."

સામાન્ય માણસ માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – આ ચાર પુરુષાર્થ છે. ધર્મ એટલે સત્યનો સ્વીકાર, સત્યની શ્રદ્ધા, સત્યનું આચરણ. અર્થ એટલે આપણને આજીવિકા પ્રાપ્ત કરવી પડે તે, કામનો સામાન્ય અર્થ ઇચ્છા છે. હું મરી જઈશ પછી આ બધું મારાં છોકરાંઓ ભોગવશે વગેરે

ઈચ્છાઓ એનું નામ કામ. અજ્ઞાની જીવ માને છે કે અમારે તો સાહ્યબી છે અને સાત પેઢી સુધી ખૂટવાનું નથી. પણ, દરેક જીવ પોતાના પુણ્ય પ્રમાણે પામે છે. કીડીને કણ અને હાથીને મણ મળી રહે છે. 'દાને દાને પે લિખા હુઆ હૈ, ખાનેવાલે કા નામ.'

ભક્તકવિ નરસિંહ મહેતાએ ગાયું છે :

''નીપજે નરથી તો કોઈ ના રહે દુઃખી,
શત્રુ મારીને સૌ મિત્ર રાખે,
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહિ,
ભવન પર ભવન પર છત્ર દાખે;
હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે.''

અજ્ઞાની જીવ કેવળ પૈસા ભેગા કરવામાં અને વિષયો ભોગવવામાં સુખ માને છે. ખાવા-પીવા, હરવા-ફરવામાં તે સુખને શોધે છે, પણ ભગવાન અને જ્ઞાનીપુરુષો કહે છે કે :

''લક્ષ્મી અને અધિકાર વધતાં,
શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું,
એ નય ગ્રહો ?
વધવાપણું સંસારનું;
નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો !
એક પળ તમને હવો !!!''

જીવનમાં બધુંય છે, પણ શાંતિ નથી. એક ઘડી પણ નિરાંતે બેસી શકે નહિ. એક સેકન્ડ પણ એને શાંતિ નથી. જીવન હારી ગયો પ્રભુ ! ''સ્યાત્પદ આ વાત પણ માન્ય છે કે બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી, તો પછી ધર્મપ્રયત્નમાં આત્મિક હિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો ?'' ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ દ્વારા જે શાશ્વત આનંદની પ્રાપ્તિ થાય તેને મોક્ષ કહેવામાં આવે છે. એની પ્રાપ્તિનો ઉપાય થિયોરીટીકલી તો તમને ખબર છે :- સાચું (યથાર્થ) જ્ઞાન, સાચી શ્રદ્ધા અને સાચું આચરણ. પણ, આપણે સાદી ભાષામાં વિચારવું છે. આપણને શાંતિ કેવી રીતે મળે તે વિચારવું છે. તે માટે સત્સંગ, સદ્‌બોધ, સદ્‌વિચાર, સત્શાસ્ત્ર, સત્સંકલ્પ અને સદાચારનો આધાર લેવો.

**સત્સંગ :** જેમના જીવનમાં 'સત્' પ્રગટ્યું છે તેવી વ્યક્તિઓ, મનુષ્યોનો આપણે વારંવાર સમાગમ કરવો અને તેમની પાસેથી આપણે તેમની દિવ્ય અનુભવવાણી સાંભળવી. પછી તેને અંતરમાં સમજવી, તેનો અર્થ સમજવો.

**સદ્‌બોધ :** જ્ઞાનીપુરુષની વાણી સાંભળીને, તેમના બોધને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો જોઈએ.

**સદ્‌વિચાર :** આપણે આપણા જીવનમાં હંમેશાં સારા વિચાર કરવાં. કોઈનું મનથી બૂરું ઈચ્છવું નહિ. 'આ માણસ મરી જાય તો સારું.', 'આને અકસ્માત થયો તે સારું થયું', 'આનું ઘર બળી જાય તો સારું' વગેરે બૂરા વિચારો કરવાથી આપણો આધ્યાત્મિક વિકાસ અટકી જાય છે. માટે હંમેશાં સારા વિચારો કરવાં.

**સત્શાસ્ત્ર :** આપણે દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ રૂડાં જ્ઞાની-સંતપુરુષોની અનુભવવાણી વાંચવી તેમ જ લખવી.

**સત્સંકલ્પ :** સંકલ્પ એટલે નિયમ. આ દ્વારા સત્‌ની અનુભૂતિ થાય તો શાશ્વત શાંતિ મળે, પણ એ 'સત્‌ની અનુભૂતિ સુધી ન પહોંચે ત્યાં સુધી સાત્ત્વિક આનંદ મળે. આ માટે નિયમ લેવા પડે. 'નેમ વિના ન સધે પરમારથ'. ભક્તિ, સ્વાધ્યાય, સત્સંગ, સદ્‌વાંચન કરવાના નિયમ લેવા જોઈએ, નહિ તો વ્યવહારિક કાર્યોમાં ભક્તિ આદિ ધાર્મિક સત્ક્રિયાઓ કરવાનો સમય ન મળે.

**સદાચાર :** સદાચાર એટલે રૂડું આચરણ. સદાચાર એટલે સત્યના મારગે ચાલવું, જે સત્ય હોય – કોઈ પણ જીવનના ક્ષેત્રમાં – એને અનુસાર આપણા જીવનનું વર્તન કરવું.

**ઉપસંહાર :** દરરોજ પરમાત્મા, સદ્‌ગુરુની ભાવપૂર્વક ઓછામાં ઓછી ૧૫ મિનિટ ભક્તિ તથા દર્શન કરવા જોઈએ. માત્ર બોલવનું નહિ, પણ ભાવપૂર્વક ભક્તિ આદિ કરવાં –

"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન,
ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન."

'જેવા ભાવ તેવા ભવ.' વર્ષમાં ઓછામાં ઓછું ૧૫ દિવસ સત્સંગ માટે ઘરની બહાર નીકળી જવું. ૭ દિવસ ઉનાળુ વૅકેશનમાં અને ૭ દિવસ દિવાળી વૅકેશનમાં. કમાણી ઓછી થાય તો વાંધો નહિ. લાખો રૂપિયા છે તેમાં બે-પાંચ લાખ રૂપિયા ન કમાયા તોય શું ? પણ લોભ ઘટતો નથી. લોભને ભગવાન નરકનું દ્વાર કહે છે.

નરસિંહ મહેતાએ ગાયું છે :

"વણલોભી ને કપટ રહિત છે,
કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં,
કુળ ઈકોતેર તાર્યા રે."

માટે કોઈ પણ ઉપાયે સત્સંગ કરવો. 'There is not to question why, there is but to do or die.' આપણે એમ માનીએ છીએ કે ઉપાશ્રયમાં જઈ આવ્યાં, આત્મસિદ્ધિ બોલી લીધી, એટલે ધર્મ થઈ ગયો. પણ એવું નથી. કૃપાળુદેવ કહે છે :

"ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહિ નિજ રૂપનું, તે નિશ્ચય નહિ સાર."

આમ, સૌ પ્રથમ જીવનનું ધ્યેય શું હોવું જોઈએ તે જ્ઞાનીપુરુષ પાસેથી જાણવું જોઈએ, તે જ આપણા જીવનનું ધ્યેય બને એવો દૃઢ સંકલ્પ કરવો જોઈએ અને તે સંકલ્પને મૂર્તિમંત કરવા માટે પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ. તો અવશ્ય આપણને કલ્યાણ અને કલ્યાણ પરંપરાની પ્રાપ્તિ થશે, શાશ્વત અનંત આનંદની પ્રાપ્તિ થશે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૪ પરથી ચાલુ...)**

ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ ? જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્‌ગલને પહોંચાડે છે. જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ. તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે. તો પછી તને ડર શાનો ? સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર. ભય છોડી દે.

મૂઢ વિશ્વાસ રાખે તે, વસ્તુથી વધુ ભીતિ ક્યાં ?
ડરે જેથી વધુ ના કો, અભય સ્થાન આત્માના.

**- પૂ. બ્રહ્મચારીજી**

મૂઢ જહીં વિશ્વસ્ત છે, તત્સમ નહિ ભયસ્થાન;
જેથી ડરે તેના સમું, કોઈ ન નિર્ભય ધામ.

**- શ્રી છોટાલાલભાઈ ગાંધી**

नादान, दीन, मतिहीन, स्वबोध-हीन,
विश्वास धार जड़ में सुखमान लीन ।
है मान्यता यह अतः वह दुःख धाम,
तो आत्म-ध्यान धर है, सुख का ललाम ॥

**– પૂ. આચાર્ય વિદ્યાસાગરજી મહારાજ**

**(ક્રમશઃ)**

• • •

**સુવિચાર**

- **માણસનું મોટામાં મોટું બળ શુભ સંકલ્પ છે.**
- **સદ્‌ગુરુના સંપર્કમાં આવનારના પાપ, તાપ અને સંતાપ દૂર થાય છે.**

પરમનો સ્પર્શ - ૮૭

# સુખ પામવું હોય, તો સ્વરૂપને જુઓ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

કોઈ વિશાળ બંગલામાં વૈભવશાળી જીવન જીવનારને પૂછો કે એને મળેલી આ અપાર સુખ-સુવિધાથી પૂર્ણ સુખનો અનુભવ કરે છે ખરા ? બે પ્રકારે એના ઉત્તર મળશે. પહેલાં તો એ કહેશે કે સઘળું સુખ છે, છતાં આ ઉદ્દંડ પુત્ર માથાના દુઃખાવા જેવો છે. વળી, એ કહેશે કે મનમાં આનંદ ઉદ્ભવતો નથી, કારણ કે નજર સમક્ષ સતત મને મારો પ્રતિસ્પર્ધી દેખાય છે. બીજું બધું ભૂલીને એને વ્યાપાર કે ઉદ્યોગમાં કઈ રીતે પાછો પાડી દેવો, એની રાત-દિવસ ફિકર રહે છે. ક્યારેક આવો ધનકુબેર એમ પણ કહેશે કે કુટુંબના સુખ અને આનંદ જેવા ગરીબાઈમાં માણ્યા હતા, તેવા સઘળું હોવા છતાં આ શ્રીમંતાઈમાં મળતા નથી !

કોઈ મધ્યમ વર્ગની વ્યક્તિને પૂછશો, તો એ કહેશે કે જીવનમાં થોડું ઘણું મળ્યું છે, પરંતુ પૂરું સુખ મળ્યું નથી. સ્કૂટર છે, પરંતુ એની મજા નથી, કારણ કે મોટરનો અભાવ સતત ખટકે છે. મનને એમ લાગે છે કે મોટર મળી જાય તો ખરું સુખ મળે.

કોઈ ગરીબને પૂછશો તો એ કહેશે કે આ ગરીબાઈ એ તો દુઃખનો શાપ લઈને આવતી હોય છે. ગરીબાઈને કારણે જીવવાનું પણ મુશ્કેલ બન્યું છે, ત્યાં વળી સુખની વાત શી ? કોઈ વિચારક, સાહિત્યકાર, નેતા, લોકસેવકને તમે પૂછશો તો એ પણ અંતે તો તમને કહેશે કે જીવનમાં સુખ મેળવવા માટે રાત-દિવસ મહેનત કરી, પરંતુ હજી સુખ હાથ લાગ્યું નથી. દરેક વ્યક્તિ એમ માને છે કે પોતે અત્યંત દુઃખી છે અને સામેની વ્યક્તિ સુખી છે. અન્ય વ્યક્તિ પણ એ જ રીતે વિચારે છે કે પોતે અત્યંત દુઃખી છે અને સામેની વ્યક્તિ અત્યંત સુખી છે. દરેકને સુખની ઝંખના છે, પરંતુ એમની એ ઝંખના મૃગજળ જેવી બની ગઈ હોય, તેમ લાગે છે.

કોઈ વ્યક્તિ સુખ પ્રાપ્ત કરવા માટે સંતનું શરણ શોધે છે, તો કોઈ વ્યક્તિ જ્યોતિષના રવાડે ચઢી જાય છે. કોઈ સુખની પ્રાપ્તિની પાછળ એવા ઘેલાં બની જાય છે કે એમની પાસે પર્યાપ્ત સંપત્તિ હોવા છતાં કૌભાંડો કરી વધુ સંપત્તિ મેળવવા માટે આંધળી દોટ લગાવે છે અને તેનો અંત જેલના સળીયા પાછળ લાંબી સજારૂપે ભોગવે છે.

બીજી બાજુ વિચારીએ તો સંતોના જીવનમાં સુખનો કેવો સાગર ઉછળતો હોય છે ! એમની પાસે દુઃખ પણ સુખમાં ફેરવાઈ જતું હોય છે. એમને આવતી ઉપાધિ પણ સમાધિમાં પરિવર્તિત થઈ જતી હોય છે. એ ક્યારેય અભાવને કારણે આંસુ સારતા નથી, બલ્કે અભાવને સમૃદ્ધિમાં પલટી નાખે છે.

આનો અર્થ જ એ છે કે મોટાભાગની વ્યક્તિઓને ખ્યાલ જ નથી કે સુખ કોને કહેવાય અને તેમ છતાં એ સુખની પાછળ આંધળી દોટ લગાવે છે. ક્યાં પહોંચવું છે એ ખબર નથી અને છતાં એ પ્રવાસ ખેડે રાખે છે. પરિણામે એના જીવન પર સુખ વિશેની કેટલીય રંગબેરંગી કલ્પનાઓ છવાઈ જાય છે. આ કલ્પનાઓ સતત એના મનને ગલગલિયાં કરાવે છે અને એનું મન ગલગલિયામાં પણ આનંદ માને છે. એ વિચાર કરે છે કે આટલું ધન મળશે પછી મારા જેવો બીજો કોઈ સુખી નહીં હોય. આટલી સત્તા મેળવી લઉં પછી મારા જેવો પ્રભાવશાળી નેતા બીજો કોઈ નહીં હોય.

એ વિચારશે કે એક વિરાટ બંગલો બંધાવી

દઉં કે અદ્યતન મોટર ખરીદી લઉં અને પછી બસ જલસા જ જલસા ! બને છે એવું કે એની દોડ કદી થંભતી જ નથી, કારણ કે એક લાલસામાંથી બીજી લાલસા જાગે છે. એની ઉદ્દીપ્ત તૃષ્ણામાંથી લોભ જાગે છે અને લોભમાંથી તૃષ્ણા જાગે છે. ગરીબ વિચારે છે કે ખરું સુખ વૈભવશાળી, ગગનચુંબી, આખા જગતમાં એક એવા કિંમતી મકાનમાં રહેનાર પાસે છે અને એ મકાનમાં રહેનારને સુખ કરતાં એ ચિંતા સતાવે છે કે કોઈ પોતાનાથી વધુ માળવાળું ગગનચુંબી મકાન બંધાવશે, તો એના 'ભવ્ય' મકાનનો 'મહિમા' અને 'ગૌરવ' બંને નષ્ટ થઈ જશે.

દરેક વ્યક્તિના સુખની કલ્પના ભિન્ન ભિન્ન હોય છે, પરંતુ એટલું તો નિશ્ચિત કે એ પોતે જે અવસ્થામાં હોય છે તે અવસ્થામાં એને સુખ દેખાતું નથી, બલ્કે પોતાની એ અવસ્થાથી અત્યંત દુઃખી અને વ્યથિત થઈને એ બહાર સુખ માટે દોડતો હોય છે. એને માટે સુખ એ એના જીવનની આવશ્યકતા નથી, પરંતુ એની અમર્યાદિત ઇચ્છાઓ છે. માણસના જીવનની આવશ્યકતાઓ તો સીમિત અને મર્યાદિત હોય છે. એને એક દિવસમાં પહેરવાં માટે કેટલાં વસ્ત્રો જોઈએ ? એ કેટલું ખાઈ શકે ? પરંતુ પોતાની જરૂરિયાતની પૂર્તિ થાય એટલાથી એને સંતોષ નથી. જો માનવી પોતાની જરૂરિયાતો મેળવીને સંતોષ પામે, તો આ જગતમાંથી ભૂખમરો અને ગરીબાઈ દૂર થઈ જાય. હકીકતમાં તો એવું બને છે કે એની જરૂરિયાતો અને તેની પ્રાપ્તિની ઇચ્છા વચ્ચે કોઈ સંબંધ હોતો નથી. એના જીવન પર માત્ર ઇચ્છાઓનું પ્રભુત્વ રહે છે અને તેને પરિણામે બાહ્ય જગતમાં દેખાતી ભવ્ય ચીજવસ્તુઓ તરફ અપલક નજર માંડીને જીવતો હોય છે. આથી જ ભગવાન મહાવીરે કહ્યું છે કે 'ઇચ્છાઓ તો આકાશ જેવી અનંત છે.' એનો કોઈ છેડો હોતો નથી.

આવી ઇચ્છાઓની પૂર્ણતા માટે દોડતો માણસ વિચારે છે કે, જગતમાં ખરું સુખ તો પેલી વૈભવશાળી કાર ધરાવનાર પાસે છે, પરંતુ જો એ ખરેખર વૈભવશાળી કાર ધરાવનારને જઈને પૂછે કે તમે પૂર્ણ સુખનો અનુભવ કરો છો ? તો એને સાચી વાતની જાણકારી મળે. વૈભવશાળી કાર ધરાવનારાના માથે પણ કેટલીય ચિંતાઓ અને દુઃખોનો બોજ હોય છે. આનો અર્થ જ એ કે બહારની વસ્તુઓમાં સુખનો વાસ નથી.

સુખનું નિવાસસ્થાન તો વ્યક્તિનું ભીતર છે. સાચો આનંદ અને સાચું સુખ ક્યાં વસે છે એ વિશે ઉપનિષદ કહે છે કે, 'આનંદ જ બ્રહ્મ છે. આનંદ જ સાચું જ્ઞાન છે. આનંદથી જ બધાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને આનંદમાં જ સમાઈ જાય છે.'

આ આનંદરૂપી બ્રહ્મ આપણા અંતરમાં છે. એ જ પૂર્ણ સુખ છે, પરંતુ માણસ દૂર દૂર આવેલી ભૌતિક વસ્તુઓમાં સુખ જુએ છે કે જેનો આરંભ, મધ્ય કે અંત દુઃખમય છે. ક્યારેક વ્યક્તિએ નિરાંતે પોતાની જાતને સવાલ કરવો જોઈએ કે આજ સુધી જે સુખને માટે મેં રાત-દિવસ ઉજાગરા કર્યા, એ સુખ છે ખરું કે પછી એમાંથી સુખ મળશે એવી મારી માત્ર કલ્પના કે ભ્રાંતિ છે ?

સ્વામી રામતીર્થે કહ્યું કે દુનિયાના સુખો તો નિર્જીવ શબ જેવા છે અને મહાત્મા ગાંધીજીએ કહ્યું કે સાચું સુખ બહારથી નહીં, પરંતુ ભીતરથી મળે છે. પરંતુ સુખપ્રાપ્તિ માટેનું આપણું મુખ બહારની બાજુએ છે. એના દ્વાર આપણી ઇન્દ્રિયોની લોલુપતા છે. સુખ વિષે આપણા ચિત્તે કરેલી મનોમોહક અને આકર્ષક કલ્પનાઓ છે. એને માટે આપણે રાત્રે જ નહિ, પણ દિવસે પણ એ પામવાનાં સ્વપ્ન જોયાં છે.

કોઈ કામી વ્યક્તિને કોઈ સુંદરી પ્રાપ્ત થવાની હોય, ત્યારે ચિત્તમાં વાસનાનો જેવો સળવળાટ હોય છે, તેવો સળવળાટ બાહ્ય જગતની વસ્તુઓ વિશે સેવ્યો હોય છે. એની પાછળ તમે જીવન બરબાદ કર્યું નથી ? એ સૌંદર્ય સુખને મેળવવા માટે કે વાસનાની પરિતૃપ્તિ માટે કેટલીય સંપત્તિનો વ્યય કરતાં હો છો. એને પામવા માટે તમે કેટલો બધો સમય આપ્યો હોય છે. પણ હકીકત એ છે કે તમે જેને માટે આટલી શક્તિ વેડફી, જેને માટે આટલાં પ્રપંચો રચ્યાં, જેની પાછળ આટલાં બધાં વર્ષો ખર્ચ્યાં, છતાંય સુખ મળ્યું નથી. તો મૂળભૂત સવાલ તો એ આવે કે તમારી બહારના સુખ વિશેની ધારણા ખોટી હતી, તો પછી એવા સુખની પ્રાપ્તિથી છેડો કેમ ફાડી દેતાં નથી ? સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે

विषयानुप्रमुज्जानैः सुध-प्राप्तिधिया नरैः ।

सुखस्य कारणं स्वान्तम् इत्येतवधार्यताम् ॥

"મનુષ્ય સુખપ્રાપ્તિ મળશે, એવો વિચાર કરીને વિષયોનો ઉપભોગ કરે છે, પણ એણે સમજી લેવું જોઈએ કે સુખનું કારણ મન જ છે."

આવી મનની કલ્પનાઓ પાછળ મૂલ્યવાન જીવન વેડફી દેવાનો અર્થ શો ?

ઇન્દ્રિયની લાલસાઓ, ભોગવિલાસની ઇચ્છા, જીવનની અતૃપ્તિ વગેરેને કારણે માણસનું મન બહારના જગતમાં સુખ પામવા માટે ભટકે છે. એણે માની લીધું છે કે બાહ્ય વસ્તુમાં પરમ સુખ છે, પછી એ એની કલ્પનાઓમાં રાચવા લાગે છે અને પરિણામ એ આવે છે કે એના ભીતરમાં રહેલા 'આતમરામના આનંદ'નો એને ખ્યાલ આવતો નથી અને તેની દૃષ્ટિ ભીતર ભણી વળતી નથી.

બહારની દુનિયામાં દોડનારને એના અંતરની દુનિયાનો કોઈ અણસાર હોતો નથી. આથી જ જ્ઞાની પુરુષો કહે છે કે 'પર'ને છોડો અને 'સ્વ' તરફ ગતિ કરો. જો 'પર' દૂર થશે તો જ 'સ્વ'ની ઓળખ મળશે. જ્યાં સુધી વ્યક્તિનું ચિત્ત બહાર ભટકતું રહેશે, ત્યાં સુધી એને પોતાના આત્માની ઓળખ નહીં થાય. એની સમજ નહીં આવે. એનો કોઈ અનુભવ પ્રાપ્ત નહીં થાય. આત્મા વિશે કોઈ વેદન-સ્વસંવેદન નહીં જાગે. જ્યારે અંતરના સુખને મેળવવા માટે આપણે આત્મા ભણી દૃષ્ટિ કરવી જરૂરી છે.

આત્મા ભણી દૃષ્ટિ કરતાં જ જગત આખું બદલાઈ જશે. અંતર્મુખ થતાં જ આંતરખોજનો પ્રારંભ થશે અને આંતરખોજનો પ્રારંભ થતાં આત્મસંપત્તિની ઓળખ મળશે. આવી આત્મ સંપત્તિની ઓળખ પામતા ધીરે ધીરે તૃપ્તિનો અનુભવ થશે અને સમજાશે કે પહેલાં બહારના જગતમાં ગમે તેટલું પ્રાપ્ત કરવા છતાં હૃદયમાં સુખાનુભવ થતો નહોતો, બલ્કે બહારના જગતમાં તૃષ્ણામાં જેમ અગ્નિમાં ઘી રેડાય, તેમ ઘી રેડાતું હતું અને તૃષ્ણાઓ વધુ ને વધુ બળવત્તર બનતી હતી. આમ, ભીતરની ઓળખ સાંપડતાં ખ્યાલ આવ્યો કે જો સુખ પામવું હોય તો સ્વરૂપને જોવું જોઈએ. સ્વરૂપ ભણી વળવું જોઈએ.

■ ■ ■

## गुरु माहात्म्य

**– रचयिता : बा. ब्र. अलकाबहन**

गुरुनाम की चलती नाव, जगत उद्धार करे
करे भव से बेडा पार, बडा उपकार करे,
गुरु कृपा की है बलिहारी (२)

गुरु बचन सुधारस खान, करावे अमृतरस का पान
मिटावे भव भव का अज्ञान, बडा उपकार...
गुण सत्संग तीर्थ प्रमाण, करे मन निर्मल नीर समान
घटावे अवगुण विषय विकार, बडा उपकार...
गुरु आश्रय शाश्वतधाम, करावे निजपद में विश्राम
तिरावे भवजल खार अपार, बड़ा उपकार करे....
गुरु कृपा की है बलिहारी (२)

### શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

### (ક્રમાંક - ૪૯)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સિદ્ધ લઘુનંદનને વંદન. આત્મસ્થૈર્ય દશા-પ્રાપ્તને નમન અને સમભાવના અર્જકને અર્ચન એવા પરમકૃપાળુદેવની પત્રાંક-૮૧૩ની અમૃત વાક્ધારા છે, "ઉપરની ભૂમિકાઓમાં પણ અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વાસનાનું સંક્રમણ થઈ આવે છે, અને આત્માને વારંવાર આકુળ વ્યાકુળ કરી દે છે; વારંવાર એમ થયા કરે છે કે હવે ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થવી દુર્લભ જ છે અને વર્તમાન ભૂમિકામાં સ્થિતિ પણ ફરી થવી દુર્લભ છે. એવા અસંખ્ય અંતરાયપરિણામ ઉપરની ભૂમિકામાં પણ બને છે, તો પછી શુભેચ્છાદિ ભૂમિકાએ તેમ બને એ કંઈ આશ્ચર્યકારક નથી. તેવા અંતરાયથી ખેદ નહીં પામતાં આત્માર્થી જીવે પુરુષાર્થદૃષ્ટિ કરવી અને શૂરવીરપણું રાખવું, હિતકારી દ્રવ્ય ક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું, સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું, અને મનના દુરાત્મ્યપણાથી આકુળ-વ્યાકુળતા નહીં પામતાં ધૈર્યથી સદ્વિચારપંથે જવાનો ઉદ્યમ કરતાં જય થઈ ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે." આ ચૈતન્યવાણી ખંભાતના રાજરત્ન શ્રી અંબાલાલભાઈને લખી છે. સાધક કમરે ભેટ બાંધીને આત્માર્થે શૂરવીરતા ગ્રહી લે એવી અપૂર્વતા આ શબ્દાવલીમાં છે. જે સાધક પ્રયોગધારામાં ચાલતો હોય તેને માટે ઉત્તમ ઔષધ જેવી છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય 'સમાધિતંત્ર'માં દિવસે ધ્રુવતારકનું દર્શન કરાવે એવી સાનંદાશ્ચર્યસભર દેશના આપે છે. આ ગ્રંથના ઓગણત્રીસ શ્લોકના પૂર્વાર્ધનો આપણે અભ્યાસ કર્યો કે અજ્ઞાની બહિરાત્મા શરીર-પત્ની-પુત્ર-મિત્ર પરિવાર-પદાર્થોમાં વિશ્વાસ કરે છે. તે બાહ્ય પદાર્થો ભયના સ્થાન છે છતાં તે પદાર્થોમાં ભયસ્થાન લાગતું નથી, એટલું જ નહિ પણ જ્ઞાન સ્વરૂપ પરમાત્માથી તે ભય પામે છે. ખરેખર પરમાત્મ સ્વરૂપ નિજાત્મા નિર્ભયસ્થાન છે, અન્ય કોઈ નિર્ભયસ્થાન નથી. અહીં આ શ્લોકના ઉત્તરાર્ધનો અભ્યાસ કરીશું. શ્લોક આ પ્રમાણે છે :

**मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यत् भयास्पदम् ।**
**यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मानः ॥२९॥**

અજ્ઞાની બહિરાત્મા શરીર-પુત્ર-પત્ની-મિત્રાદિમાં વિશ્વાસ કરે છે. તેનાથી (શરીરાદિ બાહ્ય પદાર્થોથી) બીજું કોઈ ભયનું સ્થાન નથી. બહિરાત્મા પરમાત્મ સ્વરૂપના અનુભવથી ડરે છે. તેનાથી બીજું કોઈ આત્માને નિર્ભયતાનું સ્થાન નથી.

**વિશેષાર્થ :** न अन्यत् अभयस्थानं आत्मनः - આત્માને પરમાત્મસ્વરૂપ સિવાય અન્ય કોઈ અભય સ્થાન નથી. સંસારદુઃખથી મુક્ત થવા માટે એક આત્મસ્વરૂપનું સ્વસંવેદન થવું તે જ ઉપાય છે. એકવાર સ્વાનુભવનું ભવન થાય તો અનંત સંસારનો નાશ થાય છે. માટે કોઈ નિર્ભયસ્થાન હોય તો તે આત્મા જ છે. બહિરાત્માએ અભેદબુદ્ધિ 'હું' ને 'મારું'માં કરી છે તેથી પરમાત્મસ્વરૂપની સમીપતા પણ ભયરૂપ લાગે છે. આચાર્યદેવ ભવ્યાત્માને પ્રેમથી, સમભાવથી સમજાવે છે કે તારું નિર્ભયસ્થાન તારો આત્મા જ છે.

શ્રી ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ 'જ્ઞાનસાર' મહાગ્રંથના 'નિર્ભયાષ્ટક' શ્લોક બીજામાં

લખે છે :

भवं सारव्येन किं भूरिमयज्वलनभस्मना ।

सदा भयोज्झितज्ञानसुखमेव विशिष्यते ॥२॥

આ સંસાર ઘણા ત્રાસ રૂપ છે. તે ત્રાસ રૂપ અગ્નિથી ભસ્મિભૂત થયેલો છે. તેવા અગ્નિ સમાન સંસારનું શું પ્રયોજન ? એવો સંસાર નિષ્પ્રયોજન રૂપ નિરર્થક છે. જ્ઞાન સુખ ભયરહિત છે. જ્ઞાન સ્વરૂપ આત્મા સર્વાધિક છે. હે બહિરાત્મા, ત્રાસરૂપ અગ્નિ સમાન સંસારથી વિરક્ત થા.

આ ગ્રંથમાં આગળ કહે છે કે ભગવાન આત્માનું સ્વસંવેદન નિર્ભયતા આપે છે. મુનિરાજની વાત કરે છે. મુનિ મોહરૂપ સેનાને હણે છે. મુનિએ જ્ઞાનરૂપી બ્રહ્માસ્ત્ર ધારણ કર્યું છે. મહાયુદ્ધમાં ચાર દળ હોય છે — હસ્તિદળ, રથદળ, હયદળ અને પાયદળ. તેમાં હસ્તિદળ અગ્રતાના ક્રમે હોય છે. મોહરૂપી સેનાને હણતા મુનિ મોખરે રહેતા મદોન્મત્ત હાથીની જેમ ભય પામતા નથી. નિર્ભય હોય છે. શૂરવીરતાથી મોહસેના સામે મુનિરાજ સ્થિત છે. મોહસેનાને પરાસ્ત કરેલા મુનિરાજ નિર્ભય છે. બાહ્ય સંસારના પદાર્થો દુઃખદાયક છે. સંસાર સાગરમાં વમળમાં નાખી દે તેવા છે. અજ્ઞાની તેથી દુઃખી થાય છે. ત્યારે પરમાત્માના આશ્રયે ભયની ગુંજાઈશ જ નથી.

જે કમળાનો રોગી હોય તેને દૂધનો રંગ પીળો લાગે અને દૂધનો સ્વાદ કડવો લાગે છે તેમ બહિરાત્માને પરમાત્મ સ્વરૂપ આનંદદાયી, સુખસ્વરૂપ, નિર્ભયપદ આપનાર સદા અનંતકાળ સુખશાંતિ રૂપ પરિણમે તે સુખસ્થિતિ કષ્ટદાયી લાગે છે. આ સુખમાં કષ્ટની પરંપરા જણાય છે. તેથી નિજાશ્રયની ભાવના ભાવતો નથી. વિષય-કષાયના સેવનમાં રહે છે અને તે સ્થાન ભય વિનાનું છે એવી મિથ્યાકલ્પનામાં જીવે છે. મંદ અંધકારમાં દોરડી સર્પના આકારે પડી છે. અજ્ઞાન અંધકારને કારણે અજ્ઞાનીને દોરડીમાં સર્પની ભ્રાન્તિ થાય છે. સાગરની છીપમાં ચાંદી-રૂપાની ભ્રાન્તિ થાય છે. સત્ય માનીને સેવે છે ત્યાં કષ્ટ પરંપરા લાગતી નથી. માટે જ્ઞાની સંતો કહે છે કે જાગૃત થઈને નિજ વૈભવને નિહાળ.

પરમકૃપાળુદેવે પરમ કૃપાથી કહ્યું,

"અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા !!
ઉઘાડ ન્યાય-નેત્ર ને, નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું."

અનંત સુખધામ, અનંત શક્તિનું સંગ્રહાલય, ચૈતન્યનું ચૈત્યાલય આનંદ સ્વરૂપ એવા સ્વભાવમાં તને મિત્રતા રહી નહિ, ઉત્સાહ ન આવ્યો; પ્રેમ, રુચિ, લગન ન થઈ, તેના તરફ સન્મુખ થવાની જ્ઞાન-દૃષ્ટિ ન આવી અને જે અનંત દુઃખનું સ્થાન છે, ચાર ગતિમાં પરિભ્રમણનું સ્થાન છે, સંસારના અનંત દુઃખોનો ભંડાર છે, ક્રોધ, માન, માયા, લોભ ઈત્યાદિ થવામાં અનંતાનુબંધી કર્મ બાંધવાનું જે કારખાનું છે તેવા રાગદ્વેષાદિના વિભાવભાવો છે તેમાં હે વત્સ ! તને પ્રેમ થયો. તેમાં સુખબુદ્ધિ જન્મી. અભેદબુદ્ધિથી તેના મમત્વભાવમાં મુંઝાયો. જ્ઞાનીપુરુષો કહે છે કે 'પ્રેમ ત્યાં વિચિત્રતા'. અમને આશ્ચર્ય થાય છે કે ત્યાં તને પ્રેમ થયો. ત્યાં નિર્ભયતા લાગી, ત્યાં સ્નેહ બંધાયો.

હવે કહે છે કે હે ભવ્યાત્મા ! તારા જ્ઞાનરૂપી ચક્ષુને ઉઘાડ. જ્ઞાનનેત્રથી જોકે બાહ્ય વિષયો તરફનો મારો પ્રેમ દુઃખકારક છે. તેમાં સ્વપ્નેય સુખ નથી. "નિવૃત્તિ શીઘ્રમેવ ધારી." તેમાંથી શીઘ્ર નિવૃત્તિ લે. તે જે વિષયોમાં પ્રવૃત્તિ કરી હતી, જ્ઞાનનેત્ર ઉઘાડીને જો અને તે તે વિષયોથી નિવૃત્તિ લે. જ્ઞાનીજનો કહે છે કે શીઘ્રતાથી તેમાંથી બહાર આવી જા. તને તારા નિજ સ્વભાવનું સુખ મળશે, જે સાદિ

અનંત અનંત સમાધિસુખમાં પરિણમશે. બાહ્ય વિષયોમાંથી નિવૃત્ત થા. નિવૃત્ત થા.

(સ્વગતોક્તિ) હે બહિરાત્મા ! હવે તું આ પ્રમાણે તારા વચનોથી ઉચ્ચાર કર. આત્મા એ પરમ તત્ત્વ છે. તેમાં જ મારો આશ્રય રહો. હવે જન્મમરણ આદિ બંધનથી મારે નિવૃત્ત થવું છે. ક્લેશરૂપ સંસાર મારે હવે નથી જોઈતો. તેનાથી વિરામ પામવું છે, વિરામ પામવું છે. પ્રમાદ છોડીને જાગૃત થવું છે, જાગૃત થવું છે. આ મનુષ્યદેહ રત્નચિંતામણિ જેવો છે. તેને સફળ બનાવવો છે. આ સમજણ, બહિરાત્મામાં સત્પુરુષની મહેરથી, ઉગ્ર પુરુષાર્થથી આવે; તો અન્ય ભયસ્થાનો છૂટીને નિર્ભય સ્થાનમાં સદા નિવાસ કરે !

**દૃષ્ટાન્ત :** એક વિશાળ આશ્રમ છે. સદ્ગુરુની ઉપસ્થિતિ છે. તેઓશ્રીની નિશ્રામાં શિષ્યસમુદાય યત્કિંચિત્ આરાધના કરે છે. અન્ય જનો પણ આશ્રમ પ્રતિ અને સંત પ્રતિ આદર, પ્રેમ, મહિમા રાખતાં હતાં. તેઓ પણ આશ્રમમાં આવતાં-જતાં રહેતાં હતાં. દિવસમાં એક વાર સહુ ધર્મશ્રવણ માટે એકત્રિત થતાં હતાં. આશ્રમમાં પ્રવચનખંડ હતો. સહુ તેમાં બેસીને ધર્મશ્રવણ કરે. ધર્મશ્રવણનું પરિણમન થવું તે રુચિ, અંતરની ધગશ, ખટક અને આત્મલગન ઉપર આધાર રાખે છે. સહુ એકઠાં થાય- ધર્મશ્રવણ કરે અને સ્વસ્થાને પાછા જાય.

એકવાર પ્રવચનખંડમાં ધર્મશ્રવણ થતું હતું. સદ્ગુરુ ધર્મવાર્તા કહેતા હતા. ત્યાં એકાએક ધરતીકંપ થયો. તે વિસ્તારમાં આ આશ્રમ હતો. પ્રવચન શ્રવણ કરતાં સહુને ધરતીકંપની જાણ થઈ. સહુ ભયાન્વિત થઈને નિર્ભયસ્થાન માટે પ્રવચનખંડની બહાર, ખૂબ ત્વરાથી જેને જે દ્વાર મળ્યું તે દ્વારથી દોડીને બહાર આવી ગયા. હજી ધ્રુજારી ચાલુ હતી. સહુ ભયાન્વિતતા સાથે ઊભા હતા. થોડીવાર પછી ધરતીકંપની ધ્રુજારી શાંત થઈ. કોઈને કાંઈ નુકસાન-હાનિ ન થઈ. સહુ ફરીથી પ્રવચનખંડમાં આવી ગયા. સદ્ગુરુદેવ તો પહેલા જે સ્થિતિમાં બેઠા હતા એમ જ, એ જ સમભાવે, પ્રેમભાવ સાથે બેઠા હતા. સહુને આશ્ચર્ય થયું કે ધરતીકંપ ધ્રુજારીના ભયથી ભયાન્વિત થઈને આપણે બધા શીઘ્રતાથી ખંડમાંથી બહાર નીકળ્યા. અહીં રહેવાથી વધુ હાનિ થશે, કદાચ પ્રાણત્યાગ પણ થાય તે બીકમાં બહાર નીકળી ગયા પણ સદ્ગુરુ તો એમ જ શાંત, સમભાવે બેઠા રહ્યા. તેમાંથી એક વ્યક્તિએ આદર અને પ્રેમભાવથી પૂછ્યું કે અમે નિર્ભયસ્થાન માટે બહાર દોડ્યા અને આપ આવી વિષમ સ્થિતિમાં ખંડની બહાર કે દોડ્યા નહિ ? સદ્ગુરુ કહે કે તમે દોડ્યા હતા એમ હું પણ દોડ્યો હતો. તમે સલામતી માટે ખંડની બહાર દોડ્યા. હું સલામતી માટે નિર્ભયસ્થાન સમા આત્મામાં દોડ્યો. નિર્ભય સ્થાન ખરેખર અંતરમાં છે. બહાર દોડવાથી નિર્ભયસ્થાન કેમ મળે ? દોડવા દોડવાની નાત, જાત અને ભાત જુદી છે.

શ્રી અમૃતચંદ્રઆચાર્યપ્રવર 'સમયસાર કળશ' ૧૩૯માં કહે છે કે તે એક જ પદ આસ્વાદવા યોગ્ય છે કે જે વિપત્તિઓનું અપદ છે. જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી અને જેની આગળ અન્ય સર્વ પદો અપદ ભાસે છે. પૂ. બેનશ્રી ચંપાબહેન કહે છે કે જીવે અનંતકાળમાં અનંતવાર બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નહિ. દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય. આત્માની પ્રાપ્તિ થાય. તે સિવાય બહારથી જેટલા ફાંફા મારવામાં આવે તે ફોતરાં ખાડયાં બરાબર છે. એક ચૈતન્ય જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. વિશ્વમાં એવી કોઈ વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય. તે ચૈતન્ય તો તારી પાસે જ છે. તું જ તે છો. તો પછી શરીર ઉપર

**(અનુસંધાન પાના નં. ૮ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૧૦)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૧૦)**

**आकुलित भयो अज्ञान धारि**
**ज्यों मृग मृगतृष्णा जानि वारि ।**
**तन परिणतिमें आपो चितार**
**कबहूँ न अनुभवो स्वपदसार ॥**

**શબ્દાર્થ :** હું મારા જ અજ્ઞાનના કારણે આકુળવ્યાકુળ થઈ ગયો છું. જેમ એક તરસ્યો મૃગ રણમાં રેતીને પાણી સમજીને આકુળવ્યાકુળ થઈ દોડે છે અને દુઃખી થાય છે તેમ મેં શરીરની દશાને પોતાની દશા માની છે અને મારા પોતાના સ્વરૂપનો તો અનુભવ જ નથી કર્યો.

**વિશેષાર્થ :**

'અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી આ જીવને ભયંકર પરિભ્રમણ પ્રાપ્ત થયું છે.' ઉપરોક્ત ગાથામાં સાધકે પોતાના અજ્ઞાનની કબૂલાત કરી છે. જે ઉત્તમ મુમુક્ષુ - સાધક હોય તે પોતાના દોષોનો સહજ સ્વીકાર કરી લે છે. જે ભૂલ કબૂલ કરે તે મહાપુરુષ છે.

- અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
  એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?

**— વીસ દોહરા (શ્રીમદ્ રાજચંદ્ર)**

- હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.

**— મોક્ષમાળા શિક્ષાપાઠ -૫૬**

- ભવવનમેં જી ભર ઘૂમ ચુકા,
  કણ કણ કો જી ભર ભર દેખા,
  મૃગસમ મૃગતુષ્ણા કે પીછે,
  મુઝકો ન મિલી સુખ કી રેખા.

**— શ્રી દેવશાસ્ત્રગુરુ જયમાલા**

**વિશેષ વિચારણા**

મેં અજ્ઞાનવશ 'શરીર તે જ હું' એમ અત્યાર સુધી માન્યું છે. તેથી કર્મના ઉદયને — જે અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિ કે સંજોગો આવી મળે છે તેને પણ પોતાના જોઉં છું. ઈષ્ટવિયોગ તથા અનિષ્ટ યોગમાં મને રાગદ્વેષના પરિણામ થઈ જાય છે.

- જગમેં જિસકો નિજ કહતા મૈં
  વહ છોડ મુઝે ચલ જાતા હૈ,
  મૈં આકુલવ્યાકુલ હો લેતા
  વ્યાકુલ કા ફલ વ્યાકુલતા હૈ.

**— શ્રી દેવશાસ્ત્રગુરુ જયમાલા**

અજ્ઞાનવશ બધા ભય મને સતાવે છે - આલોકભય, પરલોકભય, અકસ્માતભય, મૃત્યુભય, અરક્ષાભય, અગુપ્તિભય, અપયશભય. અનાદિકાળથી ભય સંજ્ઞા આ જીવને લાગેલી છે. સંસારી જીવોને નિઃશંકિત્વ અંગ પ્રગટ્યું ન હોવાને કારણે ઉપરોક્ત બધા ભયથી દુઃખી થઈ જાય છે. સગા-સંબંધીઓને મૃત્યુ પામતા જોઈ તેનો વિવેક જાગૃત થતો નથી. વિવેકી - વિચક્ષણ હોય તે આવા દુઃખના પ્રસંગે વૈરાગ્ય લાવી સદ્ગુરુનો સમાગમ

કરે છે અને તેમના ઉપદેશ દ્વારા પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી, તેમાં જ દઢ શ્રદ્ધા કરી નિર્ભય બની જાય છે.

- હું પ્રભુનો પ્રભુ છે મમ રક્ષક,
  એહ ભરોસો જાય નહીં;
  જે પ્રભુ કરશે તે મમ હિતનું,
  એ નિશ્ચય બદલાય નહીં.
- રાઈ માત્ર ઘટવધ નહીં, દેખ્યા કેવળજ્ઞાન;
  યહ નિશ્ચય કર જાનકે, તજીએ પરથમ ધ્યાન.
- હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે;
  કંઈ અન્ય તે પરમાણુ માત્ર નથી જરી મારું ખરે.

"શરીરની જે અવસ્થાઓ - જન્મ, જરા, મૃત્યુ આદિ તે મારું સ્વરૂપ નથી, તે મારા પડોશીની અવસ્થા છે. તેનો માત્ર હું જાણનાર - દેખનાર છું" — આ ભાવના દઢ કરતા મહાપુરુષોના અવતરણો જોઈએ.

## મહાપુરુષોના અવતરણો

- હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.

**— શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક - ૬૯૨**

- દેહ તારી નથી, જોતું જુગતે કરી
  રાખતાં નવ રહે નિશ્ચે જાયે,
  દેહ સંબંધ ત્યજે અવનવા બહુ થશે
  પુત્ર કલત્ર પરિવાર વ્હાયે.

**— ભક્તકવિ નરસિંહ મહેતા**

- હું દેહ નહીં, મન વાણી નહીં,
  હું તેમનું કારણ નહીં,
  કર્તા ન કારયિતા ન
  અનુમંતા હું કર્તાનો નહીં.

**— શ્રી પ્રવચનસાર ૧૬૦**

- દેહ અચેતન પ્રેત દરી, રજ રેત ભરી
  મલ ખેતકી ક્યારી
  વ્યાધિ કી પોટ, અરાધિ કી ઓટ,
  ઉપાધિ કી જોટ સમાધિ સો ન્યારી;
  રે જીય દેહ કરે સુખહાનિ,
  ઈતે પર તોહિં તો લાગત પ્યારી,
  દેહ તો તોહીં ત્યજેગી નિદાન પૈ,
  તૂહી ત્યજે ક્યોં ન દેહ કી યારી.

**— કવિવર બનારસીદાસજી**

## ઉપસંહાર

આ ગાથામાં આપણી દેહાત્મબુદ્ધિનો ચિતાર આપ્યો છે. અનાદિકાળથી 'સ્વપદને' એટલે કે પોતાના સત્‌સ્વરૂપને જાણ્યું નથી, શ્રદ્ધયું નથી તો અનુભવ તો ક્યાંથી થાય ?

હવે સ્વરૂપ અજ્ઞાન દૂર કરવા માટે અપ્રતિમ પુરુષાર્થ કરવાનો દઢ નિર્ણય કરવો પડશે. તે માટે સત્પાત્રતા પ્રગટાવવા સત્સંગ સદ્‌વાંચન, સદ્‌વિચાર અને સદાચારનું અવલંબન અનિવાર્ય છે.

સત્પાત્ર જીવને સદ્‌ગુરુનો બોધ પ્રાપ્ત થતાં યથા સમયે સ્વરૂપનું જ્ઞાન પ્રગટતાં અજ્ઞાન અંધકાર ટળી જાય છે તથા તે મોક્ષમાર્ગ ઉપર આરૂઢ થઈ જાય છે. જ્યારે પુરુષાર્થમાં કાંઈક શિથિલતા આવે ત્યારે મહાપુરુષોના ચરિત્રોનું અવલંબન લઈ પોતાનું બળ વધારે છે. આપણે પણ ભગવાન પાર્શ્વનાથ, ભગવાન મહાવીર, સીતામાતા ગજસુકુમારને યાદ કરવાં. તેઓએ ઘણા ઉપસર્ગ, પરિષહ - દુઃખો સહન કર્યા પણ પોતાના માર્ગથી ડગ્યા નહીં. આપણે પણ સ્વપદ-આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા અપ્રતિમ પુરુષાર્થ કરીએ અને આ દઢ સંસ્કાર ભવાંતરમાં સાથે લઈ જઈએ તેવી શુભભાવના.

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## બીજા તીર્થંકર શ્રી અજિતજિન સ્તવન

ગણિશ્રી દેવચંદ્રજી મહારાજ પ્રભુભક્તિરૂપ ઉત્કૃષ્ટ અવલંબન લઈને પોતાના અનંત ઐશ્વર્યરૂપ સિંહત્વને જગાડી રહ્યાં છે. ભક્ત તે છે કે જેને ભજન કરીને પોતામાં રહેલ ભગવદ્‌પણું જગાડવામાં રસ છે. દેવચંદ્રજી આવા જાગૃત ભક્ત છે. જે નિમિત્તથી પોતાનું ઉપાદાન જાગૃત થયું છે, તે પ્રભુના દર્શન કરતી વખતે પ્રભુના જે વિવિધ ગુણોના દર્શન થાય છે તેનો હવે ઉલ્લેખ કરે છે, કારણ કે જો અરિહંત પ્રભુની દ્રવ્ય-ગુણ-પર્યાયથી યથાર્થ ઓળખાણ થાય તો સાધકનો મોહ નાશ પામી પ્રભુ જેવા પોતાના શુદ્ધાત્માનું દર્શન થાય. એ હેતુથી પ્રભુની ગુણસંપદાના ગુણગાન ગાતા કહે છે :

**એહવા પરમાતમ પ્રભુ રે, પરમાનંદ સ્વરૂપ;**
**સ્વાદ્વાદ સત્તા રસી રે, અમલ અખંડ અનુપ.**
**— અજિત૦ ૬**

**શબ્દાર્થ :** એવા પરમાત્મ પ્રભુ પરમાનંદ સ્વરૂપ છે, સ્વાદ્વાદરૂપી આત્મસત્તાના રસિક છે, કર્મમળથી રહિત અમલ છે, અખંડ છે અને અનુપમ છે. (સ્યાદ્વાદ = સ્યાદ્‌વાદ, અનેકાંતસ્વરૂપી; સત્તા = આત્મસત્તા, ત્રિકાળી ધ્રુવ આત્મતત્ત્વ; રસી = રસિક; અમલ = કર્મમળ રહિત, શુદ્ધ; અનુપ = અનુપમ)

**વિશેષાર્થ :** પ્રભુની ગુણસંપદામાં શ્રી દેવચંદ્રજીને આંતરિક રુચિ જાગી છે એવો પ્રમોદ સ્તવનની શરૂઆતમાં વ્યક્ત કર્યો હતો. તેવા પ્રભુના દર્શન કરતાં તેમના જે વિવિધ ગુણો દેખાયા તેનું દર્શન દેવચંદ્રજી આપણને કરાવે છે. (૧) પ્રથમ ગુણ તે પ્રભુના પરમાત્મપણાનો છે. પ્રભુનું દ્રવ્ય શુદ્ધ અને તેના અનંત ગુણોની અનંત પર્યાયો પણ શુદ્ધ-એવા અનંત ચતુષ્ટયરૂપ લોકોત્તર સંપત્તિવાન હોવાથી પ્રભુ પરમ-આત્મા છે. (૨) પ્રભુ પરમાનંદ સ્વરૂપી છે. વીતરાગી પ્રભુને સ્વભાવ પૂર્ણપણે પ્રગટ્યો હોવાથી અને આનંદ તે આત્માનો સ્વભાવ હોવાથી તે અમર્યાદિત અનંત આનંદનો ભોગવટો ક્ષણે ક્ષણે પ્રભુ કરી રહ્યા છે અને અનંતકાળ સુધી કરશે. (૩) પ્રભુ સ્વાદ્‌વાદ સત્તા રસી છે. પ્રભુની ચૈતન્યસત્તા સ્વાદ્વાદમયી છે, અનેકાંતસ્વરૂપી છે, કારણ કે પરસ્પર વિરોધી લાગતા એવા નિત્ય-અનિત્ય આદિ ગુણો એકસાથે તે સત્તામાં અવિરોધપણે વિદ્યમાન રહી આત્મસત્તાને પ્રમાણભૂત કરે છે. આવી અદ્‌ભુત આશ્ચર્યકારક આત્મસત્તાના પ્રભુ રસીયા છે અર્થાત્ તેમાં રમમાણ કરે છે. પ્રભુની આવી રસિકતા જોઈને આપણી સાધના પણ સ્વાદ્વાદપૂર્વક ચાલે છે, જેમ કે દ્રવ્યની પ્રભુતા તો પર્યાયની પામરતાનો સ્વીકાર, જ્ઞાનની સાથે વૈરાગ્ય, ભવના ખેદરૂપ નિર્વેદની સાથોસાથ ભવપાર થવાનો ઉલ્લાસભર સંવેગ. (૪) પ્રભુ 'અમલ' છે, કારણ કે સંપૂર્ણ વીતરાગતા હોવાથી કર્મનો, વિભાવો કે વિકારોની મલિનતાનો અનંતાંશ પણ હવે પ્રભુમાં નથી. (૫) પ્રભુ 'અખંડ' છે. અગુરુલઘુ ગુણને લીધે આત્માના અનંત ગુણો ખંડ ખંડ થઈ વીખરાઈ જતા નથી. તેમજ જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખ - આ સર્વ ક્ષાયિક ભાવને વરેલા હોવાથી અખંડિત રહે છે. તેમની જ્ઞાનધારા, આનંદધારા અનંત કાળ સુધી અખંડિત રહે છે. (૬) પ્રભુ 'અનુપ' અર્થાત્ અનુપમ, અદ્વિતીય છે. જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે કોઈ છદ્મસ્થ જીવમાં એવા ગુણ નથી કે જેની ઉપમા પ્રભુની તુલનામાં આવી શકે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે, *"દઉં ઉપમા તો અભિમાન મારું."* તેમજ જિનેશ્વરની વાણીની સ્તુતિ

કરતાં તેઓ કહે છે, *"ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ."* - એમ પ્રભુને કોઈ ઉપમા આપવા માટે પોતાની લઘુતા અને અસમર્થતા બતાવે છે.

પ્રભુના અહોભાવથી ગુણગાન કરીને ન અટકતાં હવે દેવચંદ્રજી પ્રભુદર્શનથી પુરુષાર્થની દિશા બદલાતાં પોતાને કેવા લાભ થયા અને પોતામાં કેવું આત્મલક્ષી રૂપાંતરણ થયું તેનું વર્ણન ત્રણ ગાથામાં કરે છે, જે દરેક પ્રભુભક્ત માટે અત્યંત પ્રેરણાદાયક છે :

**આરોપિત સુખભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;**
**સમર્યું અભિલાષીપણું રે, કર્તા સાધન સાધ્ય.**
**— અજિત૦ ૭**

**શબ્દાર્થ :** આરોપિત સુખનો ભ્રમ ટળી ગયો. અવ્યાબાધ સુખ ભાસ્યમાન થયું. તેથી હવે માત્ર તેવા જ સુખનું અભિલાષીપણું વારંવાર સ્મરણમાં આવે છે. તે અવ્યબાધ સુખ હવે મારું સાધ્ય બનાવી તે માટેના સાધનનો હું કર્તા બન્યો.

**વિશેષાર્થ :** જેમ અંધકારમાં દોરડા ઉપર સર્પનો આરોપ થઈ જાય તેમ અજ્ઞાન અંધકારમાં હું પરાધીન, ક્ષણભંગુર, કર્મબંધન કરાવનાર પંચેન્દ્રી વિષયના ભોગરૂપ સુખાભાસમાં સાચા સુખનો આરોપ કરવારૂપ ભ્રમણા અનાદિકાળથી સેવતો આવ્યો છું. પરંતુ હવે તો હે પ્રભુ, *"તારા દર્શનમાત્રથી દેવ, ભ્રમણા ભાગી રે."* તારી શાંત, નિર્વિકારી, નિજાનંદ રસલીન મુખમુદ્રાના દર્શન કરી મને અવ્યાબાધ, અતીન્દ્રિય, શાશ્વત સુખ મારા જ નિષ્કષાયી, શાંત અંતરંગમાંથી મળશે એવું ભાસ્યમાન થયું છે. *"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો."* - એ રીતે ભૌતિક ક્ષણિક સુખની પ્રાપ્તિના વ્યર્થ પ્રયત્નોમાં આત્મિક સુખથી વંચિત રહ્યો. પરંતુ હે પ્રભુ, હવે તારા અવ્યાબાધ અનંત સુખના દર્શન કરી હું તેનો અભિલાષી બન્યો છું અને તેનું જ વારંવાર સ્મરણ કરું છું. આજ સુધી ભૌતિક આરોપિત સુખ સાધ્ય હતું ત્યારે હું ધન, સંપત્તિ, કુટુંબ, પરિવાર આદિ સાધનો ભેગા કરવારૂપ કાર્યનો કર્તા હતો. પરંતુ પ્રભુ, તારા અનુગ્રહથી શાશ્વત સુખ તે જ સાધ્ય બનતાં તેને અનુરૂપ સત્સંગ, સત્પુરુષ, વૈરાગ્ય, ઉપશમ, સ્વાધ્યાય, ધ્યાન, પ્રભુભક્તિ આદિ સાધનોનો કર્તા થયો છું. બીજું પણ શું શું રૂપાંતરણ થયું તે આગળ કહે છે :

**ગ્રાહકતા, સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તા ભાવ;**
**કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યું નિજભાવ.**
**— અજિત૦ ૮**

**શબ્દાર્થ :** ગ્રાહકતા, સ્વામીપણું, વ્યાપકતા, ભોક્તાભાવ, કારણપણું, કાર્યપણું - આત્માની આ સર્વ શક્તિઓ નિજભાવનું, સ્વભાવનું ગ્રહણ કરવા લાગી છે.

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી અહીં આત્માના કેટલાક વિશિષ્ટ ગુણોનો ઉલ્લેખ કરે છે, જે અજ્ઞાનદશામાં વિભાવરૂપ અને પરલક્ષી હતા તે હવે શ્રી અજિતનાથ પ્રભુનું શરણ લીધા પછી સ્વભાવલક્ષી થયા છે. (૧) **ગ્રાહકતા :** અજ્ઞાનદશામાં ભૌતિક સુખના સાધનો ગ્રહણ કરવારૂપ ગ્રાહકતા હતી, તે હવે પ્રભુકૃપાએ નિજભાવનો ગ્રાહક થયો છું. "કિંચીત્‌માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે." — એવા સત્પુરુષોના અમૂલ્ય વચનોની શ્રદ્ધા થતાં પરપદાર્થોનું હવે કોઈ મૂલ્ય ન રહેવાથી તેની ગ્રાહકતા મટી ગઈ અને અતીન્દ્રિય આત્મિક સુખની ગ્રાહકતા આવી. શ્રીમદ્‌ રાજચંદ્રજીએ ભક્તિસભર પત્રાંક-૨૦૧માં જેમ કહ્યું છે કે ગોપીઓ "હાંરે કોઈ માધવ લો" એમ કહી અચળ પ્રેમે પુરાણપુરુષના ગ્રાહક થવા પ્રેરે છે, તેમ હું પણ સત્પુરુષોની પ્રેરણાથી શ્રી અજીતનાથ જેવા તીર્થંકર ભગવંતોની ભક્તિનો અને તેમના જેવા ગુણોનો ગ્રાહક બન્યો છું. (૨) **સ્વામિત્વતા :** એટલે માલિકીપણું. આજ સુધી સ્ત્રી, પુત્ર, ધન, પરિગ્રહ આદિનું કાલ્પનિક માલિકપણું સેવ્યું તેમાં તો હું તે સર્વનો ગુલામ જ રહ્યો. હવે પ્રભુકૃપાથી સ્વાધીન, અવ્યાબાધ નિજભાવનો, આત્મિક ગુણોની સંપત્તિનો સ્વામી બન્યો છું. (૩) **વ્યાપકતા :** એટલે વ્યાપવું, પ્રસરવું. અત્યાર સુધી અજ્ઞાનવશ મારો ઉપયોગ બહિર્મુખી થઈ પંચવિષયના

ભોગમાં, પરપદાર્થોના મમત્વમાં વ્યાપતો હતો. હવે ઉપયોગ અંતર્મુખ થઈ સત્દેવ-ગુરુ-ધર્મની ભક્તિમાં અને તે દ્વારા સ્વરૂપમાં વ્યાપી રહ્યો છે. (૪) **ભોક્તાભાવ** : જ્યાં સુધી પરવસ્તુનું કર્તાપણું માન્યું હતું ત્યાં સુધી તેમાં જ ભોક્તાભાવની માન્યતા હતી. હવે સાધ્ય બદલાયું તેથી પરને ભોગવવાની કોઈ રુચિ કે આસક્તિ નથી. હે પ્રભુ ! કર્તાપણું સ્વમાં જ સ્થિત થતાં હવે માત્ર આપની કૃપાનો, સત્સાધનોનો અને મારા સચ્ચિદાનંદ સ્વરૂપનો જ ભોક્તાભાવ શેષ રહ્યો છે. યથા -

*"અથવા નિજપરિણામ જે, શુદ્ધચેતનારૂપ;*
*કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ."*
(શ્રી આત્મસિદ્ધિ - ગાથા - ૧૨૨)

**(૫) કારણતા કારજ દશા :** એટલે કારણ - કાર્ય દશા. આજ સુધી પરદ્રવ્યોનું કાર્ય મારા થકી થાય છે, હું તેનું કારણ છું, એવું મારું મિથ્યાભિમાન હતું. *"હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે."* - એવી અજ્ઞાનદશા સેવતો હતો. હવે પ્રભુ, આપના બોધથી જાણ્યું કે નિશ્ચયનયથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરી શકે નહીં. મારામાં જ્ઞાનાનંદ સ્વભાવ પ્રગટાવવારૂપ કાર્યનું ઉપાદાન કારણ પણ હું પોતે જ, મારો જ પુરુષાર્થ. આમ, પરમાં જતી કારણ - કાર્ય દશા હવે નિજસ્વભાવ તરફ વળી. શ્રી દૌલતરામજી છહ ઢાળામાં કહે છે તેમ, *"નિજમાંહી નિજકે હેતુ નિજકર આપકો આપૈ ગહ્યો."* આમ, ગ્રાહકતા, સ્વામિત્વતા, વ્યાપકતા, ભોક્તાપણું, કારણ-કાર્ય દશા આદિ સર્વ આત્માની શક્તિ સ્વભાવઆશ્રયી બની. આમાંથી શીખ એ મળે છે કે આપણા દરેક કાર્ય, વાણી અને વર્તનમાં આત્મભાવનું જ પોષણ થાય તેવું રૂપાંતરણ જિનભક્તિથી થવું જોઈએ. પ્રભુદર્શનથી બીજા પણ વિશેષ લાભ થયાં તે હવે જણાવે છે :

**શ્રદ્ધા ભાસન રમણતા રે, દાનાદિક પરિણામ,**
**સકલ થયા સત્તારસી રે, જિનવર દરિસણ પામ.**
**— અજિત૦ ૯**

**શબ્દાર્થ :** જિનવર દર્શન પામીને શ્રદ્ધા, જ્ઞાન, રમણતા અને દાન આદિ પરિણામ - આ સર્વ ગુણો આત્મસત્તાના રસિક થયા. (શ્રદ્ધા = માન્યતા, સમ્યક્દર્શન; ભાસન = સમ્યક્જ્ઞાન; રમણતા = સમ્યક્ ચારિત્ર; સત્તારસી = આત્મસત્તાના રસિક)

**વિશેષાર્થ :** જિનેશ્વરના દર્શન પામીને જેમ પ્રભુને સ્યાદ્વાદમયી આત્મસત્તાના રસીયા જોયા તેમ મારા દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા દાનાદિક પાંચ વીર્ય ગુણ - તે સર્વે મારી આત્મસત્તાના રસિક થયા છે. શ્રદ્ધા એટલે મારી માન્યતા, જે પુદ્ગલ અનુયાયી થઈને અવળી ચાલતી હતી તે હવે જિનદર્શનના પ્રભાવથી સવળી થઈ, સમ્યક્શ્રદ્ધા થઈ, જે આત્માના અવ્યાબાધ સુખની રસિક થઈ છે. મીરાંબાઈ કહે છે તેમ *"ઊલટ ભઈ મોરે નયનનકી"*. 'અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું' તે પણ પ્રભુદર્શનથી જાત્યાંતર થઈ સ્વસત્તાને જ્ઞેય બનાવી ભવનિવૃત્તિરૂપ થયું. ચારિત્ર ગુણ જે પરપદાર્થો ભોગવવામાં રમણતા કરી વિપર્યાસપણે પ્રવર્તતો હતો તે હવે સમ્યક્-ચારિત્રરૂપે ત્રિકાળી ધ્રુવ આત્મસત્તામાં રમણતા કરવા તત્પર થયો છે. વળી, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય (પુરુષાર્થ) - આ પાંચ શક્તિઓ પણ આત્મતત્ત્વને પ્રગટ કરવામાં જ લાગી પડી છે. ધનનું દાન, વસ્ત્રદાન, આહારદાન આદિ વ્યવહાર દાનથી પાત્રતા કેળવી હવે નિજસત્તાનો રસીયો થતાં ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્ય પોતાની શુદ્ધતાનું 'દાન' પોતાની જ પર્યાયને કરે છે ! પરવસ્તુનો 'લાભ' તો લાભાંતરાય કર્મને આધીન હતો. તે લાભશક્તિ હવે આત્મસન્મુખ થતાં જ્ઞાનાનંદમય નિર્વિકલ્પદશાનો લાભ થાય છે. પરપદાર્થોના ભોગ-ઉપભોગ વ્યાકુળતા ઉપજાવનારા હતા તે શક્તિ હવે પલટાઈને આત્માના જ્ઞાન, આનંદ, ક્ષમા, સંતોષ આદિ ગુણોનો નિરાકુળતાપૂર્વક ભોગ-ઉપભોગ કરે છે. મન, વચન, કાયાથી બહિર્મુખ વર્તતું વીર્ય જે કર્મબંધ કરાવતું તે વીર્ય હવે પર્યાયને શુદ્ધ દ્રવ્ય તરફ લઈ જઈ આત્મસ્થિરતા કરાવે છે. આમ, પ્રભુદર્શનના બળવાન નિમિત્તથી ઉપરોક્ત સર્વ શક્તિ આત્મલક્ષી બની છે.

આત્મોત્પન્ન સ્વાધીન સુખની ઝાંખી મળતાં હવે પુણ્ય-પાપના ઉદયમાં હર્ષ-શોક થતો નથી. આમ હે અજિતનાથ ! તારો અનંત ઉપકાર છે કે તારા દર્શનમાત્રથી હું પણ તારી જેમ જ મારી ચૈતન્યસત્તાનો રસીયો થયો છું. પ્રભુના આવા ઉપકારનું આત્યંતિક વેદન થતાં શ્રી દેવચંદ્રજી હવે અંતિમ ગાથામાં અનેક ઉપમાઓ વડે પ્રભુની ઉપકારકતાના ગુણગાન ઉલ્લાસપૂર્વક કરી સ્તવનની પૂર્ણાહુતિ કરે છે :

**તિણે નિર્યામક માહણો રે, વૈદ્ય ગોપ આધાર;**
**દેવચંદ્ર સુખ સાગરુ રે, ભાવ ધરમ દાતાર.**
**– અજિત૦ ૧૦**

**શબ્દાર્થ :** તેથી હે દેવોમાં ચંદ્ર સમાન અજિતનાથ પ્રભુ ! આપ મારા સુકાની છો, અહિંસક છો, વૈદ્ય છો, રક્ષક છો, આધાર છો, સુખના સાગર છો અને મારા ભાવ-ધર્મના દાતા છો. (તિણે = તેથી; નિર્યામક = સુકાની; માહણો = મા-હણો, કોઈને હણો નહીં એવો અહિંસાનો ઉપદેશ આપનાર; ગોપ = રક્ષક)

**વિશેષાર્થ :** પ્રભુના અનંત ઉપકારનું તીવ્ર વેદન થતાં દેવચંદ્રજી પ્રભુને અનેક ઉપમાઓથી નવાજી અનન્ય ભક્તિ કરી પોતાનું ઋણ ચૂકવે છે. કહે છે કે પ્રભુના દર્શનથી મારી જે કાયાપલટ થઈ છે, મારા આત્મામાં ઉપરોક્ત જે જે રૂપાંતરણ થયું છે તે જોતાં પ્રભુ જ મારા **'નિર્યામક'** છે - અર્થાત્ તરણતારણ જહાજના સુકાની બની તેઓ મને ભવસાગર પાર કરાવી મોક્ષને કિનારે પહોંચાડી દેશે. "મા હણો, મા હણો શબ્દના કરનાર" પરમ અહિંસા ધર્મના પ્રવર્તક એવા પ્રભુ મને ત્રસ-સ્થાવર જીવોની દ્રવ્યહિંસાથી અને રાગ-દ્વેષરૂપ ભાવહિંસાથી બચાવનાર માહણ છે. વળી, આત્મભ્રાંતિરૂપી ભવરોગ અને મનના વિકારો, ભય, ઉપાધિ, શોક, આદિ મનરોગની ચિકિત્સા કરનાર પ્રભુ મહાન વૈદ્ય છે. જેમ 'ગોપ' (ગોવાળિયો) ઘેટાં-બકરાંની રક્ષા કરે છે તેમ પ્રભુ મારા સદ્‌ગુણોની રક્ષા કરનાર ગોપ છે. ઉપરાંત જેમ શ્વાસોચ્છ્‌વાસ તે જીવનનો આધાર કહેવાય તેમ પ્રભુ મારા આધ્યાત્મિક જીવનના આધાર છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પણ શ્રી મહાવીરસ્વામી સ્તવનમાં કહે છે તેમ :

*"તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;*
*વાચક યશ કહે માહરે, તું જીવ-જીવન* ***આધારો*** *રે."*

મારા સમસ્ત મોક્ષના માર્ગમાં ડગલે ને પગલે હે પ્રભુ, આપનો આધાર લઈને જ હું આગળ વધી શકીશ. વળી, પ્રભુ તમે તો સુખના સાગર છો, કારણ કે પૂર્ણ વીતરાગતા અને કેવળજ્ઞાનની સાથે આપ કદી ન ખૂટે તેવા અનંત આનંદના ભંડાર છો. તે સુખસાગરમાં હું માત્ર ડૂબકી મારું તો પણ મને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. હે દેવોમાં ચંદ્રસમાન દેવાધિદેવ અજિતનાથ ભગવાન, આપના આ દાસ 'દેવચંદ્ર'ને આપશ્રીએ સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ભાવધર્મનું દાન કરીને તેને કૃતકૃત્ય કર્યો છે. આપ મારા ભાવધર્મના પરમ દાતાર છો. આપના અનંત ઉપકારનો પ્રત્યુપકાર વાળવા હું અસમર્થ છું, એવા ભાવ સાથે તે ઉપકારનું અત્યંત ગદગદિત થઈ વેદન કરતાં શ્રી દેવચંદ્રજી આ સ્તુતિને વિરામ આપે છે.

આમ, ગણિશ્રીએ આપણને સુંદર તાત્ત્વિક પ્રભુભક્તિ કરાવી. કારણ-કાર્ય સંબંધ, નિમિત્ત-ઉપાદાન સંબંધનો સુમેળ કરતાં, પુરુષાર્થરૂપ ઉપાદાનને ગૌણ કર્યા વગર પ્રભુભક્તિ કરીને સર્વોત્કૃષ્ટ નિમિત્તનું બહુમાન જાળવી રાખ્યું. તે નિમિત્ત દ્વારા પોતામાં કેવું રૂપાંતરણ આવ્યું તેનો ઉલ્લેખ કરી આપણને પ્રભુભક્તિ દ્વારા આવું રૂપાંતરણ કરવાની પ્રેરણા કરી. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, ગુણપ્રમોદ આદિ અનેક રસથી ભરપૂર cocktail પીરસીને પ્રભુભક્તિનું અપૂર્વ રસપાન કરાવ્યું.

પૌદગલિક સુખનો ભ્રમ તોડાવી આત્મસત્તાના શાશ્વત સુખના રસીયા બનાવ્યા. તેથી ગણિશ્રીને કોટિ કોટિ વંદન કરતાં આ સ્તવનની વિચારણા અહીં સમાપ્તિને પામે છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
## (ક્રમાંક - ૬)

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

★ **સત્યવ્રતની ભાવનાઓ :** સત્યવ્રતમાં સ્થિર રહેવા માટે પાંચ ભાવનાઓનું આરાધન કરવાનો ઉપદેશ કર્યો છે.

**"क्रोधलोभभीरुत्वहास्य प्रत्याख्यानान्यनुवीचि-भाषणं च पञ्च"** અર્થાત્ ક્રોધનો ત્યાગ, લોભનો ત્યાગ, ભયનો ત્યાગ, હાસ્યનો ત્યાગ અને આગમોક્ત નિર્દોષ વચન બોલવાં-તે પાંચ સત્યવ્રતની ભાવનાઓ છે.

(૧) **ક્રોધનો ત્યાગ :-** ક્રોધના આવેશમાં અસત્યવચન નીકળવાની સંભાવનાના કારણે સત્યવ્રતીને ક્રોધત્યાગનો ઉપદેશ કર્યો છે.

(૨) **લોભનો ત્યાગ :-** લોભને વશીભૂત થવાથી અસત્ય વચન નીકળવાની સંભાવનાના કારણે સત્યવ્રતીને લોભત્યાગનો ઉપદેશ કર્યો છે.

(૩) **ભયનો ત્યાગ :-** ભયાન્વિત વ્યક્તિ દ્વારા જૂઠું બોલવાની સંભાવનાને જોઈને સત્યવ્રતીને ભયનો ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો છે.

(૪) **હાસ્યનો ત્યાગ :-** હસવા - હસવામાં વ્યક્તિ જૂઠું બોલી જાય છે તે સંભાવનાને જોઈને સત્યવ્રતીને હાસ્યનો પણ ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો છે.

(૫) **અનુવીચિ ભાષણ :-** સત્યાર્થ આગમમાં જે રીતે નિરૂપિત છે તેની જ સાક્ષીપૂર્વક ઉપદેશાદિ કરવાથી સંપૂર્ણ સત્યનું પાલન થઈ શકવાના કારણે તથા પોતાની મતિકલ્પનાથી તત્ત્વનિરૂપણ આદિ કરવાથી અસત્યની સંભાવના હોવાના કારણે સત્યવ્રતીને સદાય સત્યાર્થ આગમ અનુસાર બોલવાની જ આજ્ઞા છે, જેને અનુવીચિ ભાષણ કહે છે.

★ **સત્યાણુવ્રતના અતિચાર :-** સત્યાણુવ્રતના પાંચ અતિચાર કહ્યાં છે, જેનાથી સત્યવ્રત એકદેશ ભંગ થઈ જાય છે.

**"मिथ्योपदेशरहोभ्याख्यानकूटलेखक्रियान्यासा-पहारसाकारमन्त्रभेदाः"** અર્થાત્ મિથ્યાપદેશ, રહોભ્યાખ્યાન, કૂટલેખક્રિયા, ન્યાસાપહાર અને સાકારમંત્રભેદ-આ પાંચ સત્યાણુવ્રતના અતિચાર છે.

(૧) **મિથ્યોપદેશ :-** બીજાને ખોટો ઉપદેશ આપવો મિથ્યોપદેશ કહેવાય છે. સ્વયંનું તત્સંબંધી અજ્ઞાન તથા દુર્ભાવનાને વશ જીવ આવું કરે છે.

(૨) **રહોભ્યાખ્યાન :-** સ્ત્રી-પુરુષો દ્વારા એકાન્તમાં કરેલ ક્રિયા કે વાતને પ્રગટ કરી દેવી તે રહોભ્યાખ્યાન કહેવાય છે. ઈર્ષ્યા તથા નિંદા કષાયથી પ્રેરિત થઈને વ્યક્તિ એવું કરે છે.

(૩) **કૂટલેખ ક્રિયા :-** ખોટા દસ્તાવેજ આદિ લખવા તે કૂટલેખ ક્રિયા કહેવાય છે. આમાં વાણી દ્વારા તો જૂઠું નથી બોલવામાં આવતું પરંતુ અસત્યના અભિપ્રાયથી લખવામાં આવે છે તેથી તેને સત્યાણુવ્રતના અતિચારમાં લીધુ છે. **"વાસ્તવમાં જૂઠની અભિવ્યક્તિને જૂઠ વચન કહે છે"** અને તે અભિવ્યક્તિ માત્ર વચન દ્વારા જ થાય છે એવું નથી. જૂઠું લખવું, જૂઠા સંકેત કરવા, જૂઠી કાયચેષ્ટા કરવી ઈત્યાદિ અનેક પ્રકારે જૂઠની અભિવ્યક્તિ કરી શકીએ છીએ, માત્ર વાણી દ્વારા જ નહિ.

(૪) **ન્યાસાપહાર :-** ન્યાસ કહે છે ધરોહરને અને અપહારનો અર્થ છે અપહરણ કરવું અર્થાત્ કોઈની ધરોહરનું અપહરણ કરવું તેને ન્યાસાપહાર કહેવાય

છે. તેનું સ્વરૂપ એવું છે કે કોઇએ વર્ષો પહેલા કોઇની પાસે પોતાની વસ્તુ ગિરવી રાખી અને તે સમયે તેનું લખાણ કર્યુ નહિ. હવે તે વ્યક્તિ લેવા આવે છે, પરંતુ રાખેલ ધરોહરની માત્રા વિસ્મૃત થઇ જવાથી ઓછી બતાવે છે. ત્યારે તે શેઠ સામે-વાળો કે જેની ધરોહર પોતાની પાસે ગિરવી રાખી હતી તે જેટલી ઓછી બતાવે છે તેટલી જ આપે છે, બાકીની પોતાની પાસે રાખી લે છે આને ન્યાસાપહાર કહે છે. અથવા મારી પાસે તમારી કોઇ વસ્તુ નથી એવું સ્પષ્ટ જૂઠું બોલીને ન્યાસને હડપી લેવી તે પણ ન્યાસાપહાર છે.

**(૫) સાકારમંત્રભેદ :-** શરીરના હાવ-ભાવ આદિ આકૃતિથી બીજાની છુપાવવા યોગ્ય વાતને જાણીને તેને જાહેર કરી દેવી તેને સાકારમંત્રભેદ કહે છે. આમાં સામેવાળો વ્યક્તિ તે વાતને પ્રગટ કરવા ઇચ્છતો નથી. પરંતુ દુર્ભાવનાથી પ્રેરિત થઇને તેના મનની વાતને અન્ય સંકેતો દ્વારા પ્રગટ કરી દે છે કે જેથી સામેવાળા વ્યક્તિને કષ્ટ પહોંચે.

## (૩) અચૌર્યાણુવ્રત

**સ્વરૂપ :- ''જેના ઉપર મારું સ્વામિત્વ નથી, તે વસ્તુને કોઇના આપ્યા વિના કે અનુમતિ વિના હું નહીં લંઉ''** આ પ્રકારના પ્રણને (પ્રતિજ્ઞાને) અચૌર્યાણુવ્રત કહે છે. અહીં **''પોતાનું સ્વામિત્વ નથી''** તેનો અર્થ છે કે કાં તો તે વસ્તુ કોઇ અન્ય વ્યક્તિની છે અથવા કોઇ વ્યક્તિ વિશેષની ન હોય તો તે રાષ્ટ્ર કે રાજાની છે. તેનો આશય એ છે કે તે સાર્વજનિક રાજકીય સંપત્તિ અથવા રસ્તામાં નિરાધાર પડેલી વસ્તુઓ આદિ બધી વસ્તુઓ અચૌર્યાણુવ્રતી માટે અગ્રહણીય છે, પરંતુ નૈસર્ગિક (કુદરતી) વસ્તુઓ જેમ કે હવા, સાર્વજનિક તળાવ, નદી-કૂવાનું પાણી, સાર્વજનિકજંગલ આદિની માટી, જંગલના સૂકા લાકડા ઇત્યાદિનો ઉપયોગ શ્રાવક અનુમતિ વિના કરી શકે છે અર્થાત્ નૈસર્ગિક સંપત્તિનો ઉપયોગ શ્રાવક કરી શકે છે.

**''प्रमत्तयोगात् अदत्तादानं स्तेयं''** અર્થાત્ પ્રમાદના યોગથી આપ્યા વિનાની વસ્તુને ગ્રહણ કરવી સ્તેય અર્થાત્ ચોરી કહેવાય છે. ચોરી કરવાથી પોતાના તથા અન્યના પ્રાણોને પીડા થાય છે માટે તેને પાપ કહ્યું છે. પ્રમાદ હોવાથી પોતાના આત્માને કષાયયુક્ત કરવાથી પોતાના ચૈતન્ય પ્રાણનો તો ઘાત થાય જ છે તથા અન્યના ધન, સ્ત્રી આદિને તેની મરજી વિના લેવાથી તેના માનસિક પ્રાણોની હત્યા થઇ જાય છે. બીજું, ચોરી કરવાથી પોતાનામાં નિરુદ્યમતા, છળ આદિ દુર્ગુણ નિયમથી આવે છે અને સમાજમાં અરાજકતા ફેલાય છે તેથી ચોરીને મહાપાપની ગણતરીમાં લીધું છે.

### ★ અચૌર્યવ્રતની ભાવનાઓ :-

અચૌર્યવ્રતમાં સ્થિર રહેવા માટે પાંચ ભાવનાઓના આરાધનનું વિધાન કર્યુ છે. જો કે આ ભાવનાઓ મુનિઓના અચૌર્ય મહાવ્રતની મુખ્યતાથી કહી છે તો પણ અચૌર્યાણુવ્રતીએ પણ પોતાની કક્ષાઅનુસાર શક્તિ અનુસાર તેનું આરાધન કરવું જોઇએ.

**''शून्यागारविमोचितावासपरोपरोधाकरणभैक्ष्य-शुद्धिसधर्माविसंवादाः पञ्च''** અર્થાત્ શૂન્યાગારવાસ, વિમોચિતાવાસ, પરોપરોધાકરણ, ભૈક્ષ્યશુદ્ધિ, સધર્માવિસંવાદ આ પાંચ અચૌર્યવ્રતની ભાવનાઓ છે.

**(૧) શૂન્યાગારવાસ :-** પ્રાણીઓથી રહિત પર્વતોની ગુફા, ઝાડની બખોલ આદિ નિર્જન જગ્યાઓમાં રહેવું તેને શૂન્યાગારવાસ કહે છે. પર્વતોની ગુફા આદિ ઉપર કોઇનું સ્વામિત્વ હોતું નથી માટે અન્યના સ્થાન પર અધિકારનો દોષ લાગતો નથી તે હેતુથી આ ભાવના કહી છે. શ્રાવક માટે પોતાના સ્વામિત્વના સ્થાન સિવાય અન્યના સ્થાન પર અનુમતિ વિના ન રહેવાના રૂપમાં આ

ભાવના છે.

(૨) **વિમોચિતાવાસ :-** જે સ્થાન કોઇએ ઉપયોગ કરીને છોડી દીધું હોય અર્થાત્ તેના ઉપર હવે કોઇનું સ્વામિત્વ નથી એવા ઘર, જૂના ખંડેર, જૂના જીર્ણ મહેલ આદિમાં નિવાસ કરવો તેને વિમોચિતાવાસ કહેવાય છે. કોઇના સ્વામિત્વની જગ્યાએ રહેવાથી તે વ્યક્તિને શારીરિક - માનસિક આદિ કોઇપણ પ્રકારે કષ્ટ થવાની સંભાવનાના નિવારણ માટે આ ભાવના કહી છે. શ્રાવક માટે કોઇ જગ્યા કોઇના સ્વામિત્વની તો હોય પરંતુ વર્તમાનમાં તે તેના ઉપયોગમાં આવતી નથી એવી જગ્યા પર તેની અનુમતિ વિના ન રહેવાના રૂપમાં આ ભાવના છે.

(૩) **પરોપરોધાકરણ :-** અન્ય વ્યક્તિ આપણી જગ્યાએ રહે તેને કાઢીને તેની જગ્યાએ પોતે ન રહેવું તે પરોપરોધાકરણ કહેવાય છે. કોઇ પરિવારને મકાન ખાલી કરાવીને અથવા તે પોતાની મરજીથી ખાલી કરે તો પણ ન રહેવું અથવા જંગલમાં કોઇ સિંહ, હરણ આદિ રહેતા હોય તેને કાઢીને પોતે ન રહેવું આદિ પરોપરોધાકરણના ઉદાહરણ છે. બીજાને પોતાની જગ્યાથી ચ્યુત થવાથી જે પીડા ઉત્પન્ન થાય છે તથા ઘર ખાલી કરતા અને નવી વ્યવસ્થા કરવામાં થતી આરંભરૂપ હિંસાની સંભાવનાના નિવારણ માટે આ ભાવના કહી છે. શ્રાવક માટે એવા ઘરમાં અતિથિ આદિ બનીને જવું નહીં કે જેથી તેમને રહેવામાં અસુવિધા થાય અથવા તેમને પોતાના શયન આદિ માટે બીજાના ઘરે જવું પડે આ અભિપ્રાયના રૂપમાં આ ભાવના છે. આનાથી બીજાની જગ્યાનો પોતાના માટે ઉપયોગ કરવા રૂપ ચોરીનો દોષ લાગતો નથી.

(૪) **ભૈક્ષ્યશુદ્ધિ :-** ચરણાનુયોગમાં વર્ણિત આગમોક્ત વિધિથી આહાર-પાન ગ્રહણ કરવાને ભૈક્ષ્યશુદ્ધિ કહે છે. ભૂખથી પીડિત થઇ યાચના કરવી, અન્તરાય આવે તેને સંતાડીને (છુપાવીને) ભોજન કરતા રહેવાથી, શ્રાવક દ્વારા ભક્તિપૂર્વક ભિક્ષા ન આપવાથી, ભ્રષ્ટાચારી તથા ચૌર્યવૃત્તિ (ચોરી) કરનાર શ્રાવકના ઘરે-આહાર કરવો, શક્તિહીનના ઘરે આહાર કરવો આદિથી મુનિને ચોરીનો દોષ લાગે છે એમ કહ્યું છે માટે ભૈક્ષ્યશુદ્ધિને અચૌર્યવ્રતની ભાવનાઓમાં ગ્રહણ કરી છે. કારણ કે આહાર સિવાય મુનિ શ્રાવક પાસેથી અન્ય કંઇ તો લેતા નથી, માત્ર આહાર જ ગ્રહણ કરે છે. જો તેમાં પણ યથોચિત શુદ્ધિ ન રાખે તો તે ચોરી જ કહેવાશે. શ્રાવક માટે ઇમાનદારી સહિત-ભ્રષ્ટાચારથી રહિત પોતાના ન્યાયપૂર્વક કમાયેલ ધનથી બનાવેલ સાત્ત્વિક આહારને ગ્રહણ કરવારૂપ આ ભાવના છે.

(૫) **સધર્માવિસંવાદ :-** આપણા સાધર્મીઓ સાથે મારા - તારા રૂપ કલહ ન કરવો તે સધર્માવિસંવાદ કહેવાય છે. મુનિસંઘ જ્યારે એક જગ્યાએ સ્થિરવાસ કરે ત્યારે આચાર્ય બધા મુનિઓને જુદી-જુદી નિયત જગ્યાએ નિયુક્ત કરીને સામાયિક, સ્વાધ્યાય કરવાની આજ્ઞા કરે છે. એવામાં પોતાની સાધનાની જગ્યાએ કોઇ બીજા મુનિ બેસી જાય તો તેને આ મારું છે એમ કહેવું, તમારું સ્થાન અન્ય છે, તમે તમારા નિયત સ્થાન પર જઇને સામાયિક આદિ કરો એમ કહેવું અથવા જે શાસ્ત્રનું તેઓ અધ્યયન કરતા હોય તેને કોઇ બીજા લઇને વાંચે તો તેને ના પાડવી ઇત્યાદિ મુનિ માટે સધર્મવિસંવાદ કહેવાય છે. આવું ન કરવું સધર્મ અવિસંવાદ કહેવાય છે. ધ્યાન રાખવું કે મુનિને કોઇપણ વસ્તુ પ્રત્યે અંતરંગ મમત્વભાવ હોતો નથી, પરંતુ ક્યારેક સૂક્ષ્મ મમત્વભાવ કદાચિત થોડા ક્ષણ માટે થઇ શકે છે. શ્રાવક માટે પોતાના સાધર્મી પ્રત્યે, ભોગોપભોગની સામગ્રી પ્રત્યે, નિવાસ આદિ પ્રત્યે, ગુરુ આદિ પ્રત્યે મારું-તારું કરીને કલહ ન કરવાના રૂપમાં આ ભાવના છે.

**(ક્રમશઃ)**

● ● ●

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૨૯)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## તીર્થંકર પ્રભુના અષ્ટ પ્રાતિહાર્ય
## નં. ૮ : દિવ્યધ્વનિ

● **મૂળ શ્લોક** : (વસંતતિલકા)

**स्वर्गापवर्ग गममार्ग विमार्गणेष्टः**
**सद्धर्म तत्त्व कथनैक पटुस्त्रिलोक्याम् ।**
**दिव्यध्वनि र्भवति ते विशदार्थसर्व -**
**भाषास्वभाव परिणाम गुणैः प्रयोज्यः ॥३५॥**

● **શબ્દાર્થ** : स्वर्ग - સ્વર્ગ, अपवर्ग - મોક્ષ, गममार्ग - ગમનના (જવાના) માર્ગને, विमार्गणा - શોધવામાં, બતાવનાર, इष्ट - જે ઈષ્ટ, પરમ મિત્ર, सद्धर्म - સત્ય ધર્મના, तत्त्व - રહસ્યને, कथने - કહેવામાં, एक - જે અદ્વિતીય, એકમાત્ર, पटुः - નિપુણ, ચતુર, કુશળ, त्रिलोक्याम् - ત્રણે લોકમાં, दिव्य - દિવ્ય, નિર્મળ, ध्वनि - ધ્વનિ, भवति - થાય છે, ते - તમારો, આપનો, विशद् अर्थ - વિશાળ સ્પષ્ટ અર્થ, सर्व भाषा - સર્વ ભાષાના, स्वभाव - સહજ રીતે, સ્વાભાવિક, परिणाम - પરિણમન કરનાર, गुणैः - ગુણોથી, प्रयोज्यः - જોડાયેલ છે, યુક્ત છે.

● **સમશ્લોકી અનુવાદ** : (મંદાક્રાંતા)

**પદ્મીદાતા કુશળ અતિશે, મોક્ષ ને સ્વર્ગ બંને,**
**સાચો ધર્મી ત્રિજગભરમાં, શુદ્ધ તત્ત્વે પ્રવીણ;**
**એવો તારો વિશદ ધ્વનિ ભાવાર્થ ગૂઢે ભરેલો,**
**ભાષા ગુણે સકળ પરિણામે સ્વભાવે રહેલો. (૩૫)**

● **ભાવાર્થ** : સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઈષ્ટ, પરમ મિત્ર સમ, સદ્ધર્મ અને સદ્તત્ત્વ (વસ્તુ)નું સ્વરૂપ કહેવામાં ત્રણે લોકમાં એક માત્ર કુશળ, વિશાળ, નિર્મળ અર્થવાળો તથા સમસ્ત ભાષા સ્વભાવ, પરિણામ આદિમાં સહજપણે પરિણમતો આપનો દિવ્યધ્વનિ હોય છે.

● **વિશેષાર્થ / પરમાર્થ** : દિવ્યધ્વનિ ઉત્તમ આત્માઓની એક મોટી સિદ્ધિનું લક્ષણ છે. ધ્વનિ પ્રાકૃતિક અલૌકિક વિશ્વશક્તિ છે. ધ્વનિનું શાબ્દિક સ્વરૂપ તો એક અજબગજબના ઉદ્‌ઘોષની સંરચના છે. દિવ્યધ્વનિથી ઉત્તમ પુરુષોનું વ્યક્તિત્વ નીખરે છે. તીર્થંકર પ્રભુનો દિવ્યધ્વનિ એવો છે કે જેનું પાન કરવાથી અંતમાં (પરંપરાએ) મનુષ્ય અજર અમર થઈ જાય છે. જરા અને મૃત્યુ ખૂબ દુઃખદાયક હોવાથી અજરામર સ્થિતિ ભારતીય સાધનાઓનું લક્ષ્ય રહ્યું છે.

વાણી કે વચનશક્તિ મનુષ્ય માટે પ્રકૃતિની અદ્‌ભુત દેન છે. અક્ષરાત્મક કે શબ્દાત્મક વાણી માત્ર મનુષ્ય જ બોલી શકે છે. અન્ય પ્રાણીઓમાં અવાજ કે ધ્વનિ છે, તેમની બોલી છે, પરંતુ તે શબ્દાત્મક નથી. જડ પદાર્થોનો ધ્વનિ પણ નિરાકાર હોય છે. મનુષ્યના અંતર હૃદયમાંથી વાણીનો ઉદ્‌ભવ થાય છે, જે અર્થ અને ભાવયુક્ત વાણી છે. જૈન શાસ્ત્રોમાં તેને વચનલબ્ધિ કહી છે.

જૈન દર્શનમાં કોઈ પણ તત્ત્વ કે પદાર્થને ચાર ભાગોમાં વિભક્ત કર્યા છે, જે ચૌભંગી આ પ્રમાણે છે : (૧) અનાદિ અનંત, (૨) અનાદિ સાંત(સ અંત), (૩) સાદિ (સ આદિ) સાંત અને (૪) સાદિ અનંત. આ ચૌભંગી તત્ત્વની શાશ્વત સ્થિતિ અને અશાશ્વત સ્થિતિનું વર્ણન કરે છે. આધ્યાત્મિક સર્વશ્રેષ્ઠ જેટલા તત્ત્વ અથવા પરિણામ છે તે બધા સાદિ અનંત હોય છે. ચૌભંગીનો ચોથો ભંગ પરમપુરુષોનો અલંકાર છે. દિવ્યધ્વનિ સાદિ અનંત છે, અર્થાત્ દિવ્યધ્વનિની ઉત્પત્તિ એક વિશેષ પ્રકારની આત્મોપલબ્ધિ છે. તે ધ્વનિના રૂપમાં સાદિ સાંત છે પરંતુ શક્તિના રૂપમાં સાદિ અનંત છે.

તીર્થંકર પ્રભુ જ્યારે દેશના પ્રકાશે છે ત્યારે તેમના રોમેરોમ (આત્માના પ્રદેશે પ્રદેશ)માંથી ૐ

(ઉપચારથી) ધ્વનિ નીકળે છે અને સમવસરણમાં બેઠેલા સર્વ જીવો એ ધ્વનિનો પોતાની દશા અનુસાર, પોતપોતાની ભાષામાં અર્થ સમજી જાય છે. એવો આ ધ્વનિનો અતિશય છે. આ દિવ્યધ્વનિ ઈષ્ટ એટલે ઈચ્છનીય અને કલ્યાણકારી છે, તેમ જ ત્રણે લોકને વિશે સત્ય ધર્મનું તત્ત્વ કહેવામાં તે નિપુણ છે. વળી, આ દિવ્યધ્વનિ વિશદ્ (સુવિશાળ) અર્થોથી ભરપૂર હોવાથી સર્વ ભાષા સ્વભાવના ગુણોથી યુક્ત છે. પ્રભુની દેશના શરૂ થાય ત્યારે દેવોના (સાડા બાર કરોડ) વાજા અને દુંદુભિ ધીમા અને ઝાંખા થઈને દિવ્યધ્વનિ સાથે સુસંવાદી બનીને પાર્શ્વભૂ બની રહે છે.

પ્રભુની વાણી સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઈષ્ટ છે, તાત્પર્ય કે જે કોઈ જીવ પ્રભુની વાણીનું શ્રવણ (સુશ્રવણ, સુશ્રૂષા એટલે કે listening and not simply hearing) કરે છે તેને અશુભ ગતિ (નરક અને તિર્યંચ)નો બંધ પડતો નથી અને તેને શુભ ગતિ (મનુષ્ય કે દેવ)નો બંધ પડે છે અને તે શુભ ગતિમાં પુરુષાર્થ કરીને કાળક્રમે પંચમ ગતિ - મોક્ષને પ્રાપ્ત કરે છે. પ્રભુની વાણીનો એવો પ્રભાવ છે કે તે જીવ પોતાના અશુભ ભાવોનો ત્યાગ કરીને શુભ ભાવો ગ્રહણ કરે છે. પૂજ્ય રાકેશભાઈ કહે છે કે જો જીવ શુભમાં અટકે તો સ્વર્ગમાં જાય અને શુભથી આગળ વધે તો છેવટે મોક્ષ પામે.

વળી, પ્રભુની વાણી ત્રણે લોકના જીવોને સત્ય ધર્મ (વીતરાગ દર્શન)નું હાર્દ સમજાવે છે અને એમાં પણ ખૂબી રહેલી છે કે દરેક જીવ પોતાની દશા અનુસાર બોધ ગ્રહણ કરે છે. ગણધરદેવ જેવા એ ધ્વનિમાંથી આખી દ્વાદશાંગીનું જ્ઞાન ગ્રહણ કરે છે. પ્રતિભાસંપન્ન પ્રાજ્ઞ મુનિઓ એમાંથી આત્માનું ઉચ્ચ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે, તો સામાન્ય જીવ સંસારનું દુઃખમય સ્વરૂપ સમજી વૈરાગ્ય કેળવે છે. એટલે કે આ ધ્વનિ સર્વ જીવને પોતે જે દશાએ હોય તેનાથી અધ્યાત્મની ઊર્ધ્વદશા પ્રાપ્ત કરવામાં નિમિત્તરૂપ થાય છે.

પ્રભુના રોમમાંથી એક જ પ્રકારનો ધ્વનિ છૂટે છે. છતાં તે એવો અદ્ભુત છે કે દેવો પોતાની ભાષામાં દેશના પામે છે, મનુષ્યો પોતાની ભાષામાં વાણી સમજે છે અને તિર્યંચો તેમની બોલીમાં પ્રભુને સાંભળે છે. આ રીતે બધી જ ભાષાના ઉત્તમ ગુણો તીર્થંકરદેવની વાણીમાં સમાયેલા છે.

પ્રભુ મનુષ્યદેહે હોવાથી મનુષ્યની ભાષા જ બોલે ને ! વળી, મનુષ્યો પણ અનેક પ્રકારની ભાષાઓ બોલે છે. તેમાંથી એકાદ ભાષામાં જ પ્રભુ બોધે. તેથી અન્ય મનુષ્યોને પણ પ્રભુની વાણી સમજવી દુષ્કર થઈ પડે. આથી પ્રભુનો આવો અતિશય ન હોય તો સુપાત્ર ભવ્ય જીવોને પણ ભાષાના કારણે ઘણી તકલીફ પડે અને જગતની સર્વોત્તમ વસ્તુ (પ્રભુની કલ્યાણકારી દિવ્ય વાણી)થી વંચિત રહે.

આમ, વાણીના અતિશયથી જગતના જીવો પર કેટલો મહાન ઉપકાર થયો છે તેની ઝાંખી થાય છે. પ્રભુને આવો અતિશયવાળો ધ્વનિ પ્રાપ્ત થવામાં તેમના પૂર્વભવના ભાવ છે. પૂર્વે જગતના સર્વ જીવોનું કલ્યાણ કરવાનો મનોરથ, "સવ્વી જીવ કરું શાસનરસી, ઐસી ભાવ દયા મન ઉલ્લસી" તીર્થંકરના જીવે સેવ્યો હોય છે અને ઉત્કૃષ્ટતાપૂર્વક સેવાયેલા ભાવોના સાફલ્ય માટે આવો સર્વગમ્ય ધ્વનિ તેમને પ્રાપ્ત થયો.

હે જગતવત્સલ ! આપની વાણીનો અતિશય વિશ્વને માટે મહાન ઉપકારી છે. કારણ કે આપે જે પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ કરીને લોકાલોકનું સ્વરૂપ જોયું (કેવળજ્ઞાનમાં ઝળક્યું) તેમાંથી સમગ્ર જીવસૃષ્ટિને હિતરૂપ સદ્ધર્મ અને સત્તત્ત્વનો ઉપદેશ જગતજીવો ઉપર નિષ્કામ કરુણા કરીને આપ્યો. આગમમાં પણ કહ્યું છે કે,

**सव्व जगजीव रक्खणड्याए दयड्याए**

**भगवया पावयणं सुकहियं ।**

**અર્થ :** જગતના સર્વ જીવોની રક્ષા અને દયાને માટે ભગવાને જિનપ્રવચન દિવ્ય દેશના આપી.

ભગવાનની વાણી સાંભળવા દેવો ને દાનવો

આવ્યા, માનવો અને તિર્યંચો (પશુ-પંખી) આવ્યા, ચક્રવર્તી જેવા નરેન્દ્રો અને શક્રેન્દ્ર જેવા દેવેન્દ્રો આવ્યા. બાર પ્રકારની પર્ષદા પ્રભુની વાણી સાંભળવા માટે જિજ્ઞાસુ બનીને બેસી ગઈ. પ્રભુની વાણીનો પ્રભાવ તો જુઓ ! ભગવાન અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે અને સૌ પોતપોતાની ભાષામાં સમજી જાય. જો આવો વાણીનો અતિશય પરમાત્મામાં ન હોત તો બધા જીવો ક્યાંથી બોધ પામત ?

અહીં એ પ્રશ્ન થઈ શકે કે આવું કેવી રીતે બને ?

તો આજના વૈજ્ઞાનિક યુગમાં એવા સાધનોની શોધ થઈ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (U.N.O.)માં જે ભાષણ થાય તે પાંચ ભાષાઓમાં આપોઆપ અનુવાદિત થઈ જાય છે : (૧) અંગ્રેજી, (૨) રશિયન, (૩) જર્મન, (૪) ફ્રેન્ચ અને (૫) ચાઈનીઝ. તો પરમાત્માની દેશના તો પુણ્યપ્રકર્ષથી પ્રાપ્ત અતિશય-સંપન્ન છે.

પ્રભુની વાણી સ્વર્ગ અને મોક્ષ (અપવર્ગ)નો માર્ગ બતાવે છે અને સત્યધર્મનું રહસ્ય સમજાવે છે. જીવને બંધનથી મુક્ત બનવાનો, જન્મ-મરણના દુઃખથી છૂટવાનો અને પરમ સુખ-શાંતિ-સમાધિ પામવાનો અનન્ય ઉપાય આ વીતરાગ વાણીમાં જ છે.

તીર્થંકર પ્રભુની મહાપ્રભાવક વાણીને સાંભળવાથી જીવાત્મા જો ચરમશરીરી હોય તો ગણધર આદિની જેમ તે જ ભવે મોક્ષે જાય. અગર હજી ભવ બાકી હોય તો સ્વર્ગે જાય. કારણ કે પ્રભુને શ્રદ્ધાપૂર્વક સાંભળવાથી જીવ હળુકર્મી બને અને પછી તેને શુભગતિ જ હોય.

વાણીનો આવો દિવ્ય અતિશય સર્વજ્ઞ ભગવાનને જ હોય છે (તીર્થંકર નામકર્મના ઉદયથી). મોઢું ઉઘડ્યા વગર કે હોઠ હલ્યા વગર તેમની વાણી સર્વાંગેથી નીકળે છે (આમ્નાય ભેદે સમજવું). તે જ 'અનહદ' (અણાહત, ૐ) નાદ છે. સંસ્કૃત-પ્રાકૃત-હિન્દી-ગુજરાતી-ઇંગ્લીશ વગેરે ૭૦૦ ભાષાના જીવો, તેમજ સિંહ, ગાય, મોર, સર્પ વગેરે તિર્યંચો પણ સૌ પોતાની ભાષામાં પ્રભુનો ઉપદેશ સાંભળે છે. દરેકને એમ લાગે છે કે પ્રભુ મારી ભાષામાં જ બોલે છે.

પ્રભુની વાણીનું પ્રયોજન તો મોક્ષમાર્ગ સાધવાનું છે. મોક્ષ વીતરાગતાપૂર્વક થાય છે. રાગનો એક કણિયો (અનંતાંશ) પણ હોય તો તે મોક્ષને રોકે, (ઉદાહરણ તરીકે ગૌતમસ્વામીનો પ્રભુ મહાવીર પ્રત્યેનો પ્રશસ્ત રાગ) અથવા તે નવા ભવનું કારણ થાય. ઉદાહરણ તરીકે નકુલ અને સહદેવને ત્રણ મોટાભાઈઓનો વિકલ્પ આવતા ૩૩ સાગરોપમનો સર્વાર્થસિદ્ધ મહાવિમાનનો ભવ તથા એક મનુષ્યભવ વધી ગયા. અહીં વ્યવહારથી સમજવું કારણકે વ્યવહારથી મતિ તેવી ગતિ. પરંતુ નિશ્ચય (ક્રમબદ્ધ પર્યાય)થી ગતિ તેવી મતિ ભગવાને કહેલ છે.

તેથી જ દિગ્ગજ કુંદકુંદાચાર્યદેવે 'પંચાસ્તિકાય'માં કહ્યું કે,

"તેથી ન કરવો રાગ જરીયે, ક્યાંય પણ મોક્ષેચ્છુએ;
વીતરાગ થઈને એ રીતે, તે ભવ્ય ભવસાગર તરે."(૧૭૨)

ભગવાનનો ઉપદેશ નિષ્કામ (ઇચ્છા વગર) નીકળે છે. એક આમ્નાય પ્રમાણે રોજ સવારે-બપોરે-સાંજે ને રાત્રે છ - છ ઘડી (આશરે ૧૦ કલાક) ભગવાનની વાણી નીકળે છે. બીજી આમ્નાયમાં એક વખત ૩ કલાક અને ૧૨ મિનિટ દેશના હોય છે. ભગવાનના અતિશયને લીધે કોઈ જીવો થાકતા નથી. ભાષામાં એક સાથે બધા તત્ત્વો આવે છે અને સર્વ જીવોનું સમાધાન થઈ જાય છે. એ વાણીને ઝીલીને અનેક જીવો તત્ક્ષણ અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામી જાય છે. ઇન્દ્રો અને મુનિવરો પણ જે સાંભળતા એકાગ્રચિત્ત થઈ જાય તે જિનવાણીની મધુરતાનું શું કહેવું ? 'મધુર રાગ માલકોશમાં વહેતી તીર્થંકરની વાણી.' 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ.'

પુરાણોમાં આવે છે કે સમુદ્રમંથનથી પહેલા ઝેર અને પછી અમૃત નીકળ્યું. પરંતુ તીર્થંકર આદિનાથ

પ્રભુના કેવળજ્ઞાનથી ભરેલા ગંભીર સમુદ્રમાંથી તો કેવળ વીતરાગી અમૃત જ ઝરે છે ! તેનું પાન કરનારા ભવ્ય જીવો અમરપદ (સ્વર્ગ અને મોક્ષ)ને પામે છે. હે જિનવાણી ! તું તો જગતના ભવ્ય જીવોની માતા છે. ૐ (ઓમકાર) એ જિનવાણીનું પ્રતીક છે. ભગવાન 'ઓમ' અક્ષરરૂપ ભાષા નથી બોલતા, તેમનો દિવ્યધ્વનિ તો નિરક્ષરી છે.

'ગોમ્મટસાર'માં કહ્યું છે કે ભગવાને કેવળજ્ઞાનમાં જે જાણ્યું, વાણીમાં તેનો અનંતમો ભાગ જ આવ્યો; વાણીમાં જે આવ્યું તેનોય અનંતનો ભાગ જ ગણધરદેવે શ્રુતજ્ઞાનમાં ઝીલ્યો; ગણધરદેવે જે ઝીલ્યું તેનો ય અનંતમો ભાગ જ બાર અંગ - શાસ્ત્રોરૂપે રચી શકાયો. આ ઉપરથી સર્વજ્ઞના જ્ઞાનની અને તેમની વાણીની પરમ અગાધતા અને ગંભીરતાનો ખ્યાલ આવે છે. આજે પણ તે જ્ઞાનામૃત વિદ્યમાન છે. ભલે થોડું છે પણ અમૃતના સમુદ્રમાંથી ભરેલા કળશ માફક ભવ્ય જીવોને મોક્ષમાર્ગ દેખાડી, તેમની તૃષા મટાડી, તેમને શાશ્વત મોક્ષસુખ અપાવી શકે તેમ છે. આચાર્ય ભગવંતો અને શ્રી ગુરુઓના પ્રતાપે આજે ય મોક્ષમાર્ગ જીવંત છે. તીર્થંકરો મોક્ષસ્વભાવી છે ને મોક્ષનો માર્ગ દેખાડનાર છે. तिन्नाणं तारयाणं – પ્રભુ પોતે ભવસમુદ્રથી તર્યા ને બીજા જીવોને ભવસમુદ્રથી તારનારા (ઉત્કૃષ્ટ નિમિત્ત અપેક્ષાએ) છે.

રોહિણીયા ચોરને પ્રભુવાણીના ચાર શબ્દો ('દેવોને પડછાયો ન હોય') પરાણે શ્રવણ થતાં તેનો જીવ બચી ગયો. એ પછી પ્રભુના માર્ગે ચાલીને તરી ગયો. વીતરાગવાણી જે શ્રવણ કરે તેનું એકાંતે કલ્યાણ જ છે. પ્રભુની વાણીને સાક્ષાત્ અમૃત સરખી અને અજરામર પદને દેનારી કહી છે. વ્યવહારમાં અમૃતપાન મુખથી થાય છે, જ્યારે આ દિવ્યધ્વનિનું અમૃતપાન કર્ણ દ્વારા થાય છે.

અનંત અનંત ભાવભેદથી ભરેલી અને અનંત અનંત નય નિક્ષેપવાળી જિનેશ્વરની વાણીને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ પાંચ વિશેષણો આપ્યા છે (મોક્ષમાળા શિક્ષાપાઠ - ૧૦૭) : (૧) સકલ જગત હિતકારિણી, (૨) હારિણી મોહ, (૩) તારિણી ભવાબ્ધિ, (૪) મોક્ષચારિણી અને (૫) પ્રમાણી છે.

મહાન આચાર્ય શુભચંદ્રાચાર્ય દેવે પણ તેમના પ્રાચીન અને પ્રમાણભૂત શાસ્ત્ર 'જ્ઞાનાર્ણવ'માં પ્રભુની વાણીને આ પાંચ વિશેષણોથી નવાજેલ છે :-

**प्रबोधाय विवेकाय हिताय प्रशमाय च ।**
**सम्यक्तत्त्वोपदेशाय सतां सूक्तिः प्रवर्तते ॥८॥**

**અર્થ :** સત્પુરુષો(પ્રભુ)ની સુંદરવાણી પદાર્થોનું વિશિષ્ટ જ્ઞાન, વિવેક, હિત, કષાયોની શાંતિ તથા સમીચીન (સત્ય, યથાર્થ) તત્ત્વઉપદેશ માટે હોય છે.

આચાર્ય અમિતગતિ તેમના 'સામાયિક પાઠ'માં પ્રભુની વાણીને આ રીતે વર્ણવે છે.

बोधिः समाधिः परिणामशुद्धिः,
स्वात्मोपलब्धि शिवसौख्य सिद्धिः ।
चिन्तामणिं चिन्तितवस्तुदाने,
त्वां वंद्यमानस्य ममास्तु देवी ॥११॥

**ગૂર્જર પદ્યાનુવાદ :**

પ્રભુવાણી ! તું મંગલમયી, મુજ શારદા હું સમજતો,
વળી ઇષ્ટવસ્તુ દાનમાં, ચિંતામણિ હું ધારતો;
સુબોધ ને પરિણામ શુદ્ધિ, સંયમને વરસાવતી,
તું સ્વર્ગના દિવ્ય ગીત સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી.

પૂજ્ય શ્રી આત્માનંદજી તેમના સ્વાધ્યાયમાં જિનવાણીના ૮ વિશેષણો આ પ્રમાણે કહે છે :

(૧) અનેકાંતયુક્ત, (૨) અવિરોધ, (૩) પવિત્ર, (૪) પ્રમાણી, (૫) નિઃસ્વાર્થી, (૬) નિષ્પક્ષ, (૭) સાપેક્ષ (૮) સમતોલ.

'પુષ્પમાળા'માં શ્રીમદ્જીએ કહ્યું તેમ વાણી અને વચન શાંત, મધુર, કોમળ, સત્ય, શૌચ હોવાં જોઈએ.

અંતમાં સહુ જીવો પ્રભુ મહાવીરે કહેલ ચાર દુર્લભ (ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યાય- ૩)માંથી આ બીજું દુર્લભ (જિનવાણી શ્રવણ) પામીને, શીઘ્ર અધ્યાત્મ ક્ષેત્રે ઉર્ધ્વગતિ કરે તેવી મંગલ ભાવના સાથે, જિનવાણીથી કાંઈ વિપરિત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥
॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

# આત્માની પરિણામ શક્તિ (૧૯)

વલભજી હીરજી 'કેવલ'

આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. તેમાં દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય વ્યય ઉત્પાદ આલિંગિત સદશ અને વિસદશ જેવું રૂપ છે એવા એક અસ્તિત્વ માત્ર મયી પરિણામ શક્તિ છે. ધ્રૌવ્યથી એકરૂપ રહેવા પણું અને ઉત્પાદ વ્યયથી બદલવાપણું- આવા સ્વરૂપે પોતાનું એક અસ્તિત્વ રાખે એવી આત્માની પરિણામ શક્તિ છે.

ઉત્પાદ - વ્યય- ધ્રુવ એ ત્રણેય ભાવો દ્રવ્યના સ્વભાવભૂત છે. તે પરને લીધે નથી. આત્મદ્રવ્ય દ્રવ્યપણે અદશ રહીને પોતાની પર્યાયના પ્રવાહરૂપે વહ્યા કરે છે. આવો તેનો પરિણામસ્વભાવ છે. વસ્તુ સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવને સ્પર્શે છે. નિર્મળ ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં વર્તવું તે પરિણામશક્તિનું સાચું કાર્ય છે. ધ્રુવતા ને ક્ષણિકતા એ બંને સ્વભાવો એક વસ્તુમાં રહેલા છે. નિર્મળ પર્યાયમાં પરિણમતું જ્ઞાન પોતાના સામર્થ્ય વડે વિકલ્પને અને સંયોગોને પણ જાણી લ્યે છે. જે આવા જ્ઞાનપરિણામ વર્તે છે તે આખી વસ્તુને ભેગી રાખીને વર્તે છે. પરિણામથી વસ્તુ જુદી રહી જતી નથી.

દરેક દ્રવ્ય પોતાના પરિણામસ્વભાવમાં વર્તી રહ્યું છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામસ્વભાવ વગરનું કોઈ દ્રવ્ય હોતું નથી. આત્મા જ્ઞાનપરિણામમાં જ રહેલો છે. આવો આત્મા પરિણામની એકાગ્રતા વડે પકડાય છે. બીજે બધેથી લક્ષ ખસેડીને આત્માના સ્વભાવમાં લક્ષ એકાગ્ર કરે ત્યારે તે અનુભવમાં, શ્રદ્ધામાં ને જ્ઞાનમાં આવે છે. પરિણામ શક્તિવાળા આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં ત્રણ જુદા જુદા પરિણામ નથી, પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવની એકતારૂપ પરિણામ છે. આવા પરિણામ સ્વભાવમાં વસ્તુ રહેલી છે. પરિણામશક્તિ વડે આત્માનું જે સ્વરૂપ ઓળખાવ્યું તેનું ફળ વીતરાગતા છે. અનંત ગુણોથી પરિપૂર્ણ નિર્મળભાવમાં પરિણમતો જે આત્મા તે જ તારું ઠરવાનું સ્થાન છે, તે જ આનંદનું ધામ છે. આવા આત્માને દૃષ્ટિમાં ને અનુભવમાં લઈને તેમાં ઠરતાં ચારિત્રદશારૂપ મુનિપણું થાય છે. આ રીતે આત્માના સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તેમાં ઠરતાં સમ્યગ્દર્શન - જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ થાય છે ને કેવલજ્ઞાનરૂપ આત્મવૈભવ ખુલે છે.

પરિણમન થાય તે પરિણામશક્તિનું કાર્ય છે. પણ તે પરિણમન દ્રવ્યમાંથી ઊઠે છે, ગુણમાંથી નહિ. આત્મદ્રવ્ય પોતે ગુણ-લક્ષણરૂપે પરિણમે છે. તેથી ક્રમ-અક્રમસ્વભાવ દ્રવ્યનો કહ્યો છે. આનંદની જે પરિણતિ ઊઠે છે તે આનંદ ગુણમાંથી નહિ, આત્મદ્રવ્યમાંથી ઊઠે છે. સમ્યગ્દર્શનરૂપ નિર્મળ શ્રદ્ધાનની જે પરિણતિ ઊઠે છે તે શ્રદ્ધા ગુણમાંથી નહિ પણ દ્રવ્યમાંથી ઊઠે છે. ત્રિકાળી શુદ્ધ જે નિજ દ્રવ્ય છે તેનું લક્ષ કરી પરિણમતા વીતરાગતા પ્રાપ્ત થાય છે.

આત્મશક્તિઓ ત્રિકાળ પારિણામિક સ્વભાવે છે ને ક્ષાયિકાદિ નિર્મળભાવ તેના પરિણામ છે. આવા પરિણામ સ્વભાવી આત્માને ઓળખતા નિર્મળ પર્યાયના ઉત્પાદરૂપે તે પરિણમે છે ને તે મોક્ષનો માર્ગ છે.

**(ક્રમશઃ)**

## ચિંતન

હે આત્મા ! તું એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. તારા જ્ઞાન-દર્શન તારી પાસે છે. બીજા સાથે નિશ્ચયથી તારે કોઈ લેવાદેવા નથી. જે તારું નથી તેના ઉપર મમત્વ ન કર. મનુષ્યભવ એ તો સિદ્ધાલયમાં પહોંચવા માટેનું જંકશન છે. તેં બિછાવેલી પરભાવરૂપી ચાદર સમેટી લે, અને અનંત સુખસ્વરૂપ સ્વ-સ્વભાવના મહેલમાં અનંતકાળ સુધી નિવાસ કર. જાગૃત થા ! જાગૃત થા !

# કર વિચાર તો પામ

નવનીતભાઈ પી. શાહ

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રે 'વિચાર' ઉપર બહુ ભાર મૂક્યો છે. શરૂઆતમાં વીશ વર્ષની ઉંમરે 'મહાનીતિ'માં લખે છે, (૪૨૪) 'વિચારશક્તિને ખીલવું.' અને પછી ૩૨ વર્ષની જ્ઞાનગંભીર વયે લખાયેલા પત્રાંક - ૮૫૬માં તો તેઓશ્રીએ વિચારને એક બળ તરીકે ગણાવ્યું છે, અને પાંચ બળ ગણાવ્યા તેમાં પ્રથમ 'જિજ્ઞાસાબળ' પછી બીજા નંબરે 'વિચારબળ' બતાવ્યું છે. અને પછી વૈરાગ્ય, ધ્યાન અને જ્ઞાનબળનો ક્રમ બતાવ્યો છે. જ્યારે કોઈ જીવનું ભવિતવ્ય જાગે ત્યારે પહેલાં તો વસ્તુસ્વરૂપની જિજ્ઞાસા જાગે છે : 'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?' એવા પ્રશ્ન ઊભા થાય છે.

અને પછી 'એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતત્ત્વ અનુભવ્યાં.' મોક્ષમાર્ગની શરૂઆત વિચારથી થાય છે અને એ વિચારને વિવેકપૂર્વક કરવાના આધારસ્તંભ છે : સદ્ગુરુ અને સત્શાસ્ત્ર. 'સત્સંગ અને વિચારનો યોગ ન મળે તો આત્મગુણ પ્રગટ થતો નથી (ઉપદેશ છાયા -૪)' અને એના ફળસ્વરૂપ 'વિચારવાનો શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા' (આંક - ૪૯૨).

મોક્ષમાર્ગની શરૂઆત વિચારથી કેવી રીતે થાય છે તે પરમકૃપાળુદેવ આખી સાંકળ બહુ સરત રીતે બતાવી કહે છે : 'વિચાર વિના જ્ઞાન નહીં, જ્ઞાન વિના સુપ્રતીતિ એટલે સમ્યક્ત્વ નહીં, સમ્યક્ત્વ વિના ચારિત્ર ન આવે, અને ચારિત્ર ન આવે ત્યાં સુધી કેવળજ્ઞાન ન પામે, અને જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી મોક્ષ નથી; એમ જોવામાં આવે છે.' (વ્યાખ્યાનસાર - ૧ - ૧૬૩)

આંક - ૫૬૮માં પરમકૃપાળુદેવ લખે છે : 'આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય તેમાં આશ્ચર્ય લાગતું નથી.' એટલે જ 'આત્મસિદ્ધિ'ની પહેલી જ ગાથામાં કહે છે : 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' આત્માનું અને મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ સમજવું, એનો યથાર્થ નિર્ણય થવો, આવશ્યક છે; અને તે વિચારમંથનથી જ થઈ શકે છે.

મોક્ષનો ઉપાય એટલે કે 'સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં' (આં.૫૬૯). પણ આ જ વાક્યમાં પરમકૃપાળુદેવ લાલબત્તી ધરે છે : 'અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી.' આપણું સમગ્ર જીવન અસત્પ્રસંગોમાં વેડફાઈ જાય છે અને તેથી સત્સંગ માટે બહુ ઓછો સમય બાકી રહે છે અને તે પણ જાતી ઉંમરે થાય છે, જ્યારે વિચારશક્તિ શિથિલ થઈ હોય છે.

'પુદ્ગલ પરમાણુ અને તેના પર્યાયાદિનું સૂક્ષ્મપણું છે. તેના વારંવાર વિચારથી સ્વરૂપ સમજાય છે, અને તે પ્રમાણે સમજાયાથી તેથી સૂક્ષ્મ અરૂપી એવો જે આત્મા તે સંબંધી જાણવાનું કામ સહેલું થાય છે.' (વ્યાખ્યાનસાર - ૧-૧૭૯)

સૂક્ષ્મ વસ્તુસ્વરૂપનો વારંવાર વિચાર કરવાનો આ બોધ પરમકૃપાળુદેવે મોરબીમાં મુમુક્ષુઓને વિ. સંવત્ ૧૯૫૪-૫૫માં પ્રત્યક્ષ સત્સંગમાં આપ્યો હતો.

ખંભાતના મુમુક્ષુઓને પત્રાંક - ૨૫૪માં મુમુક્ષુતા વિશે અને સાધનાક્રમ વિશે પરમકૃપાળુદેવે

પદ્ધતિસર સમજાવ્યું છે. એ પત્રમાં અંતમાં લખે છે : ''માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકુ આ લખ્યું છે, તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો અને તે સમજવું એમ અમે કહીએ છીએ. કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે.''

મોક્ષમાર્ગની શરૂઆત, મધ્ય અને અંત 'વસ્તુ-વિચાર'ની આવશ્યકતાથી પ્રભાવિત રહે છે.

તત્ત્વજ્ઞાનના વિચાર થાય તો મુમુક્ષુઓને પ્રશ્નો પણ જાગે એ સ્વાભાવિક છે અને જરૂરી પણ છે. આંક - ૬૩૦માં પરમકૃપાળુદેવ કહે છે, ''આવાં પ્રશ્નો કેટલાક મુમુક્ષુ જીવને વિચારની પરિશુદ્ધિને અર્થે કર્તવ્ય છે.''

'આત્મસિદ્ધિ'માં આઠ ગાથામાં વિચાર વિશે લખાયું છે : 'વિચારવા આત્માર્થીને', 'જ્યાં પ્રગટે સુવિચારણા', 'ઊપજે તે સુવિચારણા', 'પૂછ્યાં કરી વિચાર', 'વિચારતાં વિસ્તારથી', 'ઔષધ વિચાર ધ્યાન', 'સ્થાનક પાંચ વિચારીને' અને શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન આત્મતત્ત્વને પ્રાપ્ત કરવા માટે કહે છે : 'બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ.' આ ગાથા - ૧૧૭ તો આત્મસિદ્ધિની કલગી સમાન છે.

'વિચાર' એ કોઈ માનસિક કસરતનો વિષય નથી. કદાચ શરૂઆતમાં એમ ભલે હોય; પણ પછી તે 'દશા'નો વિષય છે. આંક - ૫૩૭માં મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને એમ કહીને મુમુક્ષુઓ કેવા હોય અથવા કેવા હોવા જોઈએ એનો ઈશારો કર્યો છે; અને આવા વિચારવાન જીવોને આંક - ૭૪૯માં શીખ આપી છે : ''વિચારવૃત્તિ સાથે ત્યાગવૃત્તિ ઉત્પન્ન કરવી તે જ વિચાર સફળ છે, એમ કહેવાનો જ્ઞાનીનો પરમાર્થ છે.'' વિચારવૃત્તિનું ફળ તો આવી 'દશા' પ્રગટ કરવામાં જ છે.

આપણે વિચારવૃત્તિ અને ત્યાગવૃત્તિનો સમન્વય કરી જીવન સફળ કરીએ એ જ અભ્યર્થના.

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

[૧] **પુસ્તકનું નામ : આધુનિક યુગસંદર્ભ અને જૈનદર્શનનાં તત્ત્વો**

**પ્રેરક :** આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મ.સા.

**સંકલન :** ડૉ. નલિનીબેન દેસાઈ ● આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૭ ● પાના : ૧૬૪ ● મૂલ્ય : રૂ. ૧૫૦

**પ્રકાશક :** શેઠ દલપતભાઈ મગનભાઈ (હઠીસિંહ) શારદાભુવન જૈન પાઠશાળા ટ્રસ્ટ, હઠીભાઈની વાડી, અમદાવાદ

**પ્રાપ્તિસ્થાનો :** (૧) ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, અમદાવાદ
(૨) ગૂર્જર એજન્સીઝ ફોન. ૨૨૧૪૪૬૬૩

પૂ. આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ મહારાજની નિશ્રામાં સને ૨૦૧૫માં 'જૈનદર્શનનાં તત્ત્વો અને વર્તમાનમાં તેની ઉપયોગિતા' પર હઠીસિંહની વાડીમાં પરિસંવાદનું આયોજન થયું હતું. આ પરિસંવાદના લેખોનું આ પુસ્તકમાં સુંદર સંકલન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત જૈનધર્મ વિશેષતાઓ અને પડકારો, 'યોગબિંદુ' ગ્રંથમાં જીવનપયોગી તત્ત્વો, 'કહાવલી'માં જીવનબોધ, આગમસાહિત્ય અને આપણું સાંપ્રત જીવન વગેરે ૧૫ જેટલા વિષયોની સુંદર છણાવટ કરવામાં આવી છે.

# અધ્યાત્મ યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીને ભાવાંજલિ

કુ. રીનાબેન એ. શાહ

પરમ તત્ત્વજ્ઞ, અધ્યાત્મયોગી, વીતરાગના પરમ ઉપાસક, જ્ઞાનાવતાર, શતાવધાની, 'સાક્ષાત્ સરસ્વતી' તથા 'હિંદના હીરા'નું બિરુદ પ્રાપ્ત કરનાર, કરુણાસાગર, સત્ધર્મપથપ્રદર્શક, મુમુક્ષુ જીવોના પરમ ઉપકારી, પંચમકાળની વિરલ વિભૂતિ, યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીનો દેહવિલય થયાને આજે (ચૈત્ર વદ પાંચમ, સં. ૧૯૭૩) ૧૧૬ વર્ષ પૂરા થાય છે.

લગભગ એક દાયકો વીતી જવા છતાં ભક્તોનાં - મુમુક્ષુઓના- સાધકોનાં હૃદયમાં ફક્ત બિરાજી રહ્યાં છે એટલું જ નહીં, પરંતુ દિવસે દિવસે તેઓશ્રી પ્રત્યેનો અનુરાગ-શ્રદ્ધા-ભક્તિભાવ સવાયો વધી રહ્યો છે. તેમજ કેટલાંક નવા નવા જિજ્ઞાસુઓ તથા બુદ્ધિજીવી વર્ગ પણ પરમકૃપાળુદેવનાં અમૃતતુલ્ય વચનામૃતો તથા રાજભક્તોના સત્સંગ-સત્સમાગમ દ્વારા આત્મ-કલ્યાણનો માર્ગ અપનાવી રહ્યા છે અને તે દ્વારા પોતાનું સર્વોચ્ચ કલ્યાણ સાધી રહ્યા છે.

આવો, તેઓશ્રીના આ સમાધિ-મરણ દિન નિમિત્તે સમાધિસમયની તેઓશ્રીની સમાધિદશાનાં સ્મરણરૂપ તથા તેઓશ્રીના આજ્ઞા પ્રમાણે જીવન જીવવાના સંકલ્પરૂપ શ્રદ્ધાસુમન શ્રદ્ધાંજલિ રૂપે તેઓશ્રીના ચરણોમાં અર્પણ કરીએ.

માત્ર સાત વર્ષની વયે જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત, અઢાર વર્ષની વયે શ્રીરામ જેવો તીવ્ર વૈરાગ્ય પ્રાપ્ત, ત્રેવીસ વર્ષની વયે શુદ્ધ સમ્યગ્દર્શન પ્રાપ્ત, જીવનનો લગભગ છેલ્લા દસકો માથું ધડ પર ન રહે એવી ઉપાધિમાં પણ અદ્ભુત સમાધિમય જીવન જીવનાર પરમકૃપાળુદેવે વિ.સં. ૧૯૫૬માં કાંચન એ કામિનીનો ત્યાગ કરી સંન્યસ્ત જીવન અંગીકાર કરવાનો નિશ્ચય કર્યો ત્યાં જ સંગ્રહિણી નામના રોગે તેઓશ્રીના દેહને ઘેરી લીધો. અનેક ઉપચાર કરવા છતાં રોગનું નિવારણ થયું નહીં. ત્યારે તેઓશ્રી રાજકોટથી ફાગણ વદ ૩, સં. ૧૯૫૭ના દિવસે લખે છે કે "ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું.

માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો."

પરમકૃપાળુદેવે છેલ્લે જ્યારે વવાણિયા છોડ્યું ત્યારે માતુશ્રીને, પિતાશ્રીને, મિત્રોને, ઘરને, ડેલીને તથા ગામને વારંવાર નમસ્કાર કર્યા હતા. આથી એક મુમુક્ષુભક્તે તેઓશ્રીને તેનું કારણ પૂછ્યું, તો તેઓશ્રીએ જણાવ્યું કે "આગળ ઉપર સમજાશે." તે ભક્તને પાછળથી સમજાયું હતું કે તેઓશ્રી ફરી વવાણિયા આવનાર ન હતા.

બીમારી દિવસે દિવસે વધતી જતી હતી. શરીર એટલું નબળું પડી ગયું હતું કે શરીરનું વજન ૧૪૦ રતલમાંથી ફક્ત ૫૭ રતલ થઈ ગયું હતું. તે સમયે સેવામાં હાજર લીંબડીના પરમ ભક્ત શ્રી મનસુખભાઈ દેવશી જણાવે છે, "પ્રભુને વારંવાર ઝાડો થતો હતો. પરંતુ તે મળમાંથી જાવંતરી કેસર સુખડ જેવી સુગંધ આવતી હતી. તેમજ શરીર પણ સુગંધદાર રહેતું હતું. વળી, શરીરે કોઈ વખત તાવ આવતો તે તાવ ઉતરે ત્યારે પરસેવો વળતો તે પણ ઘણો જ સુગંધદાર હતો. આવી શરીરસ્થિતિ વખતે પણ મુખમુદ્રા અત્યંત પ્રફુલ્લિત આનંદમય જોવામાં આવતી અને આત્મા આત્મભાવે જ અખંડિત વર્તતો."

પરમકૃપાળુદેવ વારંવાર ડૉક્ટરને સૂચના આપતા કે, "હું આર્ય છું. માટે અનાર્ય ઔષધિ મારા ઉપયોગમાં ન જાય તેમ કરવાનું છે."

ચૈત્ર વદ - ૫, સં. ૧૯૫૭ એટલે પરમકૃપાળુદેવનો આ અવનિ પરનો વર્તમાન પર્યાયનો અંતિમ દિવસ. તે દિવસે મોરબીના શ્રી નવલચંદભાઈ

ડોસા, શ્રી રેવાશંકરભાઈ, લીંબડીના શ્રી મનસુખભાઈ દેવશી, શ્રી ચત્રભુજભાઈ, અમદાવાદના શ્રી પૂંજાભાઈ તથા રાજકોટના અમુક ગૃહસ્થો હાજર હતા. નાના ભાઈ શ્રી મનસુખભાઈને વિક્ષેપ ન થાય તે માટે પરમકૃપાળુદેવે સવારે ૯.૦૦ વાગ્યે થોડું દૂધ અને દવા વાપર્યા. તથા શ્રી મનસુખભાઈને કહ્યું, "તું કચવાઈશ મા, માની સંભાળ રાખજે, હું આત્મસ્વરૂપમાં લીન થાઉં છું." તે પહેલાં શ્રીમનસુખભાઈને એમ પણ પ્રકાશેલ કે, "હવે પછી હું કોઈ પણ માને રોવડાવીશ નહીં. તમારા ભાઈનું સમાધિમરણ થશે."

પરમકૃપાળુદેવ ઢોલીયા પર પોઢ્યા હતા. તેના પરથી ખુરશી ઉપર શયન-આસન ગોઠવવાની આજ્ઞા આપી. તે પ્રમાણે તેઓશ્રીને શયન કરાવ્યું. પછી પરમકૃપાળુદેવ સમાધિસ્થિત થયાં. લગભગ પાંચ કલાક આ સ્થિતિમાં રહી બપોરે ૨.૦૦ વાગ્યે આ નશ્વરદેહનો ત્યાગ કર્યો. આમ, આ જ્ઞાનભાસ્કર સૌ મુમુક્ષુભક્તોને કાયમી વિરહવેદના આપીને મધ્યાહ્ને અસ્ત થઈ ગયો. અને સમસ્ત જગત એક આઘાતમાં સરી ગયું. અનેક મુમુક્ષુઓએ, મહાનુભાવોએ એ વિરહવેદનાને શબ્દોથી વ્યક્ત કરી છે. પરમકૃપાળુદેવના પરમ આજ્ઞાંકિત ભક્ત શ્રી અંબાલાલભાઈ લખે છે,

"આ ભારતભૂમિનો પ્રકાશિત થયેલો સૂર્ય અસ્ત થયાના અતિ ખેદકારક સમાચાર સાંભળી રાત્રિદિવસ અશ્રુધારા વહ્યા કરે છે. ખેદનો અવકાશ નથી મનાતો. વિશેષ શું વર્ણવું. નિરાશ્રયપણે અઘોરવનમાં મૂકીને પ્રભુએ સદૈવનો વિયોગ આપ્યો. એ આગળ બીજું દુઃખ શું વર્ણવીએ. હવે તો શાંતિ રાખી પ્રભુએ પ્રકાશિત કરેલા માર્ગમાં સદૈવ પરમજાગૃતિથી અપ્રમત્તપણે વિચરવું એ જ કર્તવ્ય છે."

શ્રી નવલચંદભાઈ ડોસા લખે છે,

"ભારતભૂમિનો તેમાં વિશેષ્યે કરીને આપણો જ પ્રકાશિત સૂર્ય અસ્ત થયો છે. કલ્પવૃક્ષ ફળ આપતાં આપતાં ચાલ્યું ગયું છે. રત્નચિંતામણિ ઇચ્છિત ફળ આપી શકે છે એવું ફળ લેનારાના સમજવામાં આવતાં કાળરૂપી કાગડાએ તે ચિંતામણિને ખસેડી મૂક્યું. આપણે સર્વ બાળકો ઘોર અંધાર સંસારમાં મુસાફરી કરતાં જે સફરી જહાજ હાથ આવેલું પરંતુ પંચમ કાળના પવનના જબરા ઝપાટાથી તે આશ્રય ખોઈ બેઠાં છીએ. સહજ આત્મસ્વરૂપ પ્રભુના વિરહથી જે ખેદ થાય છે તે કોઈ પણ પ્રકારે વર્ણવી શકાય તેમ નથી. તેની સાથે એવા તો બેશુદ્ધ બની ગયા છીએ કે શું કરવું તે કાંઈ સુઝતું નથી. શું લખવું ? યા શું વિચાર કરવો ? યા કેમ કરવું ? તે સઘળું ખેદાદિક કારણને લઈને કાંઈ પણ સૂઝતું નથી. "

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી લખે છે,

"વાત ન માની શકાય તેવી છે. મનમાંથી તે વિસરી શકાતી નથી. ખોટો કે સાચો મને એમનો બહુ જ મોહ હતો. અને મારી ઉમેદ પણ તેમાં ઘણી હતી તે બધી ગઈ. એટલે હું સ્વાર્થને રડું છું."

શ્રી નવલચંદભાઈ પરમકૃપાળુદેવની છેલ્લા સમયની દશા વર્ણવતાં લખે છે,

"આ વખતનું વર્ણન આત્મામાં યથાર્થ સમજાય છે. પણ વર્ણવી દર્શાવવાને શબ્દોમાં મૂકવાનું ધ્યાનમાં આવતું નથી. નિર્વાણ વખતે મૂર્તિ અનુપમ ચૈતન્યવાળી, શાંત, મનોહર ને જોતાં તૃપ્તિ ન થાય એવી શોભતી હતી. એમ આપણ ગુણાનુરાગીને તો લાગે પણ જેઓ સંબંધથી હાજર રહેલા તેને પણ આશ્ચર્ય પમાડતી પૂજ્યભાવ ઉત્પન્ન કરતી જણાતી હતી. આ વખતના અદ્‌ભુત સ્વરૂપનું વર્ણન કરવાને આત્મામાં જે ભાસ થાય છે તે લખી શકાતો નથી."

આપણે પણ આવા મહાજ્ઞાનીપુરુષનાં વચનોને સમજીને, જીવનમાં ઉતારીને, આત્મકલ્યાણ સાધીને આ અતિ દુર્લભ મનુષ્યદેહને સાર્થક કરી પરમકૃપાળુદેવને સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ એ જ ભાવના સાથે.

ભગવાનની વાણી વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં.


■ ■ ■

# શ્રાવક ધર્મ - આચરણ


શ્રાવકને પ્રથમ તો ભગવાન સર્વજ્ઞદેવની અને તેમના વચનોની ઓળખાણ તથા શ્રદ્ધા હોય. સર્વજ્ઞદેવે કહેલું ધર્મનું સ્વરૂપ જ સત્ય છે, એની શ્રાવકને નિઃશંક શ્રદ્ધા હોવી જોઈએ, કેમકે ધર્મના મૂળ પ્રણેતા સર્વજ્ઞદેવ છે. મુનિના કે શ્રાવકના જેટલા ધર્મો છે તેનું મૂળ સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞની પ્રતીતિ વગર સમ્યગ્દર્શન ન હોય, ને સમ્યગ્દર્શન વગર શ્રાવકના દેશવ્રત કે મુનિના મહાવ્રત હોય નહિ. સર્વજ્ઞદેવે જેવો આત્મસ્વભાવ પ્રગટ કર્યો ને જેવો દેશનામાં કહ્યો તેવા આત્માની અનુભવ સહિત નિર્વિકલ્પ પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. મોક્ષનું બીજ સમ્યગ્દર્શન છે ને ભવભ્રમણનું બીજ મિથ્યાદર્શન છે. સમ્યગ્દર્શન વગરના જ્ઞાન કે ચારિત્ર મોક્ષના સાધક થતા નથી. જીવે અનંતકાળમાં બીજું બધું મેળવ્યું છે પણ સમ્યગ્દર્શન કદી પ્રાપ્ત કર્યું નથી એટલે ભવભ્રમણ મટતું નથી.

ભગવાન જિનેન્દ્રદેવની પૂજા-ભક્તિ, નિર્ગ્રંથ ગુરુની ઉપાસના, વીતરાગી જૈન શાસ્ત્રોનો સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન આ છ કાર્યો ગૃહસ્થશ્રાવકે દરરોજ કરવા યોગ્ય છે. શ્રાવકને બે કષાયોના અભાવ જેટલી શુદ્ધિ છે ને મુનિને ત્રણ કષાયોના અભાવ જેટલી શુદ્ધિ છે. જેટલી શુદ્ધતા તેટલો ધર્મ છે, ને તેટલો મોક્ષમાર્ગ છે. મુનિભગવંતો તેમ જ સાધર્મી ધર્માત્માને આહારદાન, શાસ્ત્રદાન વગેરેની ભાવના પણ રોજ શ્રાવક કરે. ભરત ચક્રવર્તી જેવાય શ્રાવકપણામાં જમવા ટાણે રોજ ભક્તિથી મુનિવરોને યાદ કરે કે કોઈ મુનિરાજ પધારે તો તેમને આહારદાન દઈને પછી હું જમું. શ્રાવક સમ્યગ્દર્શન પૂર્વક આઠ મૂળગુણોનું પાલન કરે, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત ને ચાર શિક્ષાવ્રત એમ કુલ બાર વ્રત, રાત્રિભોજનત્યાગ, અને શક્તિ અનુસાર મૌનવ્રતનું પાલન કરવું. વડના ટેટા, પીપર, કઠુમર, ઉમરડાં તથા પાકર એ પાંચે ક્ષીરવૃક્ષને ઉદમ્બર કહે છે. તે ત્રસ હિંસાના સ્થાન છે. તેનો ત્યાગ, તથા મધ, માંસને મદિરા એ ત્રણેનો નિયમથી ત્યાગ તે અષ્ટમૂળગુણ છે. ત્રસ જીવોની રક્ષા, સત્ય બોલવું, ચોરીનો ત્યાગ, એકદેશ બ્રહ્મચર્ય અને પરસ્ત્રીનો ત્યાગ, પરિગ્રહની મર્યાદા હોય. આ પ્રમાણે શ્રાવકને પાંચ અણુવ્રત હોય છે. પાંચ અણુવ્રત ઉપરાંત શ્રાવકને ત્રણ ગુણવ્રત પણ હોય છે. પ્રથમ દિગ્વ્રત એટલે દશે દિશામાં અમુક મર્યાદા સુધી જ ગમન કરવાની જીવનપર્યંત પ્રતિજ્ઞા કરવી તે; બીજું દેશવ્રત એટલે દિગ્વ્રતમાં જે મર્યાદા બાંધી છે તેમાં પણ અમુક કાળ સુધી અમુક ક્ષેત્રની બહાર ન જવાનો નિયમ કરવો તે; ત્રીજું અનર્થદંડ પરિત્યાગવ્રત એટલે વગર પ્રયોજને પાપકાર્ય કરવાનો ત્યાગ; તેના પાંચ પ્રકાર-અપધ્યાન, પાપનો ઉપદેશ, પ્રમાદચર્યા જેનાથી હિંસા થાય એવા શસ્ત્ર વગેરેનું દાન, અને દુઃશ્રુતિ - જેનાથી રાગ-દ્વેષની વૃદ્ધિ થાય એવી દુષ્ટ કથાઓનું શ્રવણ, તે ન કરે. આ રીતે શ્રાવકને ત્રણ ગુણવ્રત હોય છે.

ચાર શિક્ષાવ્રત - સામાયિક - પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક દરરોજ પરિણામને અંતરમાં એકાગ્ર કરવાનો અભ્યાસ કરે. પ્રૌષધ ઉપવાસ - આઠમ - ચૌદસના દિવસોમાં શ્રાવક ઉપવાસ કરીને પરિણામને વિશેષ એકાગ્ર કરવાનો પ્રયોગ કરે. બધો આરંભ છોડીને ધર્મધ્યાનમાં જ આખો દિવસ વ્યતીત કરે. દાન-પોતાની શક્તિ અનુસાર યોગ્ય વસ્તુનું દાન કરે. આહારદાન, શાસ્ત્રદાન, ઔષધદાન, અભયદાન-એ પ્રમાણે ચાર પ્રકારના દાન શ્રાવક કરે, મુનિરાજ કે ધર્માત્મા શ્રાવક પ્રત્યે બહુમાનપૂર્વક આહારદાન કરે, શાસ્ત્રો આપે. જ્ઞાનનો પ્રચાર કેમ વધે - એવી ભાવના હોય. ભોગોપભોગ પરિમાણવ્રત : ખાવાપીવાની જે વસ્તુ એકવાર ઉપયોગમાં આવે તેને ભોગસામગ્રી કહેવાય, ને વસ્ત્રાદિ જે સામગ્રી વારંવાર ઉપયોગમાં આવે તેને ઉપભોગ સામગ્રી કહેવાય. તેનું પ્રમાણ કરે, મર્યાદા કરે. આ રીતે બાર વ્રત શ્રાવકને હોય છે. મનુષ્ય અવતાર ને ઉત્તમ જૈનશાસન પામીને હે જીવ ! તેને તું વ્યર્થ ન ગુમાવ. પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કર, અને પછી મુનિદશાના મહાવ્રત ધારણ કર. જો મહાવ્રત ન બની શકે તો શ્રાવકના ધર્મોનું પાલન કર.



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## દીર્ઘદૃષ્ટા રાજા

એક દેશમાં વિચિત્ર નિયમ હતો. ત્યાં કોઈ નિશ્ચિત રાજા ન હતો. નગરમાંથી નાગરિકો જ એક નાગરિકને રાજા બનાવે. ચૂંટાઈને આવેલો તે રાજા પાંચ વર્ષ સુધી આનંદપૂર્વક રાજ્ય કરે. પાંચ વર્ષની મુદત પૂરી થતાં જ તે રાજાને કોઈ અજ્ઞાત ટાપુ પર હાંકી કાઢવામાં આવે. તે ટાપુમાંથી બહાર ક્યાંય નીકળાય નહિ. ચારે બાજુ દરિયાનું પાણી જ પાણી. જંગલી પશુઓથી ભયંકર એકલું જંગલ ને જંગલ ! તેમાં રહેલા વાઘ-વરુઓ તેને ફાડી ખાય. ગઈ કાલનો રાજા આમ રિબાઈ રિબાઈને મરે !

રાજા થનારો આ બધું જાણતો હોય. છેલ્લે જ્યારે જવાનો અવસર આવે ત્યારે રડતો-રડતો જાય. પણ તોય આશ્ચર્યની વાત છે કે નવા રાજાની ચૂંટણીમાં પાછી એટલી જ પડાપડી ! સૌ જાણે છે કે પાંચ વર્ષ પછી ભયંકર ટાપુમાં રહીને સબડી-સબડીને મરી જવાનું છે, છતાં રાજા બનવામાં હુંસાતુંસી ! સત્તાનો મોહ ખરેખર ખૂબ જ ખતરનાક છે. સત્તાની પાછળ પાગલ બનેલા માત્ર 'આજ'ને જ જુએ છે. 'કાલ'ની પરવા તેઓને હોતી નથી. એ દેશમાં એક વખત એવો રાજા આવ્યો કે જે માત્ર 'આજ'ને જ નહિ, 'કાલ'ને પણ જોતો હતો. તે ખૂબ જ દીર્ઘદૃષ્ટા હતો.

પાંચ વર્ષ મોજમજામાં પસાર ન કરતાં તેણે ભવિષ્યનો વિચાર કર્યો. પાંચ વર્ષ પછી જ્યાં જવાનું છે તે જગ્યા પર તેણે ધ્યાન કેન્દ્રિત કર્યું. જંગલથી બિહામણા તે ટાપુને પાંચ વર્ષમાં તો સોહામણો બનાવી દીધો. તેના પર કારીગરો મારફત મોટાં-મોટાં મકાનો બનાવરાવી મોટું નગર વસાવ્યું. કૂવા, વાવ, તળાવ વગેરે પણ તૈયાર કરાવ્યા. પોતાના ખર્ચે કેટલાય નાગરિકોને ત્યાં વસાવ્યા.

પાંચ વર્ષ પછી જવાનો સમય આવ્યો ત્યારે તેના મુખ પર રુદન નહિ, હાસ્ય હતું. આક્રંદ નહિ, આનંદ હતો.

**સાર** : આપણને મળેલું આ માનવજીવન પાંચ વર્ષના રાજ્ય જેવું છે. જે માનવ આ રાજ્ય-શાસન દરમ્યાન ભાવિની તૈયારી કરી લે છે, પરલોકનું ભાથું બાંધી લે છે તે હસતો-હસતો આ જગતમાંથી વિદાય પામે છે. મૃત્યુ પણ તેને ડરાવી શકતું નથી. કારણ કે તે જાણે છે કે મારા ધર્મ-કાર્યોથી મને સદ્‌ગતિ મળવાની જ છે. પછી મારે ડરવું શા માટે ? પરંતુ જેમણે ધર્મ કરી પરલોકનું ભાથું બાંધ્યું નથી તેઓ રીબાઈ-રીબાઈને મરે છે, રોતા-કકળતા ભાવિ દુઃખોને યાદ કરતા વિદાય પામે છે.

## મરણનું સ્મરણ

એક સંતનું જીવન અત્યંત નિષ્પાપ હતું. ગંગાના નીર જેવા નિષ્પાપ અને પવિત્ર જીવનથી પ્રભાવિત થયેલા અનેક લોકો એમની પાસે આવતા અને આશીર્વાદ મેળવતા.

એક દિવસ એક યુવક આવ્યો અને તેણે કહ્યું, "આપ પાપરહિત જીવન શી રીતે જીવી શકો છો ? હું તો કેટલીય મહેનત કરું છું તોય પાપ થઈ જ જાય છે. નિષ્પાપ જીવન જીવાતું નથી."

"સારું થયું, હું આજે જ તને બોલાવવાનો હતો. મારે તને એક ખાસ વાત કરતી'તી. સાંભળ, આજે જ મને તારું સપનું આવ્યું હતું. તેમાં મેં આજથી સાત દિવસ પછી તારું મોત થતું જોયું. તારા સ્વજન પરિવારનો ભયંકર વિલાપ સાંભળ્યો અને મારી ઊંઘ

ઊડી ગઈ.''

''હાય ! હાય ! હું સાત દિવસમાં મરી જવાનો ?''

મૃત્યુની વાત સાંભળતાં જ યુવાનના ધબકારા વધી ગયા. આંખે અંધારાં આવવા લાગ્યાં. હાથ-પગ કાંપવા લાગ્યા. તે ધ્રૂજતા પગે સીધો ભગવાનના મંદિરે પહોંચી ગયો. ભગવાન પાસે પ્રાર્થના કરવા લાગ્યો, ''હે પ્રભો ! હે અશરણશરણ ! મેં મારી જિંદગીમાં ઘણાં પાપો કર્યાં છે. પાપો કરીને હે પ્રભુ ! રાજી પણ થયો છું. હું મારી કથની શી કહું ? પ્રભુ ! મને માફ કર.''

ભગવાનની પ્રાર્થના દ્વારા કંઈક હળવો થયેલો તે યુવાન ઘેર ગયો. ખાવા-પીવામાં ક્યાંય મન લાગતું નથી. સંસારના વૈભવો પણ તેને આકર્ષી શકતા નથી. પાપ કરવાનું તો દૂર રહ્યું પણ હવેતો તેની ઈચ્છા પણ થતી નથી. સંસારની બધી જ ચીજો તેને નકામી લાગવા માંડી. કોઈ એવી ચીજ નથી જે મૃત્યુમાંથી બચાવી શકે. ધન, દુકાન, મકાન, પુત્ર, પત્ની, પરિવાર - આ બધા જ મૃત્યુ પાસે લાચાર છે. કોઈ એવો ડૉક્ટર નથી, જેની કેપ્સૂલથી મોત અટકી જાય. કોઈ એવો વકીલ નથી, જે મૃત્યુને 'સ્ટે-ઑર્ડર' આપી શકે. કોઈ એવું વૈજ્ઞાનિક સંશોધન નથી, જે યમરાજનું આગમન અટકાવી શકે.

તેને સમજાયું કે ધર્મ જ એક માત્ર આધાર છે. પોતાનું દેવું ચૂકતે કરી - સર્વ જીવ સાથે ક્ષમાપના કરી તે પ્રભુ સાથે એકાકાર બની ગયો. તેના હૃદયમાં પવિત્રતાનો સંચાર થયો. અંદરની પવિત્રતા આંખોમાં છલકાવા લાગી. મુખ પર ધર્મનું તેજ આવ્યું.

આવી રીતે પવિત્ર અવસ્થાનમાં છ દિવસ પસાર થયા.

સાતમાં દિવસનો સૂર્ય ઊગ્યો. યુવાને માન્યું, આજ મારો છેલ્લો દિવસ છે. પણ હવે તેને પહેલાં જેટલો ભય ન હતો. સાત દિવસમાં તો તેણે ઠીક-ઠીક પવિત્રતા હાંસલ કરી લીધી હતી. હવે તેનું અંતઃકરણ જાણે કહી રહ્યું હતું, ''ઓ મૃત્યુ ! આવ, આવ. મને તારો જરાય ડર નથી. હું તો હરપળે તારું સ્વાગત કરવા સજ્જ બનીને ઊભો છું.''

આમ તે પ્રસન્ન અને પવિત્ર ચિત્તે બેઠો હતો ત્યારે પેલા સંત તેના ઘેર આવ્યા. સંતને જોતાં જ તે તેમનાં ચરણોમાં ઢળી પડ્યો. સંતે પૂછ્યું, ''કેમ, સાત દિવસમાં કેટલાં પાપો થયાં ?''

''ગુરુદેવ ! પાપ હવે કેવાં ? મોત સામે દેખાતું હોય ત્યારે પાપ કરવાનું મન થાય શી રીતે ? સાત દિવસમાં તો મારું જીવન અત્યંત પવિત્ર બની ગયું છે.''

''હવે તને સમજાયું ને કે અમે લોકો શી રીતે પવિત્ર જીવન જીવીએ છીએ ? અમે મૃત્યુ સદા આંખ સામે જ જોતા રહીએ છીએ. આથી પવિત્ર જીવન જીવી શકીએ છીએ.''

''આ મહાસત્ય તને સમજાવવા જ મેં સ્વપ્નની વાત ઊપજાવી કાઢી હતી, પણ હવે તું સદા એ જ રીતે જીવજે. સાત દિવસ પછી મૃત્યુ આવશે - એમ માનીશ નહિ. એ તો કાલે પણ આવી જાય. કદાચ આજે-અરે, અત્યારે પણ આવી જાય. મૃત્યુના એક કલાક પહેલાં જેવું જીવન જીવાય તેવું જીવન તું સદા જીવજે. જેટલું મરણનું સ્મરણ નજીક તેટલું પાપનું કરણ(કરવું) દૂર. અને જેટલું મરણનું સ્મરણ દૂર તેટલું પાપનું કરણ નજીક. આ મહાસત્યને કદી વીસરીશ નહિ. તું જો મૃત્યુને આંખ સામે રાખીને જીવીશ તો તારું જીવન ચોક્કસ પવિત્ર બની જશે. તું ધન્ય-ધન્ય બની જઈશ.''

સંતના ઉપદેશથી યુવકનું જીવન કાયમ માટે બદલાઈ ગયું.

**સાર :** જે મૃત્યુને સદા આંખ સામે જુએ છે તેનાથી પાપ થઈ શકતું નથી. પવિત્ર જીવન જીવવા મરણનું સ્મરણ કરો.

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં પૂજ્ય ઉપાધ્યાય ૧૦૮ શ્રી અનુભવસાગરજી મહારાજનું શુભ આગમન

આપણી સંસ્થામાં તા. ૨૮-૩-૨૦૧૭ થી તા. ૩૦-૩-૨૦૧૭ દરમિયાન પૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ વિદ્યાસાગરજી મહારાજ તથા પૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ અભિનંદનસાગરજી મહારાજના સુશિષ્ય પૂજ્ય ઉપાધ્યાય ૧૦૮ અનુભવસાગરજી મહારાજ સસંઘ પધાર્યા હતા. તેઓશ્રીના આગમનથી મુમુક્ષુઓમાં આનંદ છવાઈ ગયો હતો. પૂજ્ય મહારાજશ્રીએ શ્રી સમયસાર, શ્રી ઈષ્ટોપદેશ આદિ ગ્રંથોના આધારે સરળ ભાષામાં બોધ આપ્યો હતો. આ ઉપરાંત સંસ્થાના કર્મચારીઓ તથા ગુરુકુળના બાળકોને પણ અલગથી શુભાશીર્વચનો પાઠવ્યા હતા. સંસ્થાના મુમુક્ષુઓએ ભાવપૂર્વક આહારદાનનો લાભ લીધો હતો અને રાત્રે વૈયાવચ્ચનો પણ લાભ લીધો હતો. આપણી સંસ્થાના મુમુક્ષુઓ ઉપરાંત બહારથી પધારેલા ભાવિક ભક્તોએ પણ પૂજ્ય મુનિશ્રીના સત્સંગ - સેવાનો લાભ લીધો હતો.

## થાઈરોઇડ નિદાન કેમ્પ

આપણી સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે Abbot કંપનીના સહયોગથી તા. ૯-૭-૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૧૨થી ૩ કલાક દરમિયાન રાહત દરે થાઈરોઈડ રોગ નિદાન કેમ્પનું આયોજન કરેલ છે.

આ સમય દરમિયાન રૂ. ૫૦/-ના રાહત દરે TSH ટેસ્ટ કરી બે દિવસમાં રીપોર્ટ સંસ્થામાં પહોંચાડી આપવામાં આવશે. જે સેમ્પલમાં TSH નો રીપોર્ટ ઓછો કે વધારે આવે તે સેમ્પલમાંથી જ T3 અને T4ના રીપોર્ટ કોઈપણ અન્ય ચાર્જ વિના કરી આપી, બે દિવસમાં સંસ્થામાં રીપોર્ટ પહોંચાડી દેવાશે.

સામાન્યતઃ પ્રાઈવેટ લેબોરેટરીમાં આ ટેસ્ટનો ચાર્જ રૂ. ૬૦૦/- થી ૮૦૦/-ની નજીક થાય છે. આ કેમ્પ માટે આર્થિક સહયોગ શ્રીમતી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર, રાજકોટ તરફથી સાંપડ્યો છે, તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. ઉપરોક્ત કેમ્પનો લાભ લેવા સૌને વિનંતી છે.

## સંસ્થામાં ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિનની ઉજવણી સાનંદ સંપન્ન

ચૈત્ર સુદ તેરસ એટલે ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિન. તા. ૯-૪-૨૦૧૭ના રોજ સંસ્થામાં આ શુભ દિનની ઉજવણી ભક્તિસભર ઉલ્લાસમય વાતાવરણમાં કરવામાં આવી.

સવારે શ્રી જિનાભિષેક, શ્રી મહાવીર ભગવાનની પૂજા, શ્રી શાંતિપાઠ તથા આરતી કરવામાં આવ્યા. બા.બ્ર. આદ. સુરેશજીએ સ્વાધ્યાય અંતર્ગત અનેકાંત દૃષ્ટિ, નય, પ્રમાણ, અહિંસાધર્મ વગેરે વિષયો પર રસપ્રદ છણાવટ કરી. ત્યારબાદ ભગવાન મહાવીરના ભક્તિપદો લેવામાં આવ્યા. પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વાધ્યાય આપતાં જણાવ્યું કે આપણે પ્રભુ મહાવીરના જ્ઞાનનો થાહ મેળવી શકીએ નહિ. પ્રભુનું જ્ઞાન અનંત છે. ભગવાન મહાવીરના મુખ્ય ત્રણ સિદ્ધાંત - અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ છે. ભગવાન સર્વજ્ઞ છે અને તેઓનો ઉપદેશ વિસ્તૃત અને ગહન છે. સર્વજ્ઞ થયા વિના સર્વજ્ઞપણું કેવું હોય તે

યથાર્થ કહી શકાય નહીં. સત્દેવના લક્ષણો-વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશક છે. ગણતરીબાજ વ્યક્તિ ભગવાને કહેલા ધર્મનું યથાર્થ પાલન ન કરી શકે.

બપોરે 'ચંદનબાળા' વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. રાત્રે ભક્તિપદો દ્વારા સૌએ પ્રભુ મહાવીર પ્રત્યે પોતાના ભાવોદ્ગારો વ્યક્ત કર્યા હતા.

## પરમકૃપાળુદેવના સમાધિમરણદિન નિમિત્તે સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

ચૈત્ર વદ પાંચમ એટલે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીનો સમાધિમરણ દિન. આ દિવસ નિમિત્તે આપણી સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન થયા.

સવારે જિનાભિષેક - જિનપૂજા બાદ શ્રી પ્રવીણભાઈ મહેતાનો સ્વાધ્યાય યોજાયો હતો. 'શ્રીમદ્ રાજચંદ્રજીનું જન્મચરિત્ર' વિષય અંતર્ગત જન્મ, બાળપણ, દેવબા, રામબાઈએ કૃપાળુદેવના રૂડા ભાવિ અંગે કરેલી આગાહી, રામદાસ સ્વામી સાથેનો સંબંધ વગેરે બાબતે સમજૂતી આપતા શ્રી પ્રવીણભાઈએ જણાવ્યું કે પરમકૃપાળુદેવના વચનામૃતથી લાખો લોકો લાભાન્વિત થયા છે. પરમાર્થ પ્રત્યે દૃષ્ટિ ગઈ છે અને જીવનસુધારણા થઈ છે. સ્વાધ્યાય બાદ 'પરમકૃપાળુદેવના વ્યક્તિત્વ અને કૃતિત્વ' વિષયક પૂજ્યશ્રીની વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. ત્યારબાદ પરમકૃપાળુદેવની આરતી કરવામાં આવી હતી.

બપોરે શ્રી રાજમંદિરમાં ત્રણ મંત્રોનો જાપ કરવામાં આવ્યો હતો. પરમકૃપાળુદેવના જીવનચરિત્રના પ્રેરક પ્રસંગોનું વાંચન કરવામાં આવ્યું હતું. રાત્રે ભક્તિપદો દ્વારા પરમકૃપાળુદેવ પ્રત્યે હૃદયની ભક્તિના ભાવો પ્રસ્તુત કરવામાં આવ્યા.

## પૂજ્યશ્રી રાકેશભાઈનું સંસ્થામાં શુભ આગમન

શ્રી ધરમપુર આશ્રમના અધિષ્ઠાતા પૂજ્યશ્રી રાકેશભાઈ સાથે આપણી સંસ્થાના ધર્મવાત્સલ્યપૂર્ણ સ્નેહસભર સંબંધો જળવાઈ રહ્યાં છે. તા. ૧૩-૪-૨૦૧૭ના દિવસે પૂજ્યશ્રી રાકેશભાઈનું આપણી સંસ્થામાં શુભાગમન થતાં આનંદ-ઉલ્લાસ છવાઈ ગયો. સંસ્થા દ્વારા પૂજ્યશ્રી રાકેશભાઈનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. તેઓશ્રીના પુનિત પગલા સંસ્થામાં પડતાં વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યાં. શ્રી જિનમંદિર, શ્રી રાજમંદિરમાં દર્શન બાદ પૂજ્યશ્રી રાકેશભાઈ તથા પૂજ્યશ્રી આત્માનંદજીની ધર્મવાત્સલ્યપૂર્ણ ધર્મચર્ચા થઈ. બંને સંતોના શુભ મિલનથી વાતાવરણમાં પવિત્રતાનો ઓર વધારો થયો.

પૂજ્યશ્રી રાકેશભાઈએ અનેક દૃષ્ટાંતો સહ, તત્ત્વજ્ઞાનસભર, સરળ છતાં સચોટ ભાષામાં 'સામાયિક' વિષયના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ધર્મ એ સંવેદન-અનુભૂતિ-વિશુદ્ધ પરિણમનનો વિષય છે. સત્પુરુષોના સાન્નિધ્યમાં આવા ધર્મનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરવું. વિચારની ભૂમિકા પરથી વેદનની ભૂમિકા સુધી પહોંચવાનું છે. સાધનામાં સંવેદનનો લક્ષ ચૂકાઈ જાય છે. સ્વચ્છંદ અને મતિકલ્પનાથી કરેલો શાસ્ત્રાભ્યાસ કાર્યકારી થતો નથી. શાસ્ત્રનો શબ્દાર્થ નહીં, લક્ષ્યાર્થ પકડો. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' - મોક્ષની કેટલી સુંદર અને સંક્ષિપ્ત વ્યાખ્યા ! સાધનામાં જેટલો ભીતર જશે તેટલો ઉપર જશે. મોક્ષમાર્ગ અંતર્મુખતાનો માર્ગ છે. શ્રવણ → બોધ → સંકલ્પ → શ્રમ(પુરુષાર્થ) → સિદ્ધિ. સામાયિક દ્વારા અંતર્મુખતાનો અભ્યાસ કરવાનો છે, પણ આ ક્રિયાને જડ બનાવી દીધી છે ! ઉપયોગનું પાછું ફરવું એટલે પ્રતિક્રમણ અને સ્વમાં ઉપયોગ સ્થિર રહે તેનું નામ સામાયિક. સામાયિક એટલે વર્તમાન ક્ષણ પ્રત્યે જાગૃત રહેવું, આત્માની

સમીપ રહેવું. સામાયિક દરમિયાન શું પુરુષાર્થ કરવાનો છે ? (૧) ભૂત-ભવિષ્યમાં વિખરાયેલી ચેતનાને વર્તમાનમાં લાવો. ચેતનાની શાંત સ્થિતિ એટલે સામાયિક. (૨) અક્રિય જ્ઞાન સ્વભાવમાં સ્થિર રહેવા પ્રયત્ન કરવો. જ્ઞાયકભાવે માત્ર જાણવું, કાંઈ ન કરવું. (૩) અકર્તા જ્ઞાનસ્વભાવી આત્મામાં સરકવા પ્રયત્ન કરવો. (૪) સ્વીકારભાવથી શરૂ કરી સાક્ષીભાવ સુધી પહોંચવાનું છે.

**ત્રણ પ્રકારની સામાયિક –** (૧) નામ સામાયિક : માત્ર મન- વચન - કાયાની ક્રિયા, (૨) વ્યવહાર સામાયિક : અંતર્મુખતાનો લક્ષ, (૩) પરમાર્થ સામાયિક : અંતર્મુખ થવું.

પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે પૂજ્યશ્રી રાકેશભાઈએ સંસ્થામાં પધારીને સ્વાધ્યાયનો લાભ આપ્યો તે આપણી સંસ્થા પ્રત્યેનો તેઓનો પ્રેમભાવ સૂચવે છે. વર્તમાનમાં આપણે શું કરીએ છીએ અને ખરેખર આપણું શું લક્ષ્ય હોવું જોઈએ તેની લાક્ષણિક શૈલીમાં તેઓશ્રીએ સમજ આપી. તે લક્ષ અનુસાર કાર્ય કરીશું તો જરૂર આપણને ફાયદો થશે.

## સંસ્થામાં શ્રી શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના સંપન્ન

तपसा निर्जरा च । - તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. कर्मक्षयार्थम् तप्यतः इति तपः । કર્મક્ષયાર્થે તપવું તેને તપ કહે છે. શ્રી જિનેન્દ્ર ભગવાને કહેલાં બાર પ્રકારના તપ પૈકી શક્તિ અનુસાર અવશ્ય તપ કરવાં જોઈએ. આપણી સંસ્થામાં નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ શાશ્વતી ચૈત્રી ઓળી (આયંબિલ તપ)ની આરાધના શાતાપૂર્વક સંપન્ન કરેલ છે :

(૧) શ્રી મહેન્દ્રભાઈ ખંધાર, (૨) શ્રી રમેશભાઈ ખંધાર, (૩) શ્રી સુધાબેન લાખાણી, (૪) શ્રી વસંતબેન સંઘવી, (૫) બા.બ્ર. શ્રી છાયાબેન શેઠ, (૬) કુ. રીનાબેન એ. શાહ, (૭) શ્રી રમણભાઈ શાહ, (૮) શ્રી રીટાબેન મહેતા, (૯) શ્રી રેખાબેન પરમાર્થી, (૧૦) શ્રી કિરણબેન કોઠારી.

આ ઉપરાંત નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ છૂટી આયંબિલ કરી હતી : (૧) પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી, (૨) શ્રી કિશોરભાઈ શેઠ, (૩) શ્રી હસમુખભાઈ છેડા.

પૂજ્યશ્રીના પાવન હસ્તે તપસ્વી ભાઈ-બહેનોના પારણા થયા હતા. સર્વે તપસ્વી ભાઈ-બહેનોના તપની અભિનંદન સહ ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

## સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો દ્વારા જરૂરતમંદો માટે છાશવિતરણ

આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા મેડિકલ સેવાઓ, રક્તદાન શિબિર, ગુરુકુળ સંચાલન દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કારસિંચન, કપડાં વિતરણ આદિ સમાજોપયોગી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. પૂજ્યશ્રી આત્માનંદજીની આજ્ઞા અને શુભાશીર્વાદથી છેલ્લા ઘણા વર્ષોથી સંસ્થા દ્વારા જુદાં જુદાં સ્થળોએ નિઃશુલ્ક છાશકેન્દ્રો ચલાવવામાં આવે છે; જેથી જરૂરતમંદ લોકો માટે છાશનું વિતરણ થઈ શકે.

પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્ય બહેનશ્રીના પાવન સાન્નિધ્યમાં તા. ૧૫-૦૪-૨૦૧૭ના રોજ છાશકેન્દ્રોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. નવા કોબા, જૂના કોબા, બોરિયા તલાવડી, વાઘોડિયા તલાવડી, નભોઈ વગેરે કેન્દ્રો પરથી જરૂરતમંદોને છાશવિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કસ્તૂરબા વિદ્યાલય તથા સંસ્થાના કર્મચારીઓ અને જરૂરતમંદોને છાશવિતરણ કરવામાં આવે છે. એક દિવસનો છાશકેન્દ્રો ચલાવવાનો અંદાજિત ખર્ચ રૂ. ૪૫૦૦/- આવે છે. છાશકેન્દ્રો દ્વારા કુલ ૫૦૦

જેટલા પરિવારો (૨૫૦૦ વ્યક્તિઓ)ને વ્યક્તિદીઠ ૨૫૦ ગ્રામ છાશનું વિતરણ કરવામાં આવે છે. આ સેવાકાર્યના યજ્ઞમાં શ્રી રામજીભાઈ ચૌધરી, શ્રી જોઈતારામભાઈ પરમાર, શ્રી મહેન્દ્રસિંહ જેતાવત, શ્રી સંતોષભાઈ રાણા, શ્રી કરસનકાકા, શ્રી કાંતિભાઈ ઠાકોર વગેરે સેવાભાવી મહાનુભાવો નિઃસ્વાર્થભાવે સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત સંસ્થાના રસોડાના કર્મચારીઓ પણ આ સેવાકાર્ય માટે સહયોગ આપી રહ્યા છે. સર્વ સેવાભાવી મહાનુભાવોના સેવાકાર્યની અનુમોદના કરીને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

આ સેવાકાર્યના યજ્ઞ માટે આર્થિક યોગદાન આપીને પુણ્યાર્જન કરવા સર્વે દાનવીર મહાનુભાવોને વિનંતી કરીએ છીએ. આ સત્કાર્ય માટે આર્થિક યોગદાન આપનારા સર્વે દાતાઓને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **ભોજનાલય :**
  - (૧) આદ.શ્રી ચંદ્રિકાબેન વીરચંદભાઈ પંચાલી, બોટાદ (કાયમી તિથિ) — રૂા. ૧,૫૦,૦૦૦/-
  - (૨) શ્રી સરોજબેન પ્રવીણચંદ્ર અજમેરા, વીલેપાર્લે મુંબઈ હસ્તે : - શ્રી મનહરભાઈ જશવાણી — રૂ. ૨૫,૦૦૦/-
- **ગુરુકુળ :**
  - (૧) શ્રી પ્રવીણભાઈ વી. મહેતા, USA (બાળકોને ચોપડાની પ્રભાવના) — રૂા. ૧૪,૭૮૪/-
- **છાશકેન્દ્ર :**
  - (૧) શ્રી પ્રદીપ બી. શાહ., La-Mirada, LA (USA) — રૂા. ૯૦,૦૦૦/-
  - (૨) ડૉ. ભાર્ગવભાઈ એન. પટેલ, ભાટ, ગાંધીનગર — રૂા. ૩૧,૫૦૦/-
  - (૩) શ્રી ભારતીબેન અરવિંદભાઈ કારાણી, મુંબઈ — રૂા. ૨૫,૦૦૦/-
  - (૪) શ્રી હંસાબેન એમ. મચ્છર પરિવાર, બોપલ, અમદાવાદ — રૂા. ૧૮,૦૦૦/- હસ્તે : શ્રી દક્ષેશભાઈ એમ. મચ્છર
  - (૫) મેસર્સ લાપસિયા એન્ડ એસોસીએટ્સ, મુલુંડ, મુંબઈ — રૂા. ૧૫,૦૦૦/- હસ્તે : શ્રી પ્રદીપભાઈ લાપસિયા
  - (૬) શ્રી નવીનભાઈ બી. શાહ, મુંબઈ — રૂા. ૧૧,૦૦૦/-
  - (૭) શ્રી પારુલબેન શરદભાઈ જસવાણી, મુંબઈ — રૂા. ૧૧,૦૦૦/-
  - (૮) શ્રી સરલાબેન બકુલભાઈ પારેખ, ચેન્નાઈ — રૂા. ૧૦,૦૦૦/-
- **પ્રકીર્ણ :**
  - (૧) એક મુમુક્ષુ તરફથી, મુંબઈ, હસ્તે શ્રી સંજયભાઈ એસ. શાહ, અમદાવાદ રૂા.૧૩,૫૦૦/- (પૂજ્ય રાકેશભાઈની ત્રિદિવસીય શિબિર માટે બસની વ્યવસ્થા)

## સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓનો પ્રવાસ સંપન્ન

આધ્યાત્મિક સાધના સાથે સમાજોપયોગી કાર્ય કરવાની સંસ્થાની નીતિ રહી છે. સમાજના મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને સુસંસ્કાર સાથે શિક્ષણ મળી રહે તે હેતુથી પૂજ્યશ્રીના શુભાશીર્વાદ સહ 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ'ની સ્થાપના કરવામાં આવી છે. ગુરુકુળમાં વિદ્યાર્થીઓની ઓછી ફી (રાહત દરે) લઈને પ્રવેશ આપવામાં આવે છે. કાબેલ, કુશળ અને બાળપ્રેમી ગૃહપતિ શ્રી નરેશભાઈની દેખરેખ હેઠળ વિદ્યાર્થીઓ પ્રગતિ કરી રહ્યા છે.

વિદ્યાર્થીઓનું ભાવજગત વિકસિત થાય, દેશપ્રેમ તથા સંસ્કૃતિપ્રેમ વર્ધમાન થાય તે અર્થે પ્રવાસ-યાત્રા જરૂરી છે. પ્રવાસ દ્વારા આપણા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળો, પુરાતન કિલ્લા, સ્મારકો વગેરે બાબતે માહિતી મળે છે. આ અભિગમને ધ્યાનમાં રાખીને ગુરુકુળ દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રવાસનું આયોજન થતું રહે છે. આ વર્ષે સંસ્થા તરફથી વિદ્યાર્થીઓ માટે તા. ૨૬-૩-૨૦૧૭ થી તા. ૨૮-૩-૨૦૧૭ દરમિયાન રાજસ્થાન પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત આબુ, ઉદેપુર, ચિત્તોડગઢ, હલ્દીઘાટી, શ્રીનાથજી વગેરે સ્થળોનો સમાવેશ થતો હતો. પ્રવાસ દરમિયાન બાળકોએ દેલવાડાના દેરા, ગુરુશિખર, ઉદેપુરમાં મહારાણા પ્રતાપ સ્મારક, પ્રદર્શન, મહેલ વગેરેના દર્શન કરી તે સ્થળોનો ઇતિહાસ જાણ્યો. વીર રાજપૂતોના ગૌરવની ગાથા જાણી. પ્રવાસ દ્વારા બાળકોએ જાણકારી, પ્રેરણા અને આનંદ મેળવ્યાં.

પ્રવાસ માટે બા. બ્ર. સુરેશજી, બા. બ્ર. અલકાબેન, શ્રી કપિલજી, શ્રી મનહરભાઈ જશવાણી તથા શ્રી ઉષાબેન શેઠ તરફથી સુંદર સહયોગ સાંપડ્યો તે બદલ તે સર્વેને સાભાર ધન્યવાદ.

## વૈરાગ્ય સમાચાર

**[૧] અંજડ (મ.પ્ર.) :** આપણી સંસ્થા સાથે સને ૧૯૮૯થી જોડાયેલા અને ૨૫ વર્ષ સુધી સંસ્થામાં રહીને સેવા - સાધના કરનાર **મુમુક્ષુ આદ. મંગળાબેન પ્રમોદભાઈ શેઠ (આદ. મંગળાબા)** એ ૮૨ વર્ષની વયે તા. ૧૯-૪-૨૦૧૭ના રોજ સંથારા સહિત નશ્વર દેહનો ત્યાગ કર્યો છે. તેઓની ઇચ્છા મુજબ તેમના દેહનું દાન કરવામાં આવ્યું હતું.



મંગળાબાનો જન્મ ચૈત્ર સુદ તેરસના દિવસે (શ્રી મહાવીર જન્મ કલ્યાણકદિન) થયો હતો. તેઓ ૧૯૮૯માં મધ્યપ્રદેશના અંજડ ગામથી થોડા મિત્રો સાથે પાલિતાણાની યાત્રાએ આવ્યા હતા. ત્યાં યોગાનુયોગ કોઈએ સાધના માટે કોબા વિશે જણાવ્યું. તેનાથી પ્રેરાઈ તેઓશ્રી કોબા સાધના માટે આવી પહોંચ્યા અને સંસ્થામાં સાધના સાથે સેવામાં જોડાઈ ગયા. તેઓએ સાધકોના ભોજનાલયમાં તથા સ્વાગતકક્ષમાં ઘણા વખત સુધી સેવાઓ આપી. થોડા સમય પછી તેઓની સાધના તથા સેવાનું ક્ષેત્ર વધ્યું. તેઓ પૂજ્યશ્રી આત્માનંદજીની આજ્ઞાનુસાર સદ્વાંચન કરતા અને સાથે સાથે લેખન પણ કરતા. તેઓ નિયમિત મંત્રજાપ લખતા હતા.

તેઓ અવારનવાર ગૃહસ્થાશ્રમની જવાબદારી નિભાવવા અંજડ જતા. તેમના નાના દીકરા શ્રી

કમલેશભાઈના લગ્નની જવાબદારી પૂરી થતાં, પૂજ્યશ્રીની આજ્ઞાથી કાયમ માટે કોબા આવી ગયા. તેઓએ પૂજ્યશ્રીના બપોરના ભોજનની સેવાઓ ઘણા વર્ષો સુધી પ્રેમપૂર્વક નિઃસ્વાર્થભાવે કરી હતી.

સરળતા, સહનશીલતા, નિઃસ્વાર્થતા, સેવાતત્પરતા, નિખાલસતા જેવા અનેક સદ્‌ગુણોથી તેઓએ પોતાની જીવનરૂપી લત્તાને નવપલ્લવિત રાખી હતી. સહજ આનંદી સ્વભાવ એ તેઓના વ્યક્તિત્વની ધ્યાનાકર્ષક વિશેષતા હતી. કથાનુયોગ વાંચનના તેઓ વિશેષ પ્રેમી હતા. તેઓના જીવનમાં વૈરાગ્ય ઝલકતો હતો. તેઓએ બ્રહ્મચર્ય અણુવ્રત લીધું હતું. તેઓએ આભૂષણોનો આજીવન ત્યાગ કર્યો હતો. પ્રસંગોપાત તેઓ બાહ્યતપની આરાધના પણ સારી કરતા હતા. તેઓને સત્‌દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અંતરનો અહોભાવ હતો. કુટુંબ - પરિવાર પ્રત્યે તેઓને આસક્તિ ન હતી.

તેઓશ્રી જ્યારે અંજડ જતા ત્યારે ઘરમાં પણ સૌ સાથે ધર્મમાર્ગની વાતો કરતા અને સૌને ધર્મમાર્ગે ચાલવાની પ્રેરણા આપતા. તેઓ પોતાના સંતાનો-શ્રી મનોજભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી પ્રતિભાબેન તથા શ્રી હર્ષાબેનને ધર્મનો વારસો સોંપતા ગયા છે. તેઓના પરિવારના સૌ સભ્યો સંસ્કારી તથા ધર્મપ્રેમી છે. સેવાનિષ્ઠ શ્રી કમલેશભાઈ ઘણા વર્ષોથી સપરિવાર સાધના તથા પૂજ્યશ્રીની સેવા અર્થે અવારનવાર કોબા આવતા રહે છે. મંગળાબાની ઇચ્છા કોબામાં રહીને દેહ છોડવાની હતી પણ તેઓનું સ્વાસ્થ્ય બરાબર ન રહેવાના કારણે તેઓને છેલ્લા થોડા વર્ષ પરિવાર સાથે રહેવું પડ્યું હતું.

મંગળાબાના દેહાવસાનથી તેમના પરિવારને જેટલી ખોટ પડી છે તેટલી સંસ્થામાં ઉત્તમ મુમુક્ષુની ખોટ પડી છે. સદ્‌ગતનો આત્મા આગામી ભવોમાં વિશેષ ધર્મની આરાધના કરી શીઘ્ર પરમપદને પ્રાપ્ત કરે તેવી સમગ્ર કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે. તેઓના પરિવારજનો પણ ધર્મની આરાધના દ્વારા મનુષ્યભવને સફળ કરે તેવી શુભભાવના.




**[૨] મુંબઈ :** ધર્મપરાયણ, ગુરુપ્રેમી તેમજ વાત્સલ્યમૂર્તિ એવા મુમુક્ષુ બહેન**શ્રી શાંતાબેન પ્રવીણચંદ્ર સંઘવી**એ ૮૯ વર્ષની ઉંમરે તા. ૨૫-૪-૨૦૧૭ના રોજ શાંતિપૂર્વક દેહત્યાગ કર્યો છે.

આપણી સંસ્થાના ચેરમેન શ્રી નીતિનભાઈ પારેખ તથા સેવા-સાધના-સમિતિના અધ્યક્ષ શ્રી અશોકભાઈ શાહના તેઓ સાસુમા હતા અને મુમુક્ષુ બહેનશ્રી વિદુબેન શાહ તથા દીનાબેન પારેખના માતુશ્રી હતા. પૂજ્યશ્રી આત્માનંદજીને તેમણે ઘણા વર્ષોથી ગુરુપદે સ્વીકાર્યા હતા. તેમના પતિ સ્વ. શ્રી પ્રવીણચંદ્ર સંઘવી સાથે તેઓ અવારનવાર આપણી સંસ્થામાં આવીને ઘણા દિવસો ઉલ્લાસપૂર્વક રહીને ભાવથી સત્સંગ, ભક્તિ અને નિત્યક્રમનો નિયમિતપણે લાભ લેતા. સદા હસમુખ ચહેરો, આનંદી અને મળતાવડા સ્વભાવથી તેઓ સૌ મુમુક્ષુઓના પ્રિયપાત્ર થઈ ગયા હતા. ''હું જીવું ત્યાં સુધીમાં જ મારા હાથે દાન કરી ધનનો મોહ ઘટાડવો છે'' - એવાં ઉદાત્ત ભાવોને લઈને તેઓ અવારનવાર આપણી સંસ્થાને સારું એવું દાન આપતા. તે ઉપરાંત પોતાની હયાતીમાં જ તેમના સુપુત્રોને લખાણ કરાવી દીધું છે કે તેમની સંપત્તિમાંથી આપણી સંસ્થાને કાયમી તિથિ, ગુરુકુળ, પૂજ્યશ્રી જન્મદિન પાંતી, છાશકેન્દ્ર તથા ત્યાગીભવન

વિભાગમાં કુલ મળીને રૂા. ૫,૦૧,૦૦૦/-નું દાન કરશો. સંસ્થા આ માટે તેમની હૃદયપૂર્વક અનુમોદના કરે છે. કેન્દ્રમાં વધુ સાધના કરવાની ઇચ્છાથી તેમણે નવી 'રાજકુટિર'માં રૂમ પણ લીધેલ છે.

છેલ્લા થોડા મહિનાથી તબિયત ઘણી અસ્વસ્થ હતી, છતાં નિરંતર પ્રભુસ્મરણ, સવાર-સાંજનું પ્રતિક્રમણ, કેન્દ્રની 'દૈનિક ભક્તિક્રમ'નું રોજ પારાયણ આદિ અનેક રીતે આત્મજાગૃતિ ચૂકતા નહીં અને માંદગીને શાંતભાવથી ભોગવતા. પૂજ્યશ્રીને અનેક વાર ફોન દ્વારા વંદન કરી આશીર્વાદ લેતા. માંદગી દરમિયાન તેમના સુપુત્રો શ્રી અશ્વિનભાઈ તથા પ્રકાશભાઈ સંઘવી તેમજ પૂત્રવધૂઓ શ્રી પ્રીતિબેન તથા રીટાબેને તેમની ખૂબ પ્રેમપૂર્વક સેવા કરી, નિરંતર ધર્મ સંભળાવી તેમની સદ્‌ગતિ થાય એવું સુંદર આયોજન કરેલ. સ્વર્ગસ્થ આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને તેમની મોક્ષમાર્ગની યાત્રા શીઘ્રતાએ પૂર્ણ થાય એવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને અંતઃકરણપૂર્વકની પ્રાર્થના છે.



**[૩] અમદાવાદ :** આપણી સંસ્થામાં પ્રસંગોપાત્ પધારીને સત્સંગ - ભક્તિનો લાભ લેતાં **શ્રી અરૂણભાઈ એ. ભાવસાર**નું તા. ૨૦-૩-૨૦૧૭ના રોજ રાત્રે ૯.૨૦ કલાકે ૮૧ વર્ષની વયે દેહાવસાન થયું છે.

તેઓશ્રીએ સંસ્થાના પ્રકાશન 'દૈનિક ભક્તિક્રમ'ની પ્રથમ આવૃત્તિમાં સહયોગી સંપાદક તરીકે સેવાઓ આપી હતી. આ ઉપરાંત આધ્યાત્મિક મુખપત્ર 'દિવ્યધ્વનિ'માં પણ સહયોગી સંપાદક તરીકે સેવાઓ આપી હતી. પૂજ્યશ્રી આત્માનંદજી તેઓના નિવાસસ્થાને સત્સંગ-ભક્તિ અર્થે પધાર્યા હતા. તેઓ અત્યંત સરળ, નિખાલસ, વિનમ્ર અને સંતોષી સ્વભાવના હતા. તેઓ ધર્મમાં અડગ શ્રદ્ધા ધરાવતા હતા અને શ્રાવકના વ્રતોનું યથાશક્તિ પાલન કરતા હતા. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને ખૂબ શ્રદ્ધા અને પ્રેમભાવ હતા. સંસ્થા આયોજિત શ્રી સમેતશિખરજીની યાત્રામાં તેઓ સામેલ થયા હતા. તેઓએ પોતાની જીવનરૂપી લતાને ધર્મરૂપી જળના સિંચન દ્વારા નવપલ્લવિત રાખી હતી. બીમારી દરમિયાન તેઓ પૂજ્યશ્રીનો ફોટો પોતાની સામે દેખાય તે રીતે રાખતા. તેઓએ શાંતિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કર્યો છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને તેઓની મોક્ષયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૪] મુંબઈ :** આપણી સંસ્થામાં રાજકુટિરમાં રહેતા આદ. મુમુક્ષુભાઈશ્રી ચંદ્રકાંતભાઈ મનસુખલાલ ગોસલિયા તથા સમસ્ત ગોસલિયા પરિવારના સૌથી મોટા બહેન **શ્રીમતી રંજનબેન પ્રબોધચંદ્ર શાહ**નું તા. ૮-૪-૨૦૧૭ને શનિવારે - મુંબઈ વડાલા ખાતે ૮૨ વર્ષની વયે દેહાવસાન થયું છે.

તેઓશ્રીનો શાંત-ધર્મપ્રેમી સ્વભાવ, સમતા, ભક્તિભાવ, કુટુંબપ્રેમ તથા અતિથિપ્રેમ અને વાત્સલ્યભાવ અદ્‌ભુત અને સરાહનીય હતા. તેઓ તીર્થયાત્રાના ઊછરંગી હતા અને પરમકૃપાળુદેવ પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. જ્યારે જ્યારે અમદાવાદ આવે ત્યારે કોબા આશ્રમની મુલાકાત અને દર્શન માટે આવતા. છેલ્લે જ્યારે 'રાજકુટિર'માં શ્રી ચંદ્રકાંતભાઈને ત્યાં આવેલ ત્યારે તબિયત ઠીક થતાં જ તેઓએ કોબા આશ્રમમાં શેષ જીવન વિતાવવાની ભાવના ભાવેલ. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને આગામી ભવોમાં વિશેષ ધર્મ આરાધના કરીને પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો દ્વારા જરૂરતમંદોને છાશવિતરણ વેળાએ (તા. ૧૫-૪-૨૦૧૭)

















**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**

## સંસ્થા આયોજિત પ્રવાસ દરમિયાન ચિત્તોડગઢ કિલ્લા પર પ્રસન્ન મુદ્રામાં ગુરુકુળના વિદ્યાર્થીઓ (તા. ૨૮-૩-૨૦૧૭)




### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' મે - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**શ્રીમતી હંસાબેન એમ. મચ્છર પરિવાર** (બોપલ, અમદાવાદ)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' મે - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**શ્રીમતી તરલાબેન તથા દિનેશભાઈ બાવીસી પરિવાર** (રાજકોટ)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah